દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 90 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર સુદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 April 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૧૬ એપ્રિલ ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦
તરોતાજા પૂર્તિ
LIKE & FOLLOW: /Mumbaisamachar4u



# ભાજપનું સંકલ્પ પત્ર જનતા માટે ગેરંટી કાર્ડ સાબિત થશેઃ મુખ્ય પ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:દેશના નાગરિકોની આશા અને આકાંક્ષાને પ્રતિબિંબ કરતો સંકલ્પ પત્ર રજૂ કરવામાં આવ્યા છે. જનતાની સેવા કરવાની ગેરંટીનું સંકલ્પ લઇને ભાજપ આવ્યું છે એવું ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્રભાઇ પટેલે જણાવ્યું હતું.

ભાજપે લોકસભાની ચૂંટણી માટે જાહેર કરેલા સંકલ્પ પત્ર અંગે મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે, દેશની જનતાએ વડા પ્રધાન નરેન્દ્રભાઇ મોદી પ્રત્યે દ્રઢ વિશ્વાસ રજૂ કર્યો છે અને આ વખતે પણ જનતા જનાર્દનના આશીર્વાદથી મોદીના નેતૃત્વમાં ૪૦૦ થી વધુ બેઠકો જીતાડશે તેવો વિશ્વાસ છે. વડા પ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગુજરાત અને દેશમા સુશાસનનો પાયો મજબૂત કર્યો છે તેના કારણે ગુજરાતમાં તમામ ૨૬ બેઠક પર જનતાના આશીર્વાદથી ભવ્ય જીત મળશે.

પટેલે વધુમાં જણાવ્યું હતું કે, સંકલ્પ પત્ર વિકસિત ભારત ૨૦૪૭ને સાકાર કરવાનો રોડ મેપ છે.મોદી સાહેબના નેતૃત્વમા ભારતની અર્થવ્યવસ્થા પાંચમા નંબરે પહોંચી છે. દેશની જનતાને મફત અનાજ યોજના જાહેર કરી છે તે આગામી સમય સુધી ચાલુ રાખવાની જાહેરાત કરી છે. ભાજપ એક એવી પાર્ટી છે કે જેની પાસે રાષ્ટ્રના વિકાસનો સંકલ્પ છે. રાષ્ટ્ર પ્રથમના સિદ્ધાંતથી ચાલતી પાર્ટી કોઇ હોય તો તે ભાજપ છે.

ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે જણાવ્યું હતું કે, સંકલ્પ પત્રમા ૨૪ જેટલા મહત્ત્વના મુદ્દાનો સમાવેશ કરવામાં આવ્યો છે. કૉંગ્રેસના સમયમાં આતંકવાદથી ગ્રસ્ત દેશ આજે સુરક્ષિત દેશ બન્યો છે તેની ગેરંટી મોદી સાહેબે આપી છે. પહેલા સમાચારમાં હેડલાઇન બનતી કે આતંકવાદીઓએ નિર્દોશ વ્યક્તિઓના જીવ લીધા પરંતુ મોદી સાહેબના નેતૃત્વમા આતંકવાદની ઘટનાથી દેશને સુરક્ષિત રાખ્યો છે. ■

### વડોદરા લોકસભા બેઠક

# નરેન્દ્ર મોદી અહીંથી આઠ લાખથી વધુ મતથી વિજયી થયા હતા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરા લોકસભામાં ભાજપના ઉમેદવારને પગલે ખૂબ ચર્ચામાં રહી છે. છેલ્લા બે ટર્મથી રંજનબેન ભટ્ટ વડોદરા બેઠક પરથી ચૂંટાતાં હતાં. આ વખતે ભાજપ અને કૉંગ્રેસ બંને મુખ્ય રાજકીય પક્ષોએ યુવાન ઉમેદવારોને ચૂટણી મેદાનમાં ઉતાર્યા છે. જેમાં ભાજપે બ્રાહ્મણ ઉમેદવાર ડો. હેમાંગ જોશી ઉપર પસંદગી ઉતારી છે જ્યારે કૉંગ્રેસે ક્ષત્રિય ઉમેદવાર તરીકે પાદરાનાં પૂર્વ ધારાસભ્ય જયદિપસિંહ પઢિયારને મેદાનમાં ઉતારી હાલમાં ચાલતાં ક્ષત્રિય વિવાદને ધ્યાનમાં રાખીને ઉમેદવારની પસંદગી કરી હોવાનું ચર્ચાઈ રહ્યું છે. વડોદરા લોકસભા બેઠક પર વર્ષ ૨૦૧૪માં વડા પ્રધાન નરેન્દ્ર મોદી આઠ લાખ કરતાં વધુ મતોથી વિજેતા બન્યા હતા. આ ઉપરાંત રામાયણ સિરીયલની સીતાનો રોલ ભજવનાર દીપિકા ચિખલીયા પણ વડોદરાથી ચૂંટણી લડ્યાં હતાં. જ્યારે ગાયકવાડ પરિવારના ફતેસિંહ ગાયકવાડ ચાર વાર વડોદરા બેઠક પરથી વિજેતા બન્યા હતા. વડોદરા લોકસભા બેઠકના પ્રથમ ચૂંટણીમાં અપક્ષ ઉમેદવાર ઇન્દુલાલ અમીનની જીત થઇ હતી. વડોદરા લોકસભા બેઠક પર કૉંગ્રેસ સાત વાર અને ભાજપ આઠ વાર વિજેતા બની ચુકી છે.

વડોદરા લોકસભા બેઠક હેઠળ આવતી સાત વિધાનસભા સીટમાં સાવલી, વાઘોડિયા, વડોદરા શહેર, સયાજીગંજ, અકોટા, રાવપુરા, માંજલપુરનો સમાવેશ થાય છે. ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપને વાઘોડિયા સિવાયની તમામ સીટ ઉપર એક લાખથી વધારે મત મળ્યાં હતાં. માત્ર વાઘોડિયાની એક જ સીટ અપક્ષે હાંસલ કરી હતી. જેમાં ધર્મેન્દ્રસિંહ વાઘેલા ૭૭ હજાર મતે અપક્ષ તરીકે ચૂંટાઈ આવી ધારાસભ્ય બન્યા હતા. ધર્મેન્દ્રસિંહ વાઘેલા વાઘોડિયા વિસ્તારના યુવા નેતા છે. પહેલાં તેઓ ભાજપમાં જ હતા, પણ ૨૦૨૨ની ચૂંટણીમાં ભાજપે ટિકિટ ન આપતાં તેઓએ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી ને જીતી ગયા હતા. હવે ચૂંટણીના માહોલ વચ્ચે ધર્મેન્દ્રસિંહ વાઘેલા ફરી ભાજપમાં જોડાતાં વાઘોડિયા બેઠક ઉપર પેટા ચૂંટણી થઈ રહી છે.

ભાજપે ધર્મેન્દ્રસિહ વાઘેલાને જ ટિકિટ આપી છે. વડોદરા લોકસભામા કુલ ૧૯.૪૨ લાખ મતદારોમાંથી ૩.૪૯ લાખ મતદારો મહારાષ્ટ્રીયન મતદારો છે. ૨.૭૨ લાખ પાટીદારો અને ૨.૩૩ લાખ વૈષ્ણવો છે જે ચૂંટણીમાં નિર્ણાયક બની રહેતાં હોય છે. તેમ છતાં સીટ ભાજપનો ગઢ બની રહી છે. પાર્ટી કોઈ પણ વર્ગનાં ઉમેદવારને ટિકિટ આપે તો પણ હારી જાય એવી સંભાવના ઓછી છે. ત્રણ ટર્મથી ભાજપ બ્રાહ્મણ ઉમેદવારને ટિકિટ આપે છે. છેલ્લા બે ટર્મથી રંજનબેન ભટ્ટ વડોદરા બેઠક પરથી ચૂંટાતાં હતાં. પણ આ વખતે ડો. હેમાંગ જોષીને ટિકિટ આપી છે. લોકસભાની છેલ્લી ત્રણ ચૂંટણીમા ૨૦૦૯ માં ૪૯ ટકા મતદાન થયું હતું, ૨૦૧૪ માં ૭૧ ટકા અને ૨૦૧૯માં ઘટીને ૬૮ ટકા મતદાન થયું હતું. ૨૦૧૪ માં નરેન્દ્ર મોદી વડા પ્રધાનપદનો ચહેરો જાહેર થઈ ચૂક્યા હતા એટલે તેની અસરના કારણે ૨૦૧૪ માં મતદાનની ટકાવારી વધી ગઈ હતી, પણ ૨૦૧૯ માં મતદાન ત્રણ ટકા ઘટ્યું હતું. ■

# અમિત શાહ ૧૯મી એપ્રિલે વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભરશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહ બે દિવસના ગુજરાતના પ્રવાસે આવવાના છે. ૧૮મી એપ્રિલ અને ૧૯ એપ્રિલે પ્રચાર કરવાના છે. ૧૮મીએ અમિત શાહનો મેગા રોડ શો યોજાશે. ૧૯મીએ વિજય મુહૂર્તમાં અમિત શાહ ફોર્મ ભરશે.

ગુજરાતમાં ત્રીજા તબક્કામાં સાતમી મેના રોજ મતદાન થવાનું છે. જેની ફોર્મ ભરવાની પ્રક્રિયા ચાલુ છે. કેન્દ્રીય ગૃહપ્રધાન અમિત શાહએ ગાંધીનગર લોકસભા બેઠક પરથી ઉમેદવારી નોંધાવી છે. ૧૮મીએ અમિત શાહનો મેગા રોડ શો યોજી ૧૯મીએ ગાંધીનગરમાં ઉમેદવારી નોંધાવશે અને વિજય મુહૂર્તમાં ફોર્મ ભરશે. અમિત શાહના ફોર્મ ભરતી વખતએ સીએમ ભૂપેન્દ્ર પટેલ, ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ, ક્લસ્ટર પ્રભારી કે.સી. પટેલ અને લોકસભા પ્રભારી અને રાજ્યસભાના સાંસદ મયંક નાયક પણ તેમની સાથે ઉપસ્થિત રહેશે. અમિત શાહ બે દિવસ અમદાવાદ અને ગાંધીનગર લોકસભા વિસ્તારમાં રહેશે. ગુજરાતમાં આ વખતે ભાજપ ૨૬ બેઠક જીતીને દેશમાં ૪૦૦થી વધુ બેઠકો પર જીતવાનું લક્ષ લઇને ચાલી રહી છે, પરંતુ ગુજરાતમાં આ વર્ષે પ્રથમ વખત ભાજપ પડકારનો સામનો કરી રહી છે. આંતરિક જૂથવાદને કારણે અનેક બેઠકો પર ઉમેદવારો બદલવા પડ્યા અને વિરોધ થઇ રહ્યો છે. બીજી તરફ ક્ષત્રિયો આંદોલન રૂપાલાને લઇ આક્રમક બન્યો છે. ત્યારે આ વખતે ગુજરાતની ચૂંટણી રસપ્રદ બની રહેશે. ■

# રૂપાલા વિવાદનો સુખદ નિવેડો આવે તેવા અમારા પ્રયાસો છેઃ પાટીલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટ બેઠક પર ચૂંટણી લડી રહેલા કેન્દ્રીય પ્રધાન અને ભાજપના ઉમેદવાર પરષોત્તમ રૂપાલા સામે રવિવારે ક્ષત્રિય સમાજ દ્વારા રાજકોટમાં યોજાયેલા મહા સંમલેનમાં અગ્રણીઓએ રૂપાલાને હટાવવા માટે ૧૯મી એપ્રિલ સુધીની મહેતલ આપ્યા બાદ સોમવારે ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી આર પાટીલે જણાવ્યું હતું કે, આ વિવાદનો નિવેડો લાવવા માટે અમારા પ્રયાસો ચાલુ છે. સુખદ ઉકેલ આવશે એવું અમે માનીયે છીએ.

રૂપાલા અને ક્ષત્રિય સમાજના વિરોધ અંગે પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટીલે જણાવ્યું હતું કે, ક્ષત્રિય સમાજના આગેવાનો, ભાજપના આગેવાનો, મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, ગૃહ પ્રધાન હર્ષ સંઘવી અને હું પોતે તેમના સંપર્કમાં છીએ અને તેમની સાથે વાત ચાલી રહી છે. તેનો સુખદ નિવેડો આવે તેના માટે અમે પ્રયત્નો કરી રહ્યાં છીએ અને આ બાબતે અમે ગંભીર છીએ. અત્રે ઉલ્લેખનિય છે કે, રૂપાલા સામેના ક્ષત્રિય સમાજના વિરોધનો વંટોળ સમગ્ર ગુજરાતમાં ફેલાયો છે. ક્ષત્રિય સમાજ દ્વારા રૂપાલાની ટિકિટ કાપવામાં આવે તેવી માગ કરાઈ રહી છે. જોકે ભાજપ દ્વારા આ અંગે હજી કોઇ નિર્ણય લેવામાં ન આવતા રાજકોટના રતનપર ખાતે ક્ષત્રિય સમાજનું મહાસંમેલન મળ્યું હતું. જેમાં રૂપાલાની ટિકિટ રદ કરવાની વાત કરવામાં આવી હતી અને ૧૯ એપ્રિલ સુધીનુ અલ્ટિમેટમ આપવામાં આવ્યું હતું. જો ટિકિટ રદ નહીં થાય તો ભાજપનો બહિષ્કાર કરવાની અને દેશભરમાં આંદોલન ચલાવવાની ચિમકી ઉચ્ચારવામાં આવી હતી. ■

# નારાજગી રૂપાલા સામે છે મારી સામે નહીં: વાઘોડિયા બેઠકના ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્રસિંહ વાઘેલા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ હું પોતે એક ક્ષત્રિય છું અને મારો આખો સમાજ આજે મારી સાથે ઊભો છે. વાઘોડિયામાં ક્ષત્રિય આંદોલનની કોઈ અસર નહીં થાય. લોકોની નારાજગી રૂપાલા સામે છે મારી સામે નહીં.

કૉંગ્રેસ ઉમેદવાર અને મધુ શ્રીવાસ્તવ બંનેને વાઘોડિયાની જનતા જવાબ આપશે. એક લાખની લીડથી જીતીને દેખાડીશ એવું ક્ષત્રિય આંદોલન અંગે વાઘોડિયા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્ર વાઘેલાએ જણાવ્યું હતું.

ગુજરાત વિધાનસભાની પાંચ બેઠકો માટેની પેટાચૂંટણી પૈકી વાઘોડિયા વિધાનસભા બેઠકના ભાજપના ઉમેદવાર ધર્મેન્દ્ર વાઘેલા દ્વારા સોમવારે વાઘોડિયા મામલતદાર કચેરી ખાતે ઉમેદવારી નોંધાવી હતી.

ગૃહ રાજયપ્રધાન હર્ષ સંઘવી, લોકસભાના પ્રભારી ભરતસિંહ પરમાર, પ્રભારી રાજેશ પાઠક, જિલ્લા પ્રમુખ સતીશ પટેલ, સાંસદ રંજનબેન ભટ્ટ અને જિલ્લાના તમામ ધારાસભ્યોની હાજર રહ્યાં હતાં.

અત્રે ઉલ્લેખનિય છે કે, ગુજરાત વિધાનસભાની પાંચ બેઠકો માટેની પેટાચૂંટણી અને ગુજરાતમાં આવેલી તમામ ૨૬ લોકસભાની બેઠકોની સામાન્ય ચૂંટણી માટે ઉમેદવારી પત્રો ભરવાની છેલ્લી તારીખ ૧૯મી એપ્રિલ છે અને ૨૦મી એપ્રિલે ઉમેદવારી પત્રની ચકાસણી કરવામાં આવશે. જયારે ૨૨મી એપ્રિલ ઉમેદવારી પરત ખેંચવાની છેલ્લી તારીખ છે. ■

# પાટીદાર આંદોલન સમયે તોડફોડ મામલો

## પાટણના ધારાસભ્ય સામે ક્રિમિનલ કેસ ચાલશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાટણમાં પાટીદાર આંદોલન સમયે વર્ષ ૨૦૧૫ના ઓગસ્ટમાં એક સ્કૂલમાં થયેલી તોડફોડના કેસમાં પોલીસ દ્વારા કોર્ટ સમક્ષ ૨૦૧૮માં બી સમરી ભરવામાં આવી હતી. જે નામંજૂર કરી પાટણ કોર્ટ દ્વારા પાટણ કૉંગ્રેસના ધારાસભ્ય સહિત સામેની ફરિયાદ અંગે પ્રોસેસ ઈસ્યુ કરવાનો આદેશ કરી આ કેસને ક્રિમિનલ કેસ તરીકે રજિસ્ટર કરવાનો આદેશ આપ્યો હતો.

પાટણ શહેરમાં પાટીદાર આંદોલન સમયે સ્કૂલ ઉપર ટોળાએ હુમલો કરીને તોડફોડ આચરીને આગચંપી કરવાનો પ્રયાસ કરીને સ્કૂલનાં ટ્રસ્ટીને ધમકી આપવા સહિત શાળા સંકુલમાં કથિત લૂંટફાટ કરવાની ઘટના અંગે સંસ્થાના ટ્રસ્ટીએ હાઈ કોર્ટમાં પીટીશન દાખલ કરી હતી. જેથી હાઈ કોર્ટના ઓર્ડરથી ૧૬મી સપ્ટેમ્બર ૨૦૧૫ના રોજ પાટણ બી ડિવિઝન પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવાઈ હતી. ફરિયાદના અનુસંધાને સીઆઈડી ક્રાઈમ બ્રાંચે તપાસ કરીને આ ટોળાના માણસો બાબતે તપાસ દરમિયાન કોઈ ફળદાયક હકીકત મળેલી ના હોવાથી અને નજીકના ભવિષ્યમાં ટોળાના માણસો બાબતે કોઈ હકીકત મળી આવવાની સંભાવના ન હોવાથી તપાસના અંતે તારીખ ૨૭મી સપ્ટેમ્બર ૨૦૧૭ના રોજ સમરીને પોલીસે કોર્ટમાં મોકલી આપી હતી. પાટણ કોર્ટ દ્વારા કરવામાં આવેલા હુકમમાં જણાવવામાં આવ્યું હતુ કે, આ કેસના આરોપીઓ સામે જે પોલીસ દ્વારા સમરી ભરવામાં આવી છે તેમાં પોલીસ દ્વારા કોઈ સાહેદ કે ફરિયાદીએ આરોપીઓ વિરુદ્ધ પુરાવા રજૂ કર્યા નથી અને વિસંગતતા જણાઈ આવે છે તેમ જણાવીને બી સમરી ભરી છે, પરંતુ તે હકીકત સાથે કોર્ટ સંમત થતી નથી. તપાસ કરનાર અધિકારી જાતે તપાસ કરીને પુરાવા એકઠા કરી શકે છે. આ કેસમાં આરોપી પાટણના ધારાસભ્ય કિરીટ પટેલ, શૈલેષ પટેલ, દિલીપ પટેલની સામે સમરી નામંજૂર કરવામાં આવે છે. ■

# ગુજરાતમાં ભાજપના છ અને કૉંગ્રેસના ચાર ઉમેદવારોએ ફોર્મ ભર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદ:ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકોની ચૂંટણી માટે આજે સોમવારે ભાજપના છ અને કૉંગ્રેસના ચાર ઉમેદવારોએ રોડ શો અને રેલી યોજ્યા બાદ ઉમેદવારી પત્રો ભર્યા હતાં.

ભાજપ દ્વારા જાહેર કરાયેલા કાર્યક્રમ અનુસાર આજે સોમવારે અમદાવાદ પૂર્વ બેઠકના ઉમેદવાર હસમુખ પટેલ રોડ શો યોજી ફોર્મ ભર્યું હતું. જ્યારે સુરેન્દ્રનગર બેઠક પર ચંદુ શિહોરા, પોરબંદર બેઠક પર ડો.મનસુખ માંડવિયા, પંચમહાલ બેઠક પર રાજપાલસિંહ જાદવ, વલસાડ બેઠક પર ધવલ પટેલ અને ભરુચ મનસુખ વસાવા ઉમેદવારી નોંધાવી હતી.

ભાજપના છ ઉપરાંત કૉંગ્રેસના ચાર ઉમેદવારોએ પણ ફોર્મ ભર્યાં હતાં જેમાં બનાસકાંઠા બેઠક પરથી ગેનીબેન ઠાકોર, સુરેન્દ્રનગર બેઠક પરથી ઋત્વિક મકવાણા તેમજ જામનગર બેઠક પરથી જે.પી.મારવિયા અને બારડોલી બેઠક પરથી સિદ્ધાર્થ ચૌધરીએ સોમવારે ઉમેદવારી નોંધાવી હતી. તેમજ કૉંગ્રેસના ઉમેદવારો તેમના વિસ્તારમાં શક્તિપ્રદર્શન કરી ઉમેદવારી નોંધાવી હતી. ઉમેદવારી ફોર્મ ભરતી વખતે કૉંગ્રેસના સિનિયર નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

બનાસકાંઠાના કૉંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોર દેશી અંદાજમાં ટ્રેક્ટરમાં સવારી કરીને સોમવારે ફોર્મ ભર્યું હતું. તેમની સાથે ટ્રેક્ટર અને અન્ય વાહનોમાં મોટી સંખ્યામાં કૉંગ્રેસના કાર્યકર્તા જોવા મળ્યા હતા. ઉમેદવારી નોંધાવતા પહેલા ગેનીબેને ભવ્ય રેલી યોજી હતી.

ભારતીય જનતા પાર્ટીએ લોકસભા અને પેટા ચૂંટણી હેઠળની વિધાનસભા બેઠકો પર સત્તાવાર ઉમેદવારો સામેના વાંધા, વિરોધો, નારાજગીને હાલ પૂરતી કોરાણે મૂકી સોમવારથી અલગ અલગ બેઠકો પર સભાઓ, રોડ શોના માધ્યમથી વિશાળ શક્તિ પ્રદર્શનનો ચાર દિવસનો કાર્યક્રમ જાહેર કર્યો છે. આ શક્તિપ્રદર્શનની સાથે જુદા જુદા ઉમેદવારો બુધવારને બાદ કરતાં સોમવારથી શુક્રવાર વચ્ચેના ચાર દિવસમાં ઉમેદવારીપત્રો ભરનાર છે. તમામ ઉમેદવારો બપોરે ૧૨.૩૯ વાગે ફોર્મ ભરશે.

ગુજરાતમાં લોકસભાની ૨૬ બેઠકો અને પાંચ વિધાનસભાની બેઠકો માટે તા.૭મી મેના રોજ ત્રીજા તબક્કામાં મતદાન થવાનુ છે. તા.૧૮મીએ નવસારીના ઉમેદવાર અને પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ સભા યોજી ફોર્મ ભરશે. જામનગરના ઉમેદવાર પૂનમ માડમ તા.૧૮મીએ રોડ શો યોજી તા.૧૯મીએ ફોર્મ ભરવાના છે. રામનવમીની જાહેર રજાને બાદ કરતાં સોમવારથી શુક્રવારના ચાર દિવસમાં મુખ્ય પ્રધાન ગાંધીનગર ઉપરાંત આણંદ, નવસારી ખાતે ફોર્મ ભરતી વખતે ઉમેદવાર સાથે ઉપસ્થિત રહેશે. ■

# સુરેન્દ્રનગરના પૂર્વ સાંસદ સોમાભાઇ પટેલની ભાજપમાં ઘરવાપસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાત લોકસભા ચૂંટણીમાં રાજકીય પક્ષોએ પોતાના ઉમેદવારોન જાહેર કરી દીધા છે. ફોર્મ ભરવાની પ્રક્રિયા વચ્ચે પણ ભાજપમાં ભરતી મેળાની જેમ એક બાદ એક નેતા જોડાઈ રહ્યાં છે. સોમવારે ૧૫મી એપ્રિલે ભાજપના પૂર્વ પ્રવક્તા કિશનસિંહ સોલંકીએ ભાપજમાં પુનઃ પ્રવેશ કર્યો હતો. તેમજ પૂર્વ સાંસદ સોમા ગાંડા પટેલ ફરી એકવાર ભાજપમાં જોડાયા હતા. ગાંધીનગર ખાતે બન્ને નેતાએ પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પાટીલના હસ્તે કેસરીયો ધારણ કર્યો હતો.

લોકસભાની ચૂંટણીઓને મહિનાથી પણ ઓછો સમય બાકી રહ્યો છે. રાજ્યમાં તમામ રાજકીય પક્ષો પ્રચારમાં લાગી ગયા છે. ત્યારે ગાંધીનગર ખાતે પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી. આર. પાટીલ હસ્તે ભાજપનો ખેસ પહેરી બે જૂના જોગીઓ ફરી પક્ષમાં જોડાયા છે. ભાજપના જ પૂર્વ પ્રવક્તા કિશનસિંહ સોલંકી દોઢથી બે વર્ષ પહેલાં આમ આદમી પાર્ટીના પંજાબના મુખ્યપ્રધાન ભગવંત માન સાથે ફોટો પડાવતા વિવાદ થયો હતો. જેમાં કિશનસિંહને ભાજપમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હતા. જે ફરી ભાજપમાં જોડાયા છે. જ્યારે ભાજપના જ જૂના જોગી પૂર્વ સાંસદ સોમા ગાંડા પટેલ પણ ભાજપમાં જોડાયા છે. જેઓ પહેલાં કૉંગ્રેસ છોડીને ભાજપમાં જોડાયા હતા. જે બાદ ફરી ભાજપ છોડીને કૉંગ્રેસમાં જોડાયા હતા. હવે ફરીથી ભાજપમાં જોડાયા છે. સુરેન્દ્રનગરના પૂર્વ સાંસદ અને લિંબડીના પૂર્વ ધારાસભ્ય તથા કોળી સમાજના નેતા સોમાભાઈ ગાંડાલાલ પટેલે ચાર દિવસ પહેલા કૉંગ્રેસને અલવિદા કરાવાની જાહેરાત કરી હતી પરંતુ કૉંગ્રેસે એવી સ્પષ્ટતા કરી હતી કે સોમાભાઇને વર્ષો પહેલા જ કૉંગ્રેસમાંથી સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા તેઓ કૉંગ્રેસના સંગઠનમાં હોદ્દેદાર નહોતા છતાં કૉંગ્રેસમાંથી રાજીનામાનું નાટક ભાજપના ઇશારે કરવામાં આવ્યું હતું. ■

# ભાજપનો ૨૬ બેઠકો જીતવાનો ઘમંડ તૂટશેઃ મેવાણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ભાજપને ૨૬ બેઠકો પર પાંચ લાખથી વધુ મતોથી જીતવાનો અને અને દેશમાં ૪૦૦ બેઠકો જીતવાનો ઘમંડ છે તે તૂટશે અને શરૂઆત પણ બનાસકાંઠાથી થશે એવું કોંગ્રેસના દલિત નેતા અને ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું.

બનાસકાંઠા લોકસભા બેઠકના કૉંગ્રેસના ઉમેદવાર ગેનીબેન ઠાકોરે ઉમેદવારી ફોર્મ ભર્યું હતું. ઉમેદવારી ફોર્મ ભરતા પહેલા જન આશીર્વાદ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભાને સંબોધતા વડગામના ધારાસભ્ય જીજ્ઞેશ મેવાણીએ પરષોત્તમ રૂપાલા પર પ્રહાર કરતા જણાવ્યુ હતું કે ઘમંડના કારણે તેમની જીભ લપસી રહી છે. આ ક્ષત્રિય સમાજની બહેનો-દીકરીઓનું નહીં પણ સમગ્ર ભારતભૂમિની બહેનો-દીકરીઓનું અપમાન છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ૨૬ બેઠકોનો જે ઘમંડ છે અને ૪૦૦ બેઠકોનો જે ઘમંડ છે એ તોડવાની શરૂઆત ગુજરાતમાં અને દેશમાં જો કોઇએ કરી હોય તો તે ગેનીબેન ઠાકોરે કરી છે. આ ઘમંડના કારણે જ પરષોત્તમ રૂપાલાની જીભ લપસી રહી છે. અને જે બહેન દીકરીઓનું અપમાન કર્યું છે તે એક ક્ષત્રિય સમાજની નહીં એ સમગ્ર ભારતભૂમિની, સમગ્ર ગુજરાતની બહેન દીકરીઓ અને માતાઓનું અપમાન કર્યું છે. એટલા માટે એક દલિત, પટેલ, રબારી કે આદિવાસી તરીકે નહીં પણ એક ભારતવાસી તરીકે એ નિવેદનનો વિરોધ કરીએ છીએ. ■

# ક્ષત્રિય સમાજ ૧૯ મીએ દેશભરમાં આંદોલન કરશેઃ રાજપૂતોનું અલ્ટિમેટમ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ લોકસભાની ચૂંટણીમાં ગુજરાતની રાજકોટ બેઠક એપી સેન્ટર બની ગઈ છે. ક્ષત્રિય સમાજના વિરોધ વચ્ચે ભાજપના ઉમેદવાર પરષોતમ રૂપાલા સામે હવે કૉંગ્રેસના પરેશ ધાનાણી ચૂંટણી લડશે. બીજી બાજુ ક્ષત્રિયોના વિશાળ મહાસંમેલનને પગલે કૉંગ્રેસને ઘેર બેઠાં ગંગાસ્નાન જેવા લાભ મળી રહ્યો હોવાનું ચર્ચાઇ રહ્યું છે. રાજકોટના મહા સંમેલન બાદ મોડી રાત્રે ક્ષત્રિય સમાજે રૂપાલાને રાજકોટ બેઠક પરથી ૧૯મી એપ્રિલ સુધી હટાવવામાં નહીં આવે તો દેશભરમાં આંદોલન કરવામાં આવશે અને તેની શરૂઆત અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડમાં રાજ્યસ્તરનું ક્ષત્રિય મહાસંમલેન યોજીને થશે.

ક્ષત્રિયોએ રાજકોટના રતનપરમાં મહાદરબાર ભરીને અલ્ટીમેટમ આપી દીધું છે કે, તા.૧૯મી એપ્રિલ સુધી જો રુપાલા ફોર્મ નહિ ખેંચે તો દેશભરમાં આંદોલન કરાશે. ત્યારે ક્ષત્રિયોની આ ચમકી પાટીદાર આંદોલનની યાદ અપાવે છે. પાટીદાર આંદોલન બાદ જે રીતે ગુજરાત ભડકે બળ્યુ હતું તે જ રીતે હવે જો રૂપાલાની ટિકિટ પરત ન લેવાય તો ગુજરાત ફરી એકવાર મોટા આંદોલનનું સાક્ષી બની શકે છે.

ક્ષત્રિય સંકલન સમિતિના કરણસિંહ ચાવડાએ કહ્યું હતુ કે, રૂપાલાની ટિકિટ પરત નહિ લેવાય તો અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આંદોલન કરાશે. જેમાં સમગ્ર દેશભરમાંથી ક્ષત્રિયો એકત્રિત થશે. પુરુષોત્તમ રૂપાલાની ઉમેદવારી રદ થાય તે જ ક્ષત્રિય સમાજની માગ છે. રાજકોટના રતનપરમાં પરષોતમ રૂપાલાના વિરોધમાં ક્ષત્રિયોનું અસ્મિતા મહાસંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં ગુજરાતના તમામ જિલ્લાઓ ઉપરાંત રાજસ્થાન અને મહારાષ્ટ્રમાંથી પણ ક્ષત્રિય સમાજના લોકો હાજર રહ્યાં હતા. આ સંમેલનમાં રૂપાલાની ટિકિટ રદ નહીં થાય તો આંદોલનને વધુ આક્રમક બનાવવા અંગેની રણનીતિ બનાવાઈ હતી. સંમેલનને લઈને પોલીસનો ચુસ્ત સુરક્ષા બંદોબસ્ત ગોઠવાયો હતો. ક્ષત્રિયો સત્તા પલટવા માટે હંમેશાં આગળ આવ્યા હોવાનો પણ હુંકાર ભર્યો છે.

રાજકોટ લોકસભાના ઉમેદવાર પુરુષોત્તમ રૂપાલાએ ક્ષત્રિય સમાજની મહિલાઓ વિશે કરેલી ટિપ્પણી બાદ તેમની ટિકિટ રદ કરવાના મુદ્દે રવિવારે રતનપરમાં ક્ષત્રિય અસ્મિતા મહાસંમેલન મળ્યું હતું, તેમાં ગુજરાતભરમાંથી અંદાજે ૪ લાખ જેટલા ક્ષત્રિયો ઊમટી પડ્યા હતા. મેદાન ટૂંકું પડ્યું હતું. ત્રણ લાખ લોકો જ પ્રવેશી શક્યા હતા. જ્યારે એક લાખથી વધુ લોકો ટ્રાફિકજામમાં ફસાઈ ગયા હતા. જે ક્ષત્રિયો સંમેલન સ્થળે પહોંચી ન શક્યા તેમની આયોજકોએ માફી પણ માગી હતી. ગુજરાતની ૯૨ સંસ્થાઓની કોર કમિટીએ સંમેલનનું આયોજન કર્યું હતું. ગુજરાતભરમાંથી કેટલાક રાજવીઓ ઉપરાંત ભાયાતો અને ગામધણી પણ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત તમામ સંસ્થાઓના આગેવાનોએ પણ સભા ગજવી હતી અને સૌનો એક જ મત રહ્યો હતો કે, જો પુરુષોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવામાં નહીં આવે તો હવે તા.૧૯મી એપ્રિલ પછી પાર્ટ-૨ શરૂ કરવામાં આવશે. જેમાં માત્ર રૂપાલા જ નહીં પરંતુ ગુજરાતની તમામ ૨૬ બેઠક પર ભાજપના ઉમેદવારનો વિરોધ કરવામાં આવશે અને તેમના વિરુદ્ધ મતદાન પણ કરવામાં આવશે. અમદાવાદનું જીએમડીસી ગુજરાતના મહા આંદોલનનું સાક્ષી બની રહ્યું છે. પાટીદાર અનામત આંદોલન એ ગુજરાતમાંથી શરૂ થયેલું અનામતની માગણી માટેનું આંદોલન હતું. જુલાઇ ૨૦૧૫ શરુ કરી પાટીદાર સમુદાયના લોકો દ્વારા અન્ય પછાત વર્ગના દરજ્જા માટે ગુજરાતભરમાં સાર્વજનિક પ્રદર્શનો યોજવામાં આવ્યા હતાં. પાટીદાર અનામત આંદોલન સમિતિના નેજા હેઠળ હાર્દિક પટેલ અને અન્ય આગેવાનોની આગેવાનીમાં આ આંદોલન ચાલ્યું હતું. ■

# દ. ગુ.વીજ કંપનીના કર્મચારીઓને ભાજપના પ્રચારમાં જોતારિયાંઃ કૉંગ્રેસની ફરિયાદ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કેટલાક કર્મચારીઓ ચાલુ ફરજે ભાજપનો પ્રચાર કરતા હોવાની ફરીયાદ કૉંગ્રેસના નેતા કલ્પેશ બારોટે ચૂંટણી અધિકારીને કરી હતી. ત્યારબાદ ભરવામાં આવેલા બદલીના પગલાં પછી પણ કર્મચારીઓ પ્રચારમાં જોતરાતા આ પગલાંથી નારાજ કૉંગ્રેસના કલ્પેશ બારોટે ફરીથી ચૂંટણી અધિકારીને રજૂઆત કરી છે.

કૉંગ્રેસના બારોટે ફરિયાદમાં કહ્યુ હતું કે, આ બાબતમાં તમામ હકીકતો અને પુરાવા સામે હોવા છતાં દક્ષિણ ગુજરાત વીજ કંપનીના કેટલાંક અધિકારીઓ અને કર્મચારીઓ વિરૂદ્ધ આદર્શ ચૂંટણી આચારસંહિતના ભંગ બદલ ઠોસ પગલાં નથી ભરાઈ રહ્યાં. માત્ર આંગળીના વેઢે ગણી શકાય તેટલા કર્મચારી અધિકારીની બદલી કરાઈ છે. હજી મોટાભાગના અધિકારીઓ અને કર્મચારીઓની બદલી કરવામાં આવી નથી કે અન્ય કોઈ શિક્ષાત્મક પગલાં ભરવામાં આવ્યા. આવું શા માટે ?

તેમણે આક્ષેપ કર્યો હતો કે, કેટલાક કેટલાંક અધિકારીઓ અને કર્મચારીઓ રાજકીય તેમજ નાણાકીય રીતે ખૂબ જ પ્રભાવશાળી હોવાથી નાણાકીય ઓફરો કરી પોતે આચારસંહિતા ભંગની કાર્યમાંથી છટકી રહ્યાં હોવાની આશંકા ઊપજી રહી છે.

ગુજરાત વિદ્યુત બોર્ડના સર્વિસ રેગ્યુલેશન ૨૩૪ મુજબ ચૂંટણી પ્રક્રિયામાં સીધી કે આડકતરી રીતે ભાગ લેવા બદલ શિક્ષાત્મક પગલાંની જોગવાઈ છે જ. તેમ છતાં સામાન્ય હેડક્વાર્ટર બદલવાથી કોઈ ફર્ક પડતો નથી. મારી સામે દાખલો છે કે નિરવ દેસાઈ વહીવટી અધિકારીની ફરજનું હેડક્વાર્ટર સુરતથી ભરૂચ બદલ્યું પરંતુ ત્યાં ફકત સહી કરીને ફરીથી પોતાના માણસોને લઈ રાજકીય પક્ષના ચૂંટણી પ્રચારમાં નીકળી જાય છે.

તેમની બદલી કરી છે પરંતુ પગાર તો મેળવશે જ. નોકરી કર્યા વગર પગાર લેવાનો અને ચૂંટણી પ્રચાર પણ કરવાનો?? આ બધી બાબતો ચૂંટણી વિભાગના ધ્યાને લાવવામાં આવી હોવા છતાં પણ કોઈ ગંભીર વલણ અખત્યાર નથી કરાયું તે દયાજનક બાબત છે. ■

દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૩ ■ Volume 67 ■ Issue 90 ■ વિક્રમ સંવત ૨૦૮૦
■ ચૈત્ર સુદ - ૮ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 16 April 2024, Tuesday ■ REGD.No. MCS/058/2024-26
મંગળવાર, ૧૬ એપ્રિલ ૨૦૨૪, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u

ચૂંટણી જાહેર થયાના એક મહિનામાં

# ₹૨,૦૬૯ કરોડના ડ્રગ્સ સહિત ₹ ૪,૬૫૦ કરોડની મતા ઝડપાઈ




ભાજપ અને ક્ષત્રિય વચ્ચે યુદ્ધરેખા અંકાઈ ગઈ ૨

નવી દિલ્હીઃ ચૂંટણી પંચે સોમવારે જણાવ્યું હતું કે તેની દેખરેખ હેઠળ લોકસભાની ચૂંટણી અગાઉ રૂ. ૨,૦૬૯ કરોડના ડ્રગ્સ સહિત રૂ. ૪,૬૫૦ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો છે.

ચૂંટણી પંચે જણાવ્યું હતું કે એક માર્ચથી કરાયેલી જપ્તી ૨૦૧૯ની સંસદીય ચૂંટણી દરમિયાન જપ્ત કરાયેલા રૂ. ૩,૪૭૫ કરોડનાં મુદ્દામાલ કરતાં વધુ છે.

સાત તબક્કાની લોકસભા ચૂંટણીની જાહેરાત ૧૬ માર્ચે કરવામાં આવી હતી. પ્રથમ તબક્કો ૧૯ એપ્રિલે અને છેલ્લો એક જૂને છે.

ચૂંટણી પંચે કહ્યું કે, સત્તાવાળાઓ એક માર્ચથી દરરોજ ૧૦૦ કરોડ રૂપિયાની જપ્તી કરી રહ્યા છે.

૪,૬૫૮ કરોડની કુલ જપ્તીમાંથી, રૂ. ૩૯૫ કરોડથી વધુ રોકડ છે, જ્યારે રૂ. ૪૮૯ કરોડથી વધુનો દારૂ પકડાયો છે. નોંધપાત્ર રીતે ૪૫ ટકા જપ્તીઓ ડ્રગ્સ છે.

આ વર્ષે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં કુલ જપ્તીમાં ડ્રગની જપ્તીનો હિસ્સો આશરે ૭૫ ટકા જેટલો હતો, જેમાં ચૂંટણી પંચે ચૂંટણીના શેડ્યૂલની જાહેરાત કરવામાં આવે તે પહેલાં આ જોખમ પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

રાજકીય ધિરાણ ઉપરાંત કાળા નાણાંનો ઉપયોગ, વધુ સાધનસંપન્ન પક્ષ અથવા સક્ષમ ઉમેદવારની તરફેણમાં સમાન તકોને નુકસાન પહોંચાડી શકે છે એમ તેમાં નોંધવામાં આવ્યું હતું. આ જપ્તી એ લોકસભાની ચૂંટણી પ્રલોભન મુક્ત કરાવવાના તેના સંકલ્પનો એક મહત્ત્વપૂર્ણ ભાગ છે અને ચૂંટણીની ગેરરીતિઓ અને ચૂંટણીમાં દરેક ઉમેદવારને સમાન તકો ઉપલબ્ધ કરાવવાનું સુનિશ્ચિત કરવા માટે આવશ્યક કાર્યવાહી છે, એમ તેમાં કહેવામાં આવ્યું હતું.

આ વર્ષે જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં કુલ જપ્તીમાં ડ્રગની જપ્તીનો હિસ્સો આશરે ૭૫ ટકા જેટલો હતો, જેમાં ચૂંટણી પંચે ચૂંટણીના શેડ્યૂલની જાહેરાત કરવામાં આવે તે પહેલાં આના પર ધ્યાન કેન્દ્રિત કર્યું હતું.

છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાત, પંજાબ, મણિપુર, નાગાલેન્ડ, ત્રિપુરા અને મિઝોરમમાં રાજ્ય વિધાનસભાઓની ચૂંટણી દરમિયાન નોંધપાત્ર જપ્તી કરવામાં આવી હોવાની માહિતી પણ આપવામાં આવી હતી.

મુખ્ય ચૂંટણી કમિશનર રાજીવ કુમારે ગયા મહિને ચૂંટણીની જાહેરાત કરતી વખતે '૪એમ' પડકારોમાંના એક તરીકે મની પાવરને રેખાંકિત કર્યો હતો.

પંચે ધ્યાન દોર્યું હતું કે તે અગ્રણી નેતાઓના વાહનોની તપાસ કરવા (જુઓ પાનું ૨) ▶▶

magic mirror
SILVER ART JEWELLERY
Our Retail Outlet
miss universe
Lakhamshi Napoo Road,
Opp. Matunga Central Railway Station,
Matunga(Central), Mumbai-400019.
+91-9769581851, +91-8291009205.

ભગવંત માન કેજરીવાલને જેલમાં મળ્યા ૨

## કૉંગ્રેસ અને રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ કરનારા સંગઠનો વચ્ચે કરાર થયા છેઃ મોદી

થ્રિસુર (કેરળ): ભાજપે ચૂંટણી ઢંઢેરો જાહેર કર્યાના એક દિવસ પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ સોમવારે કેરળમાં કહ્યું હતું કે એનડીએના શાસનના છેલ્લા દાયકામાં જે જોવા મળ્યું હતું તે માત્ર ટ્રેલર હતું, કેરળ અને દેશની પ્રગતિ માટે હજુ ઘણું કરવાનું બાકી છે. તેમણે લોકસભાની ચૂંટણીમાં ભાજપની આગેવાની હેઠળના ગઠબંધન માટે દક્ષિણના રાજ્યનું સમર્થન માગ્યું હતું.

કુન્નમકુલમ ખાતે એનડીએ દ્વારા આયોજિત એક ચૂંટણી સભાને સંબોધતા, મોદીએ રાહુલ ગાંધી પર પણ આકરા પ્રહારો કર્યા હતા, જેઓ હાલમાં લોકસભા ચૂંટણીના પ્રચાર માટે કેરળમાં છે, કોંગ્રેસના નેતા પર ઉત્તર પ્રદેશમાં તેમના પરિવારની બેઠકનું રક્ષણ કરવામાં અસમર્થ હોવાનો અને કરુવન્નુર બૅંક કૌભાંડ પર ચૂપ રહેવાનો આરોપ લગાવ્યો હતો. મોદીએ કહ્યું હતું કે, છેલ્લા ૧૦ (જુઓ પાનું ૨) ▶▶

ઈઝરાયલ-ઈરાન યુદ્ધના ભણકારા વચ્ચે

## શૅરબજારમાં ₹૫.૧૮ લાખ કરોડ સ્વાહા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ઇઝરાયલ પર ઈરાને ૩૦૦થી વધુ મિસાઈલો અને ડ્રોન વડે હુમલો કર્યા બાદ ભૂરાજકીય વધતા તણાવ વચ્ચે રોકાણકારોએ ઇક્વિટી બજારમાં સાર્વત્રિક વેચવાલીનો મારો ચલાવ્યો હતો અને શેરબજારમાં સતત બીજા દિવસે તોતિંગ કડાકો જોવા મળ્યો હતો. આ કડાકાને કારણે રોકાણકારોની સંપત્તિમાં રૂ. ૫.૧૮ લાખ કરોડનું ધોવાણ થયું હતું.

તેજીવાળાઓએ સત્ર દરમિયાન નીચા મથાળે લેવાલીનો ટેકો આપી બજારને ઊંચે લાવવાની કોશીશ કરી હતી, પરંતુ બજાર પર સંપૂર્ણપણે મંદીવાળા હાવી થઇ ગયાં હતા અને સુધારો ધોવાઇ ગયો હતો. ભારતના ફંડામેન્ટલ મજબૂત છે, પરંતુ વૈશ્વિક પરિબળો ઇક્વિટી માર્કેટને (જુઓ પાનું ૨) ▶▶




## મમતાએ ચૂંટણીપંચની આલોચના કરી

કુચ બિહાર/અલીપુરદુઆર : પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ સોમવારે ભાજપની 'તરફેણ કરવા' બદલ ચૂંટણીપંચની ટીકા કરી હતી. રાજ્યમાં એક પણ રમખાણ થયા તો પંચની ઓફિસની બહાર ભૂખ હડતાળ કરવાની ધમકી તેમણે આપી હતી.

અલીપુરદુઆરમાં જાહેર સભાને સંબોધતાં તેમણે ચૂંટણી પંચ પર ભાજપના કહેવાથી મુર્શિદાબાદના ડીઆઈજીને બદલવાનો આક્ષેપ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે હવે મુર્શિદાબાદ અને માલદામાં રમખાણ થાય તો એની જવાબદારી ચૂંટણીપંચની હશે. ભાજપ ત્યાં રમખાણ અને હિંસા ફેલાવવા પોલીસ ઓફિસરને બદલવા માગતું હતું. જો ત્યાં એક પણ રમખાણ થશે તો ચૂંટણીપંચ જવાબદાર હશે, કારણ કે તે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર નજર રાખે છે. ટીએમસીનાં સુપ્રીમોએ કહ્યું હતું કે જો જરૂર પડશે તો હું ચૂંટણીપંચની ઓફિસની બહાર ૫૫ દિવસ ઉપવાસ કરીશ. જો હું ખેડૂતો માટે (શિંગુરમાં ભૂમિ પ્રાપ્તીકરણની વિરુદ્ધ) ૨૬ દિવસ ઉપવાસ કરી શકું છું તો તમારી ઓફિસની બહાર પણ ૫૫ દિવસ ઉપવાસ કરી શકું છું. વિરોધ પક્ષના નેતાઓને જેલમાં નાખવાની ધમકી આપવા માટે મમતાએ ભાજપની ટીકા કરી હતી. તેમણે કહ્યું હતું કે હું એ જોઈશ કે તમારી પાસે કેટલી જેલો છે? તમારી પાસે કેટલા પોલીસો છે? તમે કેટલા લોકોની મારપીટ કરી શકો છો? મારા પર અનેક વાર શારીરિક હુમલો કરાયો છે. મને લડતા આવડે છે. હું કાયર નથી. (એજન્સી) ■

## એક જ નેતાનો ભાજપનો વિચાર અપમાનજનકઃ રાહુલ ગાંધી



**રૉડ શૉ:** કેરળના વાયનાડમાં કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ ચૂંટણી ઝુંબેશના ભાગરૂપે રોડ શોમાં ભાગ લીધો હતો. (પીટીઆઈ)

સુલતાન બાથેરી (વાયનાડ): કેન્દ્રની ભાજપના નેતૃત્વ હેઠળની સરકારે દેશમાં એક જ નેતા હોવો જોઈએ એવો વિચાર વહેતો કર્યો છે અને આ દેશના લોકોનું અપમાન છે, એવો આક્ષેપ કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સોમવારે વાયનાડમાં કર્યો હતો.

ભારત તો ફૂલોનો ઝૂમખો છે અને દરેકનું સન્માન થવું જોઈએ, કેમ કે તે બધા જ આખા ગુલદસ્તાની સુંદરતામાં યોગદાન આપે છે, એમ વાયનાડના સંસદસભ્યે કહ્યું હતું.

ભારતમાં ફક્ત એક જ નેતા હોવો જોઈએ એ વિચાર જ દરેક યુવાન ભારતીયના અપમાન સમાન છે, એમ તેમણે પાર્ટીના કાર્યકર્તાના મેળાવડામાં (જુઓ પાનું ૨) ▶▶



**ગરમીમાં રાહતઃ** વડોદરામાં આગ ઝરતી ગરમીને નાથવા માટે ટ્રાફિક પોલીસે એ.સી. હેલ્મેટ પહેરી હતી. આ હેલ્મેટ વડોદરાની આઈઆઈએમના વિદ્યાર્થીઓએ વિકસાવી છે. (પીટીઆઈ)

## કેજરીવાલની કસ્ટડી લંબાઈ

નવી દિલ્હી : દિલ્હીની અદાલતે કથિત આબકારી કૌભાંડને લગતા મની લૉન્ડરિંગ કેસમાં દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલની અદાલતી કસ્ટડી ૨૩ એપ્રિલ સુધી લંબાવી હતી. સેન્ટ્રલ બ્યુરો ઑફ ઇન્વેસ્ટીગેશન (સીબીઆઈ) અને એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) માટેનાં ખાસ જજ કાવેરી બાજવાએ કેજરીવાલની કસ્ટડી લંબાવી હતી. કેજરીવાલને અગાઉની કસ્ટડી પતી જતાં વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા હાજર કરાયા હતા. ઈડીએ તપાસ મહત્ત્વના તબક્કામાં છે એમ કહીને કેજરીવાલની કસ્ટડી ૧૪ દિવસ લંબાવવાની વિનંતી કરી હતી. જજે કેજરીવાલની કસ્ટડી ૨૩ એપ્રિલ સુધી લંબાવી હતી. જજે એવી નોંધ લીધી હતી. કેસના બીઆરએસનાં નેતાં કે. કવિતા જેવા સહઆરોપીની કસ્ટડી એ દિવસે પૂરી થાય છે. અદાલતે અગાઉ પહેલી એપ્રિલે કેજરીવાલને ૧૫ એપ્રિલ સુધી જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલ્યા હતા. (એજન્સી) ■



**ગંગા કિનારે જામી ભક્તોની ભીડ:** સોમવારે સવારે પટણામાં ગંગા નદીના કિનારે 'ચૈતી છઠ'ના દિવસે હજારોની સંખ્યામાં ભક્તો હાજર રહ્યા હતા. (પીટીઆઈ)

## વિશ્વના નેતાઓની ઈઝરાયલને ઈરાન પર વળતો હુમલો ન કરવાની અપીલ

જેરુસલેમઃ ઈરાને સેંકડો ડ્રોન, બેલેસ્ટિક મિસાઈલો અને ક્રુઝ મિસાઈલો વડે હુમલો કર્યા બાદ અમેરિકા, બ્રિટન અને ફ્રાંસ સહિત વિશ્વના નેતાઓ ઈઝરાયેલને બદલો ન લેવા વિનંતી કરી રહ્યા છે.

બ્રિટિશ વિદેશ સચિવ ડેવિડ કેમેરોને સોમવારે બીબીસીને જણાવ્યું હતું કે યુકે જવાબી હુમલાને સમર્થન આપતું નથી, જ્યારે ફ્રાન્સના પ્રમુખ એમેન્યુઅલ મેક્રોને કહ્યું હતું કે પેરિસ ''ઇઝરાયેલને સમજાવવાનો પ્રયાસ કરશે કે આપણે વળતો જવાબ આપવો જોઈએ નહીં.''

દાયકાઓની દુશ્મનાવટ હોવા છતાં શનિવારે ઈરાને ઈઝરાયેલ પર સીધો સૈન્ય હુમલો શરૂ કર્યો હતો.

ઇઝરાયલના સૈન્ય પ્રવક્તાએ જણાવ્યું હતું કે ઇરાન દ્વારા છોડવામાં આવેલા ૯૯ ટકા ડ્રોન અને મિસાઇલોને અટકાવવામાં આવ્યા હતા.

ગાઝા પટ્ટીમાં હમાસના આતંકવાદીઓ સામે ઈઝરાયેલના છ મહિનાના યુદ્ધ દરમિયાન ઈઝરાયેલ અને ઈરાન અથડામણના માર્ગ પર (જુઓ પાનું ૨) ▶▶

## તમિલનાડુમાં ચૂંટણી અધિકારીઓએ રાહુલ ગાંધીના હેલિકૉપ્ટરની તલાશી લીધી

મૈસુરઃ લોકસભા ચૂંટણી ૨૦૨૪ માટેના પહેલા ચરણના મતદાનને આડે હવે ગણતરીના દિવસો જ રહ્યા છે. ત્યારે દરેક રાજકીય પક્ષ પ્રચાર માટે પૂરી તાકાત લગાવી રહ્યો છે. એવામાં મળતી જાણકારી મુજબ સોમવારે તમિલનાડુમાં ચૂંટણી અધિકારીઓએ રાહુલ ગાંધીના હેલિકૉપ્ટરની તલાશી લીધી હતી.

રાહુલ ગાંધી કર્ણાટકના મૈસૂરથી તમિલનાડુના નીલગિરિ સુધી હેલિકૉપ્ટર દ્વારા મુસાફરી કરી હતી. તેમનું હેલિકૉપ્ટર નીલગિરિમાં ઉતરતાની સાથે જ ચૂંટણી પંચના અધિકારીઓએ હેલિકૉપ્ટરની તલાશી લીધી હતી. રાહુલ ગાંધી અહીંથી તેમના સંસદીય મતવિસ્તાર કેરલના વાયનાડ જઈ રવાના થવાના હતાં. જ્યાં તેઓ જાહેર સભા સહિત અનેક પ્રચાર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાના છે. વાયનાડમાં ૨૬ એપ્રિલના રોજ મતદાન યોજાવાનું છે.

અહેવાલ મુજબ, હેલિકૉપ્ટર ઉતર્યા પછી ફ્લાઈંગ સ્ક્વોડના અધિકારીઓએ તપાસ હાથ ધરી હતીગઈ કાલે તૃણમૂલ કૉંગ્રેસે ચૂંટણી પંચને ફરિયાદ કરી હતી કે (જુઓ પાનું ૨) ▶▶

## ભારતીય અધિકારીઓને ક્રૂ મેમ્બર્સને મળવાની મંજૂરી અપાશે, ઈરાને આપી ખાતરી

નવી દિલ્હીઃ ઈરાન અને ઇઝરાયલ વચ્ચે વધી રહેલા તણાવને કારણે દુનિયાભરના દેશો ચિંતામાં છે, કેમ કે આ સંઘર્ષની સહધી અસર દરિયાઈ માર્ગે થતા વેપાર પર થઇ શકે છે. ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સએ શનિવારે ઈઝરાયલ તરફ જઈ રહેલા કન્ટેનર જહાજ એમએસસી એરીસને હોર્મુઝના અખાતમાં સીઝ કર્યું હતું, આ જહાજમાં ૧૭ ભારતીય ક્રૂ મેમ્બર્સ પણ હતા. જેને કારણે ભારતીય વિદેશ મંત્રાલય હરકતમાં આવી ગયું હતું.

ભારતના વિદેશ પ્રધાન એસ. જયશંકર ઈરાનના વિદેશ પ્રધાન અમીર-અબ્દોલ્લાહિયા સાથે રવિવારે સાંજે ફોન પર વાત કરી હતી. આ દરમિયાન અમીર-અબ્દોલ્લાહિયાએ ખાતરી આપી હતી કે ભારતીય અધિકારીઓને કાર્ગો જહાજ પરના ૧૭ ભારતીય ક્રૂ સભ્યોને મળવાની મંજૂરી આપવામાં આવશે.

એસ. જયશંકરે ફોન કોલ દરમિયાન કાર્ગો જહાજ એરીસ પરના ભારતીય ક્રૂ સભ્યોની મુક્તિની વાત કરી હતી. એસ. જયશંકરે કહ્યું કે ''ઈરાન દ્વારા જપ્ત કરવામાં (જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનમાં વરસાદનો હાહાકારઃ ૩૯નાં મોત, બલૂચિસ્તાનમાં કટોકટી જાહેર

ઈસ્લામાબાદઃ પાકિસ્તાનના બલૂચિસ્તાનમાં છેલ્લા ત્રણ દિવસથી સતત પડી રહેલા વરસાદને કારણે રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા છે અને અનેક સ્થળે રસ્તા ધોવાઈ ગયા છે. આટલું જ નહીં, સ્થિતિ એટલી ગંભીર છે કે સરકારે બલૂચિસ્તાનમાં કટોકટી જાહેર કરી નાખી છે. આ વરસાદને પગલે દેશમાં અત્યાર સુધીમાં અલગ અલગ ઘટનામાં ૩૯ લોકોનાં મોત થયાં છે. આમાંથી ૧૨ લોકોનાં મૃત્યુ ફક્ત રવિવારે ખૈબર પખ્તુનખ્વામાં થયા હતા. આ ઉપરાંત પંજાબમાં ચાર અને બલૂચિસ્તાનમાં બે લોકોનાં મોત થયા છે. બલૂચિસ્તાનના મકરાનમાં રવિવારે પણ ભારે વરસાદ થયો હતો અને અનેક સ્થળે વીજળી પણ પડી હતી. આ બનાવમાં પણ બે લોકોનાં મોત થયા હતા.

આ બધાની સાથે બલૂચિસ્તાનમાં મૃત્યુ પામનારા લોકોની સંખ્યા વધીને ૧૦ થઈ ગઈ છે. પરિસ્થિતિ એટલી ગંભીર છે કે બલૂચિસ્તાનની રાજધાની ક્વેટામાં ઈમરજન્સી (જુઓ પાનું ૨) ▶▶

## આ વર્ષે ૧૦૬ ટકા વરસાદ થશેઃ આઈએમડી

નવી દિલ્હીઃ ભારતમાં ૨૦૨૪ની ચોમાસાની ઋતુમાં સામાન્ય કરતાં વધુ વરસાદ થવાની સંભાવના ભારતીય હવામાન વિભાગે સોમવારે દર્શાવી હતી. જો કે, સામાન્ય વરસાદ સમગ્ર દેશમાં વરસાદના એકસરખા વરસાદની બાંયધરી આપતો નથી, આબોહવા પરિવર્તન વરસાદની પ્રણાલીની પરિવર્તનશીલતામાં વધુ વધારો કરે છે. ૨૦૨૩ પહેલા, ભારતમાં સતત ચાર વર્ષ સુધી ચોમાસાની સીઝનમાં 'સામાન્ય' અને 'સામાન્યથી વધુ' વરસાદ નોંધાયો હતો.

આબોહવા વૈજ્ઞાનિકો કહે છે કે વરસાદના દિવસોની સંખ્યા ઘટી રહી છે જ્યારે ભારે વરસાદની ઘટનાઓ (ટૂંકા ગાળામાં વધુ વરસાદ) વધી રહી છે, જેના કારણે વારંવાર દુષ્કાળ અને પૂર આવે છે.ભારતના હવામાન વિભાગના વડા મૃત્યુંજય મહાપાત્રાએ અહીં એક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે ૧૯૫૧-૨૦૨૩ વચ્ચેના ડેટાના આધારે, ભારતે ચોમાસાની સીઝનમાં નવ પ્રસંગોએ સામાન્ય કરતાં વધુ વરસાદનો અનુભવ કર્યો હતો જ્યારે લા નીનાએ અલ નીનો ઘટનાને અનુસરી હતી.ભારતમાં ચાર મહિનાની ચોમાસાની ઋતુ (જૂનથી સપ્ટેમ્બર)માં સામાન્ય કરતાં વધુ વરસાદ થવાની સંભાવના છે અને લાંબા ગાળાની સરેરાશ (૮૭ સે.મી.)ના ૧૦૬ ટકા જેટલો વરસાદ પડવાનો અંદાજ છે. ચોમાસાની ઋતુ દરમિયાન હિંદ મહાસાગરના દ્વિધ્રુવની સ્થિતિની આગાહી કરવામાં આવે છે. ઉપરાંત, ઉત્તર ગોળાર્ધમાં બરફનું આવરણ ઓછું છે. આ સ્થિતિ ભારતીય દક્ષિણ-પશ્ચિમ ચોમાસા માટે અનુકૂળ છે. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ભાજપ અને ક્ષત્રિય સમાજ વચ્ચે યુદ્ધરેખા અંકાઈ ગઈ

**ભાજપના** રાજકોટ લોકસભા બેઠકના ઉમેદવાર પરસોત્તમ રૂપાલાની ટિકિટ રદ કરવાના મુદ્દે ભાજપ અને ક્ષત્રિયો વચ્ચે યુદ્ધરેખા અંકાઈ ગઈ છે. રવિવારે રાજકોટના રતનપરમાં મળેલા ક્ષત્રિય મહાસંમેલનમાં ક્ષત્રિય આગેવાનોએ ભાજપને પરસોત્તમ રૂપાલાની રાજકોટ લોકસભા બેઠક પરથી ટિકિટ રદ કરવા ૧૯ એપ્રિલની સાંજ સુધીનું અલ્ટિમેટમ આપી દીધું. સાથે સાથે ક્ષત્રિય સમાજે રૂપાલાને નહીં બદલાય તો લોકસભાની ચૂંટણીમાં ગુજરાતમાં ભાજપના તમામ ૨૬ લોકસભા બેઠકોની વિરુદ્ધ મતદાન કરવાની ધમકી પણ આપી છે.

ક્ષત્રિય સમાજે રતનપરના મહાસંમેલનમાં લાખોની સંખ્યામાં ઉમટીને શક્તિ પ્રદર્શન કરીને હુંકાર કર્યો છે કે, ભાજપ રૂપાલાની ટિકિટ પાછી નહીં ખેંચે તો ગુજરાતની તમામ ૨૬ બેઠકો પર ક્ષત્રિય સમાજ ઓપરેશન રૂપાલા ચલાવશે. સુરેન્દ્રનગર અને ભાવનગર જેવી ક્ષત્રિયોની નોંધપાત્ર વસતી ધરાવતી બેઠકો પર ક્ષત્રિય મતદારો એક થઈને અન્ય પક્ષને મત આપશે. ક્ષત્રિય આગેવાનોએ હુંકાર કર્યો છે કે, અમારે જેટલાં આવેદનો આપવાનાં હતાં એટલાં આપી દીધા છે. અમારા વડીલોએ જેટલાં નિવેદનો કરવાનાં હતા એટલા કરી દીધાં છે. હવે આર યા પારની લડાઈ છે. ૧૯ તારીખે પાંચ વાગ્યા પછી આ આંદોલન અને ક્ષત્રિયોનો આ ગુસ્સો માત્ર રૂપાલા સુધી સીમિત નહીં રહે પણ લોકસભાની ચૂંટણીમાં રૂપાલા ઉપરાંત ભાજપના બીજા ૨૫ ઉમેદવારોને પણ આ ગુસ્સો ઉડાવી દેશે.

ભાજપે ક્ષત્રિયોના હુંકાર સામે કોઈ પ્રતિક્રિયા નથી આપી પણ રૂપાલા નહીં જ બદલાય એવું સ્પષ્ટ વલણ અપનાવ્યું છે. ભાજપે સત્તાવાર રીતે એલાન કરી દીધું છે કે, રાજકોટમાં ભાજપના ઉમેદવાર તરીકે પરષોત્તમ રૂપાલા ૧૬ એપ્રિલ ને મંગળવારે ઉમેદવારી નોંધાવશે. મતલબ કે, આજે તો રૂપાલા ઉમેદવારી કરી દેવાના છે. આ જાહેરાતનો મતલબ એ કે, ભાજપનું વલણ સ્પષ્ટ છે. ક્ષત્રિયોને જે હોંકારા પડકારા કરવા હોય એ કરે કે બીજું જે કંઈ કરવું હોય એ કરે પણ ભાજપ તેમની માગણી સ્વીકારવાનો નથી અને રાજકોટ લોકસભા બેઠકના ભાજપના ઉમેદવાર અને કેન્દ્રીય પ્રધાન પરસોત્તમ રૂપાલાની ઉમેદવારી ભાજપ રદ કરવાનો નથી જ. આ સંજોગોમાં હવે ક્ષત્રિય સમાજ પાસે લડી લેવા અને ભાજપને પોતાની તાકાત બતાવવા સિવાય બીજો વિકલ્પ રહેતો નથી.

ભાજપ આ વલણ લઈને બેઠો છે તેનાં ઘણાં કારણો છે પણ સૌથી મોટું કારણ એ છે કે, ક્ષત્રિય સમાજ પાસે ખરેખર એવી તાકાત જ નથી કે ગુજરાતમાં ભાજપને પછાડી શકે. ગુજરાતની તમામ ૨૬ લોકસભા બેઠકો પર નહીં પણ પાંચ-સાત લોકસભા બેઠક પર પણ ભાજપના ઉમેદવારોને હરાવી શકાય એવી તાકાત ક્ષત્રિય સમાજ પાસે હોત તો ભાજપે ક્ષત્રિય સમાજ અલ્ટિમેટમ આપે ત્યાં સુધી રાહ જ ના જોઈ હોત. ભાજપે બહુ પહેલાં રૂપાલાને બદલી નાંખ્યા હોત પણ તેના બદલે ભાજપે ક્ષત્રિય સમાજને અવગણીને રૂપાલાને મહત્વ આપ્યું. તેનો અર્થ એ થયો કે, ક્ષત્રિય સમાજ પોતાને કશું નુકસાન કરી શકે એવી સ્થિતિમાં નથી એવું ભાજપને લાગે છે.

ભાજપની આ માન્યતા ખોટી પણ નથી કેમ કે ગુજરાતમાં જ્ઞાતિના આધારે બનેલી મોટી મતબૅન્કોમાં ક્ષત્રિય સમાજ ક્યાંય આવતો નથી એ વાસ્તવિકતા છે. ગુજરાતમાં સૌથી મોટી મતબૅન્ક ઓબીસી મતદારોની છે. ગુજરાતની વસતીમાં ઓબીસી મતદારોનું પ્રમાણ ૫૦ ટકાની આસપાસ છે. ઓબીસી મતદારો અલગ અલગ જ્ઞાતિઓનો બનેલો છે. ઓબીસી મતદારોમાં પણ સૌથી વધારે મતદાર કોળી અને ઠાકોર સમાજના છે. ગુજરાતના કુલ મતદારોમાં ૨૨ ટકા કોળી હોવાનું કહેવાય છે જ્યારે ઠાકોર સમાજના મતદારોની સંખ્યા ૧૫ ટકાની આસપાસ છે તેથી ગુજરાતના ત્રણેય મુખ્ય પક્ષો ઓબીસીને સૌથી વધારે સાચવે છે.

ગુજરાતમાં મીડિયાનો એક વર્ગ ફલાણી બેઠક પર ૫૦ ટકા ક્ષત્રિય મતદારો છે ને ઢીંકણી બેઠક પર ૬૦ ટકા ક્ષત્રિય મતદારો છે એવું લખીને ક્ષત્રિયોની વસતી મોટા પ્રમાણમાં છે એવી ગેરસમજ ફેલાવે છે કેમ કે તેમને ગુજરાતના સામાજિક જીવન વિશે કશી ખબર નથી, ગુજરાતનાં જ્ઞાતિનાં સમીકરણો વિશે ગતાગમ નથી. મીડિયા જે ક્ષત્રિયોની વાત કરે છે એ ક્ષત્રિય-ઠાકોર સમાજ છે અને આ ક્ષત્રિય-ઠાકોર ઓબીસીમાં આવે છે જ્યારે રૂપાલા સામે પડેલા ક્ષત્રિય રાજપૂત સવર્ણ એટલે કે જનરલ કેટેગરીમાં આવે છે.

ગુજરાતની વસ્તીમાં પાટીદારોની સંખ્યા લગભગ ૨૦ ટકા છે જ્યારે આદિવાસીઓ લગભગ ૧૪ ટકા છે. મુસ્લિમ વસતી લગભગ ૧૦ ટકા છે જ્યારે દલિત સમાજની વસતી લગભગ સાત ટકા છે. ક્ષત્રિય સમાજ આ બધાં પછી આવે છે. ક્ષત્રિય નેતાઓનો દાવો છે કે, તેમની વસ્તી આઠ ટકા જેટલી છે પણ વાસ્તવમાં ગુજરાતમાં ક્ષત્રિય સમાજની વસતી પાંચ ટકાની આસપાસ છે. ગુજરાતની સાત કરોડથી વધુની વસ્તીમાં રાજપૂત-ક્ષત્રિય સમાજની વસતી ૩૫ લાખની આસપાસ છે.

ગુજરાતમાં ક્ષત્રિયોની વસતી ઓછી છે તેથી તેમનો રાજકીય પ્રભાવ નહિવત છે. લોકસભાની એક પણ બેઠક પર ક્ષત્રિય રાજપૂતોના મતો નિર્ણાયક નથી. કચ્છ, સુરેન્દ્રનગર અને ભાવનગર જેવી લોકસભા બેઠકો પર ક્ષત્રિયોની નોંધપાત્ર વસતી છે પણ આ વસતી એટલી નથી કે, ભાજપના ઉમેદવારને હરાવી શકે કે કૉંગ્રેસના ઉમેદવારને જીતાડી શકે. ભાવનગર અને કચ્છ લોકસભા બેઠકમાં લગભગ ત્રણ લાખ જેટલા ક્ષત્રિય મતદારો હોવાનું મનાય છે જ્યારે સુરેન્દ્રનગરમાં ક્ષત્રિય મતદારોની સંખ્યા બે લાખની આસપાસ હોવાનું મનાય છે.

આ સિવાય મહેસાણા, સાબરકાંઠા, જામનગર, આણંદ, ભરૂચ, ગાંધીનગર, અમદાવાદ લોકસભા બેઠકો પર ક્ષત્રિય રાજપૂત મતદારોની સંખ્યા એક લાખથી બે લાખની વચ્ચે હોવાનું મનાય છે. એક લોકસભા બેઠક પર ૨૦ લાખથી વધારે મતદારો હોય છે એ જોતાં બે લાખ મતદારો સાગમટે એક તરફ ઢળે તો કંઈ ફરક ના પડે. આ કારણે જ ભાજપ ક્ષત્રિય સમાજને ગણકારતો નથી અને ભાજપને ક્ષત્રિય સમાજની ધમકીની પરવા નથી.

ભાજપના વલણ પછી ક્ષત્રિય સમાજ માટે વટનો સવાલ આવીને ઊભો રહી ગયો છે. ક્ષત્રિય સમાજ હવે રૂપાલાને હરાવી બતાવે તો તેને મહત્વ મળે, બાકી હવે પછી કોઈ તેમનો ભાવ પણ નહીં પૂછે. ક્ષત્રિયોનાં સદનસીબે કૉંગ્રેસે પરેશ ધાનાણીને રાજકોટ લોકસભા બેઠક પરથી ઉતાર્યા પછી ક્ષત્રિય સમાજ પાસે રૂપાલાને હરાવીને ભાજપને ચમત્કાર બતાવવાની તક આવી ગઈ છે.

ધાનાણી લેઉઆ પાટીદાર છે જ્યારે રૂપાલા કડવા પાટીદાર છે. રાજકોટ બેઠક પર ચાર લાખ લેઉવા પટેલ અને એક લાખ કડવા પટેલ મતદારો છે. ક્ષત્રિય આગેવાનો ધાનાણીની તરફેણમાં એકતરફી મતદાન કરાવે તો ભાજપના ગઢ રાજકોટમાં ધાનાણી રૂપાલાને હરાવી શકે છે. ક્ષત્રિય સમાજ બીજી બેઠકો પર ભાજપને હરાવી શકે તેમ નથી પણ રૂપાલાને જ હરાવી દે તો પણ તેમનું નાક સાવ વઢાતું રહી જાય. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(ઉત્તરાયણ સૌર વસંતઋતુ), મંગળવાર, તા. ૧૬-૪-૨૦૨૪ દુર્ગાષ્ટમી, ભવાની ઉત્પતિ,

- ભારતીય દિનાંક ૨૭, માહે ચૈત્ર, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૦, શા. શકે ૧૯૪૬, ચૈત્ર સુદ-૮
- જૈન વીર સંવત ૨૫૫૦, માહે ચૈત્ર, તિથિ સુદ-૮
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ માહે ૯મો આદર, સને ૧૩૯૩
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ માહે ૧૦મો દએ સને ૧૩૯૩
- પારસી ફસલી રોજ ૨૭મો આસમાન, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૬ઠ્ઠો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- મીસરી રોજ ૮મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૫
- નક્ષત્ર પુષ્ય મધ્યરાત્રિ પછી ૨૯-૧૫ સુધી (તા. ૧૭મી) પછી આશ્લેષા.
- ચંદ્ર કર્કમાં,ચંદ્ર રાશિ નામાક્ષરઃ કર્ક (ડ, હ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૮, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૪, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી :રાત્રે ક.૧૯-૨૧,
- ઓટઃ સવારે ક.૧૧-૩૯, મધ્યરાત્રિ પછી ક.૦૧-૫૮(તા.૧૭)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૦, 'રાક્ષસ' નામ સંવત્સર , શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, ચૈત્ર શુક્લ - અષ્ટમી. દુર્ગાષ્ટમી, ભવાની ઉત્પતિ, અશોકાષ્ટમી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ દિવસ.
- મુહુર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શનિ,મંગળ , ગુરુગ્રહદેવતાનું પૂજન, શિવ-પાર્વતી, વિષ્ણુ-લક્ષ્મી પૂજા, સુવર્ણ ખરીદી, માતા ભવાની પ્રાક્ટ્ય પૂજા,ઉત્સવ, સપ્તશતી પાઠ, હવન ,શિવ રુદ્રાભિષેક. પીપળાનું પૂજન,પરદેશનું પસ્તાનું, નવાં વાસણ, નવા વસ્ત્રો -સુવર્ણખરીદી, વિદ્યારંભ, સીમંત, સર્વશાંતિ-શાંતિ પૌષ્ટિક પૂજા, બી વાવવું.
- નવરાત્રિ મહિમાઃ આજે માતા મહાગૌરી દેવીની પૂજા-અર્ચના, ભક્તિ કરવામાં આવે છે. નવરાત્રિના આઠમા દિવસે મા મહાગૌરી માતાની ઉપાસના કરવામાં આવે છે. માની ભક્તિ અમોઘ ને તુરંત ફળદાયી છે. પૂર્વ સંચિત પાપને નષ્ટ કરનારી અને સાધકને સંતોષ આપનારી કરુણામયી દેવી છે.નવરાત્રિ પર્વમાં ધર્મલાભની સ્મૃતિ કાયમની રહે તે માટે નિત્ય પ્રાતઃ પૂજા, અષ્ટમીના ઉપવાસ, નવરાત્રિ પર્વના પ્રત્યેક દિવસ ઉપરાંત મહિનાની પૂનમ, ચૌદસ, પ્રતિપદા તિથિ નિત્ય સપ્તશતી પાઠ વાંચન, નવાર્ણ મંત્ર- ૐ હ્રીં ક્લી ચામુંડાયે વિચ્ચે ।। ના નિત્યમાળા, જાપ કરવા.
- આચમનઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ અર્ધચતુષ્કોણ,
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ , મંગળ-કુંભ, વક્રી બુધ-મીન, ગુરુ-મેષ, શુક્ર-મીન, શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, હર્ષલ-મેષ, નેપ્ચ્યુન-મીન, પ્લુટો-મકર. ■

## પ્રજામત

### લક્ષ્મીનું અપમાન?

આજ-કાલ કોઈ પણ પ્રોગામ-પ્રસંગ હોય તેમાં સંગીત મંડળી બોલાવવામાં આવે છે. ચાલુ પ્રસંગે સંગીતકારોને પાનો ચડાવવા અમીર વર્ગો પોતાની દેખાદેખીમાં રૂપિયાની નોટો ઉછાળે છે. જે નોટો આજુ-બાજુ ઉછળે છે. જમીન પર પડે છે.સ્ટેજ પર પડે છે. જેના પર ઘણા લોકોના પગ આવે છે. શ્રી લક્ષ્મીમાનું ઘણો અપમાન થાય છે. અમીરો પોતાની દેખા-દેખીમાં ભાન ભૂલે છે. અને ન કરવા જેવાં પાપો કરી નાખે છે. રૂપિયાની ગરમી એટલી બધી હોય છે કે પાપો દેખાતા જ નથી. તેમને જોઈને બીજા ઘણા બધા નોટો ઉડાડે છે. આમાં પાપનો ખાડો મોટો ને મોટો થતો જાય છે. શ્રી લક્ષ્મીમા પોતાનું અપમાન ક્યાં સુધી સહન કરશે? તેનો વિચાર કર્યો છે. તમારી પાસે નસીબ જોરે રૂપિયાની રેલમછેલ છે તો પુણ્યનાં કામો કરો ભારત એક ગરીબ દેશ છે. તો જો અમીરો પોતાની સંપત્તિનો યોગ્ય જગ્યાએ ઉપયોગ કરે તો ભારતને ઘણી રાહત મળે પ્રભુ તેમને સદ્બુદ્ધિ આપે એવી પ્રાર્થના.

**-રાજકુમાર ગાલા, ઘાટકોપર**

### કોઈ જ કાયદાકીય વિસંગતતા ન સર્જાય તે માટે કેન્દ્ર, સરકાર તમામ રાજ્યો માટે એક સમાન કાયદા (યુનિફૉર્મ સિવિલ કોડ) ઘડે

તાજેતરમાં આસામની સરકારે યુનિફોર્મ સિવિલ કોડ ઘડવાની દિશામાં પ્રથમ પગલું ભરીને રાજ્યમાં મુસ્લિમ મેરેજ 'એન્ડ ડિવોર્સ એક્ટ ૧૯૩૫નાબૂદ કર્યો છે. ઉત્તરાખંડ વિધાનસભાએ તો યુનિફોર્મ સિવિલ કોડ બિલ પસાર પણ કરી દીધું છે. હવે આસામ પણ ઉત્તરાખંડની જેમ યુનિફોર્મ સિવિલ કોડ લાગુ કરી શકે છે. આપણાં દેશને જાતિ અને ધર્મની સંકુચિતતામાંથી બહાર કાઢી નાગરિકોને પ્રગતિશીલ બનાવવા હોય તો લગ્ન જેવા સામાજિક વ્યવહારોને એક સમાન રાષ્ટ્રીય કાયદો લાગુ કરવાની જરૂર છે. બંધારણના દૃષ્ટીએ બધા જ નાગરિક એક સમાન છે. અને તેથી જ દેશના બધા જ નાગરિકો માટે એક સરખા પર્સનલ લૉ હોવા જોઈએ. દેશના બંધારણમાં અનુચ્છેદ ૪૪ દેશના તમામ નાગરિકોને એક સમાન અધિકારોની ખાતરી આપે છે. આથી દેશના તમામ રાજ્યોમાં એક સરખા કાયદા હોવા જોઈએ. બધા જ રાજ્યોમાં એક સરખા કાયદા હશે તો કોઈ જ વિસંગતતા કે ગૂંચવણ ઊભી નહીં થાય. આથી કેન્દ્ર સરકારે આખા દેશ માટે એક સરખાં (સમાન) કાયદા ઘડવા જોઈએ.

**મહેશ વી. વ્યાસ, પાલનપુર.**

### "જિંદગીમાં ચર્ચા..તેનાં પરિણામો"

જિંદગીના વ્યવહારોમાં બસ..હું કહું..માનું.. તેજ સાચું બાકી બધાની વાત ખોટી.. કે ખોટી રજૂઆત કરે છે તેવી દઢ માન્યતા ઘર કરી જાય તે સંબંધોમાં તો નુકસાનકારક સાબિત થાય.

કિન્તુ આર્થિક નુકસાન પણ સહન કરવું પડે. તો સમજ એટલી જ મેળવવી કે બીજો પણ.. તેની વાત.. પણ સાચી હોય શકે.

સાથે સાથે પોતાની વાત ખોટી કે ગણતરી ઊંધી પડી નકામો અભિપ્રાય અવળો જ સાબિત થાય.. દરેકે દરેક માણસ સાચો જ હોય તેની માન્યતા પણ અંતિમ નિર્ણય હોય તે કરતા દરેકે દરેક માણસ સાચો ન હોય તો ખોટો પણ ન હોઈ શકે... પોતાની વાતની રજૂઆત કરવાનો બધાને જ અધિકાર છે.

બાકી ગેરસમજની કોઈ સમજ નથી હોતી તો ગેરસમજમાં સુલેહ... અરસપરસ સમજોતો.. થોડા સમય પૂરતો વિરામ પામે તે ઠીક.. આખરે તો તે મનમાં ઘર કરી જાય કે હું જ સાચો હતો. ક્યારેક નજીવી બાબતના વિચાર ફેરોથી મોટું નુકસાન કે મોટો ફાયદો જતો કરવો પડે.. તે નસીબની બલિહારી જ સમજવી. ખરેખર.. તો રાજકારણ... ફિલ્મી જગત... રમતગમતનાં ક્ષેત્રોમાં બધા સાથે વાતો-વિમર્શ કરવાની શરૂઆત ભલે બધાને આનંદ.. જ્ઞાન પ્રદર્શિત કરવાનો લહાવો દેખાય.. પણ જેમ જેમ ચર્ચા આગળ વધે તેમ તેમાં મતમતાંતર એટલા તો વધી ઉગ્ર બની જાય કે વર્ષો જૂના સંબધો પર બ્રેક લાગી.. તૂટી. અબોલા થાય જે ફરી પાછા બોલતા કરવા નામુમકીન બની રહે..

સહુથી બહેતર તો એજ કે આવા મતમતાંતર વાળા ક્ષેત્રો પર વધુ ચર્ચા, પોતાની વાત સાચી તે મનાવવાનો પ્રયાસ જ કરવો જેથી વ્યવહારોમાં ઓટ ન આવે.. પહેલાના જેવા જ જળવાય રહે.

**-શ્રી હર્ષદ દડિયા (શ્રીહર્ષ)**

પત્ર મિત્રોને ખાસ સૂચના પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઈલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં. - તંત્રી

## પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન કેજરીવાલને જેલમાં મળ્યા

નવી દિલ્હીઃ પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માન સોમવારે તિહાર જેલમાં દિલ્હીના મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલને મળ્યા હતા અને આક્ષેપ કર્યો હતો કે આપ વડાને કઠોર ગુનેગારોને ઉપલબ્ધ સુવિધાઓ પણ આપવામાં આવતી નથી.

આપના રાજ્યસભાના સાંસદ સંદીપ પાઠક સાથે આવેલા માને જણાવ્યું હતું કે તેઓ અડધા કલાક સુધી કેજરીવાલને મળ્યા હતા પરંતુ તેમની વચ્ચે કાચની દિવાલ હતી અને બન્નગ નેતાઓએ ફોન પર વાતચીત કરી હતી. માને કહ્યું કે તેમને જોઇને હું ભાવુક થઇ ગયો. તેની સાથે કઠોર ગુનેગાર જેવો વ્યવહાર કરવામાં આવી રહ્યો છે. તેમની ભૂલ શું છે? શું તેણે મોહલ્લા ક્લિનિક બનાવ્યા એ તેમની ભૂલ છે?

પંજાબના મુખ્ય પ્રધાને કહ્યું કે કેજરીવાલે તેમને વિપક્ષી ગઠબંધન ઇન્ડિયા બ્લોકના ઉમેદવારોના પ્રચાર માટે વિવિધ સ્થળોની મુલાકાત લેવા કહ્યું છે. તેમણે દાવો કર્યો હતો કે ચાર જૂને લોકસભા ચૂંટણીના પરિણામો જાહેર થશે ત્યારે આમ આદમી પાર્ટી એક મજબૂત રાજકીય બળ તરીકે ઉભરી આવશે. તિહાર જેલના એક અધિકારીએ જણાવ્યું કે બન્ને નેતાઓની બેઠક 'મુલાકાત જંગલા'માં થઇ હતી, જે કાચની દિવાલથી વિભાજિત એક રૂમ છે.

નોંધનીય છે કે દિલ્હીના મુખ્ય પ્રધાન અને આપના રાષ્ટ્રીય કન્વીનરની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ૨૧ માર્ચે ધરપકડ કરવામાં આવી હતી. ઇડીએ કેજરીવાલ પર દિલ્હી એક્સાઇઝ પોલિસી કૌભાંડના સમગ્ર ષડયંત્રમાં સામેલ હોવાનો, પોલિસીનો મુસદ્દો તૈયાર કરવા અને તેનો અમલ કરવાનો, વચેટિયાઓને ફાયદો પહોંચાડવાનો અને આખરે નિર્ધારિત અપરાધમાંથી પેદા થયેલી આવકનો ભાગ વાપરવાનો આરોપ મૂક્યો છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### પાકિસ્તાનમાં

જાહેર કરવામાં આવી છે. બલૂચિસ્તાન સરકારે અર્બન ફ્લડ ઈમરજન્સી જાહેર કરી છે. મુખ્ય પ્રધાન સરફરાઝ બુગતીએ સ્થિતિની સમીક્ષા કરી હતી. વરસાદને કારણે પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદની પણ હાલત કફોડી થઈ છે અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે પણ સ્થિતિનો સામનો કરવા માટે બેઠક બોલાવી છે. બેઠક બાદ તેમણે કહ્યું હતું કે રક્ષક દળને લોકોનો બચાવ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે.

વરસાદનો હાહાકાર અફઘાનિસ્તાનમાં પણ જોવા મળ્યો છે. વરસાદ સંબંધી ઘટનાઓમાં ૩૩ લોકોનાં મોત અને ૨૭ લોકો જખમી હોવાનું જાણવા મળ્યું છે. અફઘાનિસ્તાનમાં લગભગ ૬૦૦ મકાન તૂટી પડ્યા છે અને ૨૦૦ જનાવરો માર્યા ગયા છે. આ પૂરને કારણે મોટા પ્રમાણમાં ખેતી યોગ્ય જમીનને નુકસાન થયું છે અને રસ્તા પણ ધોવાઈ ગયા છે. (એજન્સી) ■

### ભારતીય અધિકારીઓને

આવેલા જહાજમાં ૧૭ ભારતીય ક્રૂ મેમ્બર્સની સ્થિતિ અંગે ચિંતા વ્યક્ત કરી હતી."

ઈરાનના વિદેશ પ્રધાન અમીર-અબ્દોલ્લાહિયાને જણાવ્યું હતું કે "અમે જપ્ત કરાયેલા જહાજની વિગતોને પર ધ્યાન આપી રહ્યા છીએ અને ટૂંક સમયમાં જ ભારત સરકારના પ્રતિનિધિઓ આ જહાજના ક્રૂ સાથે મળવાનું શક્ય બનશે."

યુનાઈટેડ આરબ અમીરાત (યુએઈ) ના દરિયાકાંઠે લગભગ ૮૦ કિમી. દૂર ઈરાનના ઈસ્લામિક રિવોલ્યુશનરી ગાર્ડ કોર્પ્સના સ્પેશિયલ ફોર્સ યુનિટ દ્વારા જહાજને જપ્ત કર્યાના કલાકો પછી ભારતીય પ્રશાસને કહ્યું હતું કે અમે જહાજના ક્રૂમાં ૧૭ ભારતીય નાગરિકોની સુરક્ષાની ખાતરી કરવા અને તેમને વહેલી તકે છોડાવવા ઈરાની સમકક્ષો સાથે સંપર્કમાં છીએ.

પોર્ટુગીઝ ધ્વજવાળા એમએસસી એરીસ જહાજમાં ૧૭ ભારતીયો ઉપરાંત ક્રૂમાં ફિલિપાઈન્સના ચાર, પાકિસ્તાનના ૨, રશિયનનો એક અને એસ્ટોનિયાનો એક નાગરિક છે.

ઇટાલિયન-સ્વિસ શિપિંગ જૂથે કહ્યું છે કે અમે ક્રૂની સુરક્ષાની ખાતરી કરવા માટે સંબંધિત અધિકારીઓ સાથે કામ કરી રહ્યા છીએ. ■

### એક જ નેતાનો

કહ્યું હતું. તેમણે વાયનાડમાં ચૂંટણી ઝુંબેશના ભાગરૂપે રોડ શો પણ કર્યો હતો. તેમણે એવો સવાલ કર્યો હતો કે ભારતમાં એકથી વધુ નેતા કેમ ન હોઈ શકે? તેમણે કહ્યું હતું કે આ વિચારધારા જ કૉંગ્રેસ અને ભાજપ વચ્ચેનો તફાવત છે.

તેમણે એમ પણ કહ્યું હતું કે કૉંગ્રેસ દેશના લોકોને સાંભળવા માગે છે અને તેમની માન્યતા, ભાષા, ધર્મ, સંસ્કૃતિને પ્રેમ અને સન્માન આપે છે, પરંતુ ભાજપ ઊપરથી કશું લાદવા માગે છે.

આપણને અંગ્રેજો પાસેથી આઝાદી એટલા માટે નથી મળી કે આપણે આરએસએસની વિચારધારાના ગુલામ બની જઈએ. અમે એવું ભારત ઈચ્છીએ છીએ જેમાં જનતાનું શાસન હોય, એમ તેમણે કહ્યું હતું.

વાયનાડથી વધુ એક વખત ચૂંટાવા માગનારા રાહુલ ગાંધી લોકસભાની ચૂંટણી જાહેર થયા બાદ બીજી વખત વાયનાડમાં આવ્યા હતા. તેમણે ઉમેદવારી પત્ર ભરીને અને રોડ શોનું આયોજન કરીને ચૂંટણી પ્રચારનો પ્રારંભ કર્યો હતો. અહીં ઉલ્લેખનીય છે કે ૨૦૧૯માં રાહુલ ગાંધી વાયનાડથી વિક્રમી ૪,૩૧,૭૭૦ મતે જીત્યા હતા. કેરળમાં ૨૬ એપ્રિલે મતદાન થવાનું છે. (પીટીઆઈ) ■

### વિશ્વ નેતાઓની

છે. ઇરાન દ્વારા સમર્થિત બે આતંકવાદી જૂથો હમાસ અને ઇસ્લામિક જેહાદ, ઑક્ટોબર સાતના રોજ વિનાશક સીમાપાર હુમલો કર્યા પછી યુદ્ધ ફાટી નીકળ્યું હતું. સ્થાનિક આરોગ્ય અધિકારીઓના જણાવ્યા અનુસાર ગાઝામાં ઇઝરાયેલના હુમલાએ વ્યાપક વિનાશ સર્જ્યો છે અને ૩૩,૭૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. ■

### તમિળનાડુમાં ચૂંટણી

પાર્ટીના મહાસચિવ અભિષેક બેનર્જીની પ્રચાર યાત્રા પહેલા કોલકાતાના બેહાલા ફ્લાઈંગ ક્લબમાં પ્રીફ્લાઇટ ચેકિંગ હેઠળના હેલિકૉપ્ટરની ઇન્કમ ટેક્સ સર્ચ હાથ ધરવામાં આવ્યું હતું. ટીએમસીએ આ સર્ચને ઈસી અને બીજેપી વચ્ચેના સાંઠબંધ ગણાવી હતી.

આઈટી વિભાગે આવી કોઈપણ શોધ અથવા એન્ફોર્સમેન્ટ કાર્યવાહી કર્યા હોવાનો ઇનકાર કર્યો હતો. પરંતુ એક અહેવાલ મુજબ બેહાલા ફ્લાઈંગ ક્લબ ખાતે હેલિકોપ્ટરના આગમનની માહિતી એકત્રિત કરવા માટે એક આઈટી ટીમને નિયમિત ચેકિંગ માટે મોકલવામાં આવી હતી. ■

### શૅરબજારમાં

વહેલી કળ વળવા દે એવી શક્યતા હાલ જણાતી નથી.

ભારતીય શૅરબજારનો બેન્ચમાર્ક સેન્સેક્સ ૮૪૫ પોઈન્ટ અથવા ૧.૧૪ ટકા ઘટીને ૭૩,૩૯૯.૭૮ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. એ જ રીતે, નિફ્ટી ૨૪૭ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકા ઘટીને ૨૨,૨૭૨.૫૦ પર બંધ રહ્યો હતો.

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેની તંગદીલી વધવાની અને યુદ્ધ વિકરાળ બનવાની સંભાવનાએ રોકાણકારોને ડરાવ્યા હતા કારણ કે, તેને પરિણામે ક્રૂડ ઓઈલ અને કેટલીક ઔદ્યોગિક ધાતુઓ સહિત કોમોડિટીના વૈશ્વિક પુરવઠો વિક્ષેપિત થવાની સંભાવના છે અને જો એવું થશે તો પહેલેથી જ વકરી રહેલા ફુગાવામાં ઓર વધારો થવાની શંક્યતા છે. આનો અર્થ એ પણ થશે કે ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની સંભાવનાઓ, જે જૂન પછી વિલંબમાં હોવાનું સ્પષ્ટ છે, તેમાં વધુ વિલંબ થઈ શકે છે.

નિફ્ટીમાં સૌથી વધુ ધોવાણ નોંધાવનારા શેરોમાં શ્રીરામ ફાઇનાન્સ, વિપ્રો, બજાજ ફાઇનાન્સ, આઇસીઆઇસીઆઇ બેન્ક અને બજાજ ફિનસર્વનો સમાવેશ થાય છે, જ્યારે ઓએનજીસી, હિન્ડાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, મારુતિ સુઝુકી, નેસ્લે ઇન્ડિયા અને ભારતી એરટેલનો ટોપ ગેઇનર્સ શેરોમાં સમાવેશ હતો.

ઓઇલ એન્ડ ગેસ તથા મેટલ સિવાયના ક્ષેત્રોમાં, તમામ ક્ષેત્રીય શેરઆંક રેડ ઝોનમાં બંધ થયા હતા. એનએસઇના મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો ૧.૫ ટકા ડાઉન હતા. નાના શેરોમાં લાર્જ કેપ શેરની સરખામણીએ વધુ દોવાણ અને પીછેહઠ જોવા મળ્યાં હતાં. વ્યક્તિગત શેરોમાં સેઇલ, એક્સાઇડ ઇન્ડસ્ટ્રીઝ અને મહાનગર ગેસના વોલ્યુમમાં ૩૦૦ ટકાથી વધું વધારો જોવા મળ્યો હતો. ઓએનજીસી, ઇન્ડસ ટાવર્સ અને ગુજરાત ગેસમાં લોંગ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો, જ્યારે કોફોર્જ, અતુલ અને બંધન બેન્કમાં શોર્ટ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો. ■

### ₹ ૨,૦૬૯ કરોડના

અને તેમના આદેશને અમલમાં લાવવામાં શિથિલતા માટે અધિકારીઓને દૂર કરવા જેવા પગલાં લઈ રહી છે.

કમિશને જણાવ્યું હતું કે લગભગ ૧૦૬ સરકારી કર્મચારીઓ સામે પણ કડક કાર્યવાહી કરવામાં આવી છે જેઓ પ્રચારમાં રાજકારણીઓને મદદ કરતા જોવા મળ્યા હતા. આ બાબત વિવિધ નિયમો અને નીતિશાસ્ત્રની વિરુદ્ધ છે. સૂત્રોએ એ બાબતે પણ ધ્યાન દોર્યું હતું કે ટીએમસીના નેતા અભિષેક બેનર્જીના કિસ્સામાં કરવામાં આવ્યું એવી હેલિકોપ્ટરની તપાસ કરવામાં કશું નવું નથી.

ચૂંટણીના ભાગરૂપે તમામ જિલ્લા મેજિસ્ટ્રેટ અને પોલીસ અધિક્ષકોને એરફિલ્ડ અને હેલિપેડ પર કડક નજર રાખવા માટે કહેવામાં આવ્યું હતું. પ્રલોભનોની સામગ્રી હવાઈ માર્ગે લઈ જવામાં ન આવે તે સુનિશ્ચિત કરવા માટે દેશભરમાં જાહેર અને ખાનગી બંને એરફિલ્ડ્સમાં આવી તપાસ થઈ રહી છે, એમ તેમણે જણાવ્યું હતું. ■

### કૉંગ્રેસ અને રાષ્ટ્રવિરોધી

વર્ષમાં જે થયું તે માત્ર ટ્રેલર હતું, કેરળ અને ભારત માટે હજુ ઘણું કરવાનું બાકી છે.

રાહુલ ગાંધીનું નામ લીધા વિના વડા પ્રધાન મોદીએ કહ્યું કે કૉંગ્રેસના યુવરાજ (રાજકુમાર) ઉત્તર પ્રદેશમાં તેમની બેઠકની સુરક્ષા કરીને તેમના પરિવારના ગૌરવને સુરક્ષિત કરવામાં અસમર્થ હતા અને કેરળમાં વોટ માંગવા આવ્યા છે.

કોંગ્રેસ નેતા કેરળના લોકો પાસેથી મત માંગશે પરંતુ તેમના હિતમાં અવાજ ઉઠાવશે નહીં, કારણ કે તે રાજ્યમાં સત્તાધારી સીપીઆઈ(એમ) દ્વારા નિયંત્રિત કરુવન્નુર કો-ઓપરેટિવ બૅંકમાં કરોડો રૂપિયાના કૌભાંડ અંગે મૌન હતા, એમ મોદીએ જણાવ્યું હતું.

તેમણે લોકસભા ચૂંટણી માટે પ્રતિબંધિત પોપ્યુલર ફ્રન્ટ ઓફ ઈન્ડિયા (પીએફઆઈ) ની રાજકીય શાખા, સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા (એસડીપીઆઈ) દ્વારા આપવામાં આવેલા સમર્થન અંગે પણ કોંગ્રેસની ટીકા કરી હતી.

તેમણે એવો આક્ષેપ કર્યો હતો કે તે કોંગ્રેસ અને રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિઓ માટે ભારતમાં પ્રતિબંધિત સંગઠનની રાજકીય પાંખ એસડીપીઆઈ વચ્ચે પાછલા બારણે કરાર થયા છે.

મોદીએ દાવો કર્યો હતો કે તેમણે જ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા કરુવન્નુર કો-ઓપરેટિવ બૅંક કૌભાંડની તપાસ શરૂ કરી હતી અને હવે તેઓ એજન્સીઓ દ્વારા જપ્ત કરાયેલી રકમમાંથી થાપણદારોના નાણાં કેવી રીતે પરત કરી શકાય તે અંગે કાયદાકીય સલાહ લઈ રહ્યા છે.

મોદીએ કહ્યું હતું કે કોંગ્રેસના નેતૃત્વમાં વિપક્ષ યુડીએફ અને શાસક એલડીએફ રાજ્યમાં પ્રગતિ અને વિકાસમાં અવરોધરૂપ છે. તેમણે કેરળમાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ અંગે પણ રાજ્યમાં ડાબેરી મોરચાની ટીકા કરી હતી.

વડા પ્રધાન મોદીએ તેમના ભાષણમાં એવો પણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે કેરળ આગામી લોકસભા ચૂંટણી પછી સંસદમાં તેનો અવાજ સંભળાય તે સુનિશ્ચિત કરશે.

તેમણે એવું વચન આપ્યું હતું કે એકવાર એનડીએ સરકાર ત્રીજી વખત સત્તામાં આવશે પછી અમદાવાદ અને મુંબઈ જેવી જ ઉત્તર, પૂર્વ અને દક્ષિણ ભારતમાં બુલેટ ટ્રેન માટે સર્વેક્ષણ કાર્ય શરૂ કરશે. તેમણે કહ્યું કે દક્ષિણ ભારતમાં બુલેટ ટ્રેન વિકાસને વેગ આપશે અને હજારો રોજગારીની તકો ઊભી કરશે.વડા પ્રધાન મોદીની આ રાજ્યની છઠ્ઠી મુલાકાત છે. તેઓ છેલ્લે ૧૯ માર્ચે કેરળ આવ્યા હતા અને પલક્કડ જિલ્લામાં એક વિશાળ રોડ શો કર્યો હતો. ■

# મધ્ય રેલવેમાં એસી લોકલમાં પ્રવાસીઓની સંખ્યા સાથે ખુદાબક્ષો વધ્યા

## પાંચ મહિનામાં ૧૫,૭૨૪ ખુદાબક્ષ પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સબર્બન મુંબઈમાં એસી લોકલ ટ્રેનની સર્વિસ શરુ કરવામાં આવ્યા પછી ટ્રાવેલ કરનારાની સંખ્યામાં વધારો થયો છે, પરંતુ પર્યાપ્ત સર્વિસ નહીં હોવાથી અમુક લોકોમાં તેના પ્રત્યે અગણગમો પ્રવર્તે છે. આમ છતાં ગરમીના દિવસોમાં એસી લોકલ પ્રવાસીઓ માટે આશીર્વાદસમાન છે. પશ્ચિમ રેલવેમાં પહેલા લોન્ચ કર્યા પછી મધ્ય રેલવેમાં પૂરતી સર્વિસ નથી છતાં ધીમે ધીમે પ્રવાસીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે એ મોટી વાત છે.

આમ છતાં મધ્ય રેલવેમાં એસી લોકલની સર્વિસ પર્યાપ્ત નથી, એ મોટી સમસ્યા છે. માર્ચ મહિના દરમિયાન મધ્ય રેલવેમાં ૨૦ લાખથી વધુ લોકોએ મુસાફરી કરી હતી, પરંતુ એસી ટ્રેનમાં ટિકિટ વિના મુસાફરી કરનારાની સંખ્યા વધી એ બાબતને રેલવે પણ મનાઈ કરતી નથી. બંને લાઈનમાં ટિકિટ વિના મુસાફરી કરનારાની સંખ્યા વધુ છે. રેગ્યુલર પાસધારકની સંખ્યા વધી છે, જેમાં ઉનાળાને કારણે રોજના દોઢ લાખથી વધુ લોકો પ્રવાસ કરે છે, પણ ટિકિટ વિના મુસાફરી કરનારા માંડ ત્રણ-ચાર હજારની સંખ્યા હોય છે, તેથી સીધો ફાયદો એસી લોકલના ખુદાબક્ષોને છે, જ્યારે રેલવેની તિજોરીને નુકસાન થાય છે. એસી લોકલમાં ટિકિટ ચેકિંગ મારફત જાન્યુઆરીમાં ૩,૪૦૦ વધુ ખુદાબક્ષ પકડાતા હતા, જેની સંખ્યા માર્ચમાં સરેરાશ રોજના ૪,૪૦૦ને પાર કરી હતી. સઘન ચેકિંગનો ફાયદો થાય છે, પરંતુ રેગ્યુલર ચેકિંગ થવાનું જરૂરી છે. અગાઉ રોજ ૫૬,૦૦૦થી વધુ લોકો ટ્રાવેલ કરતા હતા, પણ એની સંખ્યા રોજના દોઢ લાખને પાર થઈ છે, એમ અધિકારીએ જણાવ્યું હતું.■

# ફરી સત્તામાં આવીને યુસીસી લાગુ કરીશુંઃ પીયૂષ ગોયલ

મુંબઈઃ મહાયુતિમાં ભાજપના ઉત્તર-મુંબઈના ઉમેદવાર તેમ જ કેન્દ્રીય પ્રધાન પિયુષ ગોયલ મુંબઈ આવ્યા હતા અને એ દરમિયાન તેમણે યુનિફોર્મ સિવિલ કોડ(યુસીસી) અંગે વાત કરી હતી. મુંબઈ ભાજપના કાર્યાલય ખાતે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યું હતું કે જો આ ભાજપ સતત ત્રીજી વખત દેશમાં સત્તામાં આવી તો જરૂર યુસીસી લાગુ કરવામાં આવશે. આ ઉપરાંત ગોયલે ભાજપના ચૂંટણી ઢંઢેરો ઉપર વિપક્ષ દ્વારા કરવામાં આવેલી ટીકા ફગાવતા કહ્યું હતું કે તેમની ટીકા તેમણે સ્વીકારેલી હારનું પ્રતિક છે.

યુસીસી એટલે કે દેશના બધા જ નાગરિકો માટે એકસરખા કાયદા પછીથી કોઇપણ ધર્મના હોય. પર્સનલ લૉ(અંગત કાયદા), વારસાગત મિલકત મેળવવા અંગેના કાયદા, દત્તક લેવાના કાયદા વગેરે કાયદાઓને યુસીસી અંતર્ગત આવરી લેવામાં આવશે. તેમણે યુસીસી લાગુ કરવા અંગે કહ્યું હતું કે ભાજપ દેશમાં યુસીસી અમલમાં લાવવા માટે તત્પર છે અને અમે લાગુ કરીશું જ. ઉત્તરાખંડ સરકારે પહેલા જ યુસીસીને અમલમાં લાવી દીધો છે. ઉલ્લેખનીય છે કે રવિવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભાજપનો લોકસભાની ચૂંટણીનો ઢંઢેરો બહાર પાડ્યો હતો, જેનું લક્ષ્ય 'વિકસિત ભારત' પર કેન્દ્રિત હતું.■

### ઉદ્ધવનું અમિત શાહ પર નિશાન

# ફડણવીસે બે પક્ષના ફાંટા પાડીને પાછા આવ્યાનું કહ્યું હતું

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરેએ કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહે હાલમાં જ આપેલા નિવેદનનો વળતો જવાબ આપી તેમના પર નિશાન સાધ્યું હતું. હાલમાં જ અમિત શાહે રવિવારે કહ્યું હતું કે ભાજપે શિવસેના અને એનસીપી (રાષ્ટ્રવાદી કૉંગ્રેસ)માં ભાગલા નથી પાડ્યા. અમિત શાહના આ નિવેદનનો જવાબ આપતા ઉદ્ધવે મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે હાલમાં જ આપેલા નિવેદનનો ઉલ્લેખ કર્યો હતો, જેમાં ફડણવીસે પોતે બે પક્ષના ભાગલા પાડીને સત્તામાં ફરી આવ્યા હોવાનું કહ્યું હતું.

અમિત શાહે દાવો કર્યો હતો કે શિવસેના ભાગલા ઉદ્ધવના તેમના પુત્ર આદિત્ય ઠાકરે પ્રત્યેના પ્રેમને કારણે પડ્યા હતા અને એનસીપીમાં શરદ પવારના તેમના પુત્રી સુપ્રિયા સુળે પ્રત્યે પ્રેમના કારણે ભાગલા પડ્યા હતા. જોકે આ મુદ્દે શાહ પર નિશાન તાકતા ભંડારા જિલ્લાના સકોલી ખાતે રેલીને સંબોધતા ઉદ્ધવે કહ્યું હતું કે અમિત શાહે ભૂલવું ન જોઇએ કે તેમના જ સાથીદાર દેવેન્દ્ર ફડણવીસે ઘણા ગર્વથી કહ્યું હતું કે અમે બે પક્ષના ભાગલા પાડીને સત્તામાં પાછા ફર્યા છીએ. શાહ અને તેમના પક્ષના નેતાઓએ એકસરખું રાજકીય વલણ રાખવું જોઇએ. જૂન ૨૦૨૨માં શિવસેનાના ભાગલા પડ્યા ત્યારબાદ મહારાષ્ટ્રમાં મહાવિકાસ આઘાડીની સરકાર ભાંગી પડી હતી અને એકનાથ શિંદે જૂથની શિવસેના સાથે મળીને મહાયુતિની સરકાર મહારાષ્ટ્રમાં બનાવી હતી. ત્યારબાદ જુલાઇ ૨૦૨૩માં એનસીપીના બે ફાંટા પડી ગયા અને શરદ પવાર સાથે છેડો ફાડીને ભત્રીજા અજિત પવારે પોતાની એનસીપી સ્થાપી, જેને પછીથી ખરી એનસીપી ગણવામાં આવી અને તેને એનસીપીનું ઘડિયાળનું ચિહ્ન પણ સોંપવામાં આવ્યું. આ જ રીતે એકનાથ શિંદેની શિવસેનાને પણ ખરી શિવસેના હોવાનો ચુકાદો અપાયો અને ધનુષ્ય બાણનું ચિહ્ન પણ તેમને ફાળવવામાં આવ્યું હતું. ■

## ક્લાસિફાઈડ


### ૪. ધાર્મીક સંબંધી

■ કથા, રાંદલ, લગ્ન, વાસ્તુ, મરણ વિધિ માટે ફોન કરો - 9820718979. (બી-૧૪૦૩૩)

### ૯. લગ્ન સંબંધી

**પરિચય મિલન મેળાવડો**

શ્રી લોહાણા સમાજ નવી મુંબઈ દ્વારા ૧૭મો પરિચય મિલન મેળાવડો બુધવાર, તારીખ ૧ મે ૨૦૨૪ના રોજ ફોર્મ ઓનલાઈન દ્વારા મેળવી શકશો. ફોર્મ ભરવાની છેલ્લી તારીખ ૧૮ એપ્રિલ, (કન્યાઓ માટે નિઃશુલ્ક પ્રવેશ.) સંપર્કઃ 9833314514, 9221238188, 9930798787. (દહેજ નહીં.) (૧૪૩૭૪-જી)

**JAIN GIRL**

Unmarried 45 years, Well Educated, MNC Job, 5'5", Fair. Contact 9323268284. (No Dowry) (14363-F)

### ૧૨. યાત્રા સહેલગાહ

જૈન જાગૃતિ સેન્ટર, ઘાટકોપર
જૈન જાગૃતિ સેન્ટર, વાપી
તથા જૈન મિત્ર મંડળ, મુંબઈ
80 % બુકીંગ હાઉસ ફૂલ. હાર્દિક આભાર.
મુંબઈ-શ્રીનગર-મુંબઈ ડાયરેક્ટ
એર ટિકિટો ઓનલાઇન કરતા ઘણી સસ્તી
25 વર્ષની ખુશાલીમાં લેહની ટુરોમાં 5000 PP. અને કાશ્મીરની ટુરોમાં 2થી3 હજારનું લાસ્ટ ડિસ્કાઉન્ટ. ફેન્ટાસ્ટીક ફૂડ કાર્નિવલ.
સર્વ શ્રેષ્ઠ 100% સંપૂર્ણ
કાશ્મીર
લેહ લડાખ
ચેલેંજીંગ ભાવે પરફેક્ટ પેકેજ
સાથે / સિવાય અમૃતસર, વૈષ્ણોદેવી
એક માત્ર સુપર સ્પેશ્યાલીસ્ટ સાથે જ.
સ્વતંત્ર ગુજરાતી / જૈન રસોડે બેડ ટી થી મસાલા દૂધ સુધીની જાન જેવી બાદશાહી સરભરા. ચટપટા નાસ્તા, ડ્રાયફ્રુટ બિસ્લેરી
બ્રાન્ડેડ 3-4* લક્ઝરી હોટેલમાં બાદશાહી નિવાસ
ફેબ્રુ. થી જૂન. શ્રીનગરથી દિવસ 8,9,10
સૌથી વધુ સાઈટ સીઈંગ, ગેમ્સ, ગરબા, ડાન્સ, ડીજે, કેમ્પફાયર બધા જ ખર્ચા સામિલ બધી જ હાઈફાઈ સુવિધાઓ
કેરાલા, હિમાચલ, ઉતરાંચલ, રાજસ્થાન, દુબઈ, બાલી, સિંગાપોર, ઓસ્ટ્રેલિયા, માલદિવ્સ, નોર્થ ઈસ્ટ કસ્ટમાઈઝ પેકેજ મળશે
24 વર્ષથી કાશ્મીર/લેહ લદાખની ટુરો આપનાર એકમાત્ર સુપર સ્પેશ્યાલિસ્ટ સતીશભાઈ શાહ
પૂજા ટુર્સ 9869066942 9869056942 9869010141
ઘાટકોપર (મલાડ) www.poojaholidays.com
(બી-૧૪૦૨૮)

### ૧૭. જગ્યા આપવી છે

**તારદેવ**

675 કાર્પેટ એરીયા 2 બેડરૂમ ચંદ્રકાંત પટેલ 9322290459 વેચવાની છે. (૧૮૦)

**NANA CHOWK - KEMPS CORNER -**

Pedder Road 1-2 BHK Flat On Ownership Sea-Facing throw away price must sale today Brokers Welcome. For Further Details. Contact: 022-23511661/ 31420205. (14362/G)

### ૧૮. જગ્યા જોઈએ છે

A DIAMOND MERCHANT From Antwerp Urgently Requires 2/3 BHK Flat on Ownership in South Mumbai. Preferably Sea-Facing. Can pay fancy Price. Brokers Welcome 9987310819. (14362/F)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ - કામણ**

**સાતીવલી- વાલીવ- હાઇવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઇન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા-વેચવા-ભાડેથી - ગોપીભાઈ - 9326472399 જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૩૮૦૮-એ)**

**વસઈ**

ઈન્ડસ્ટ્રીયલ ગાળા પ્લોટ લેવા વેચવા ભાડેથી રુષભ ઉપાધ્યાયઃ- 9049625073 હિતેષ ઉપાધ્યાયઃ- 9326470109. (એસડીબી-૧૮૪૨)

### ૨૦. ધંધાદારી જગ્યા

**દુકાનો - શોરૂમ**

નાની મોટી દુકાનો / શોરૂમ - ભાડેથી - વેચાણ લેવા / વેચવા પદમાવતી એસ્ટેટ વેલજીભાઈ દાદર વેસ્ટ 9820553072 / 9322296555. (બી-૧૩૫૮૮)

### ૩૨. જમીન-મિલકત

PREMIUM INDUSTRIAL PLOT for sale in GIDC SAVLI Vadodara 1,40,000 SqFt with Large Frontage, Suitable for Pharma Company Whatsapp 6354978009. (B-14122)

**PLOT FOR SALE**

- 600 / 2000m2 at Turbhe
- 3000m2 at Patalganga
- 3150 sq ft carpet Showroom at Palm Beach, Vashi for Sale
- 225000 sqft Warehouse for lease at Taloja.
- Ready offices at Mahape and Kharghar

9821091251

(B-14123)

### ૩૩. ધંધાદારી

પ્રોપર્ટી વેલ્યુએશન
સોસાયટી ફોર્મેશન
PR કાર્ડ / CTS પ્લાન
પ્રોપર્ટી ટેક્સ
પોઈંટ એડવાઈઝરી
9029077715
(બી-૧૪૧૨૪)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટકંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ). 9773226675 / 9821195720 (કાંદિવલી). (૧૪૩૫૪-સી)

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલીઃ 9833523290, 9220789533, ચીરાબજારઃ 9029181030. (૧૪૨૭૮-સી)

### ૫૨. કુરીઅર્સ

**ફોરેન પાર્સલ**

લંડન, અમેરીકા, કેનેડા, દુબઈ, ઓસ્ટ્રેલિયા વ્યાજબી વિશ્વસનીય રમેશભાઈ - 9702251438/ 9224320626. (એસડીબી-૧૬૪૬)

**એડબ્લ્યુસીસી પ્રા. લિ.**

આંતરરાષ્ટ્રીય પાર્સલ સર્વિસ યુએઈ, યુકે, યુએસએ, ઓસ્ટ્રેલિયા માટે ભરોસા પાત્ર, વ્યાજબી સર્વિસ 9892323723 / 02242764276. (બી-૧૪૧૦૨)

**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઇપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઇ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઇપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com


# પાણીની તંગીને કારણે ખેડૂતને 300 મોસંબીના ઝાડ કાપવાની ફરજ પડી

છત્રપતિ સંભાજીનગરઃ દુષ્કાળગ્રસ્ત મરાઠવાડા પ્રદેશમાં પાણીની તીવ્ર અછત વચ્ચે છત્રપતિ સંભાજીનગરના એક ખેડૂતને ૩૦૦ મોસંબીના વૃક્ષો કાપવાની ફરજ પડી હતી.

રાજેન્દ્ર લેમ્ભેએ શનિવારે પૈઠાણ તાલુકાના મુરમા ગામમાં પોતાના ખેતરના ૧૧ વર્ષ જૂના વૃક્ષો કાપી નાખ્યા હતા. લેમ્ભેએ જણાવ્યું કે વૃક્ષો કાપવા એ દુઃખદાયક હતું. પરંતુ મારી પાસે બહાર નીકળવાનો કોઈ રસ્તો નહોતો. મારી પાસે ૩૦૦ ફૂટ ઊંડો બોરવેલ અને ૭૦ ફૂટ ઊંડો કૂવો છે, પરંતુ છેલ્લા ત્રણ મહિનામાં તેમાં પાણી સુકાઈ ગયું છે.

લેમ્ભેએ જણાવ્યું હતું કે તેણે ટેન્કરમાંથી પાણી મેળવીને વૃક્ષોને બચાવવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે ખર્ચ સહન કરી શક્યો ન હતો.

મોસંબીની ખેતીમાં મહારાષ્ટ્ર દેશમાં પ્રથમ ક્રમે છે, જેમાં છત્રપતિ સંભાજીનગરમાં ૨૧,૫૨૫ હેક્ટર અને જાલનામાં ૧૪,૩૨૫ હેક્ટર જમીનનો ઉપયોગ થાય છે. ખેતી માટે પાણી ભાગ્યે જ ઉપલબ્ધ છે. પૈઠણ અને ઘનસાવંગી તાલુકામાં મોસંબી ઉગાડવામાં આવે છે. અમે ખેડૂતોને ફળના ઝાડ ન કાપવાની અપીલ કરી રહ્યા છીએ. જો કે, પાણીની અછત વચ્ચે, ૩૦ થી ૩૫ ટકા ફળોના વાવેતર જોખમમાં છે, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર બદનાપુરના નિષ્ણાત સંજય પાટીલે જણાવ્યું હતું. ■



**પરિશ્રમ...:** મુંબઈમાં ગરમીએ માઝા મૂકી છે. બપોરના સમયે બફારો અસહ્ય બની રહ્યો છે તેમ છતાં ઘરની બહાર રોજીરોટી રળવા નીકળવું જ પડે છે. સીએસએમટીની હેરિટેજ ઈમારતની ઉપર સમારકામ કરી રહેલા મજૂરોની વ્યથા એસીમાં બેસીને કામ કરનારાઓ ના સમજી શકે. (અમય ખરાડે)

# સ્કૂલે નક્કી કરેલા વિક્રેતા પાસેથી જ સામગ્રી ખરીદવા સામેની અરજી હાઇ કોર્ટે ફગાવી

મુંબઈઃ પેરેન્ટ-ટીચર એસોસિએશન (પીટીએ) દ્વારા શાળા દ્વારા નક્કી કરવામાં આવેલા વિક્રેતાઓ પાસેથી જ શાળા માટે જરૂરી સમાન અને ચીજો ખરીદવાના નિયમને પડકારતી અરજી બોમ્બે હાઇ કોર્ટમાં કરવામાં આવી હતી. જોકે અદાલતે આ અરજીને નકારી કાઢી હતી.

પનવેલમાં આવેલી ન્યૂ હોરાઇઝન પબ્લિક સ્કૂલના પીટીએના સભ્ય પ્રમોદ સીતારામ પાટીલે શાળા દ્વારા જાહેર કરવામાં આવેલી સૂચનાને રદ કરવાની અરજી અદાલતમાં કરી હતી. ન્યૂ હોરાઇઝન પબ્લિક સ્કૂલ દ્વારા ૨૧ અને ૨૩ માર્ચે એક આદેશ જાહેર કરવામાં આવ્યો હતો આ આદેશમાં શાળાના દરેક વિદ્યાર્થીઓને પાઠ્યપુસ્તકો, નોટબુક અને સ્ટેશનરી ફક્ત શાળા દ્વારા નક્કી કરવામાં આવેલા વિક્રેતાઓ પાસેથી જ ખરીદવાની સૂચના આપવામાં આવી હતી.

પીટીએના પ્રમોદ પાટીલે આરોપ લગાવ્યો હતો કે શાળા દ્વારા નક્કી કરવામાં આવેલા સ્ટેશનરી વિક્રેતા વસ્તુઓના ભાવમાં વધારો કરી વેચાણ કરી રહ્યા છે અને શાળા દ્વારા આ વિક્રેતાઓ પાસેથી ખરીદી કરવાનો આદેશ પણ વિદ્યાર્થીઓને આપવામાં આવ્યો છે. આ નક્કી કરવામાં આવેલા વિક્રેતાઓ નેશનલ કાઉન્સિલ ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનિંગ (એનસીઇઆરટી) દ્વારા જાહેર કરવામાં આવતા પુસ્તકો કરતાં પણ વધુ પૈસા વસૂલી રહ્યા છે. તેમ જ શાળાએ વિદ્યાર્થીઓના જૂના પુસ્તકોના વપરાશ પર પણ પ્રતિબંધ મૂક્યો છે.

અરજીમાં મોટાભાગના વાલીઓ તરફથી પ્રતિસાદનો અભાવ હતો અને મોટાભાગના વિદ્યાર્થીઓએ પુસ્તકો ખરીદી લીધા હોવાથી શૈક્ષણિક વર્ષ પહેલાથી જ શરૂ થઈ ગયું હતું, એવી દલીલ શાળાના પ્રિન્સિપાલ અને મેનેજમેન્ટ દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ બોમ્બે હાઇ કોર્ટના જસ્ટિસ એ. એસ. ચંદુરકર અને જિતેન્દ્ર જૈનએ આ અરજીને ફગાવી કાઢી હતી.

અદાલતે કહ્યું હતું કે આ અરજીમાં માત્ર પાટીલનો સહભાગ છે. હાલના શૈક્ષણિક વર્ષ માટે કોઈ પણ બીજા વાલીઓનું સુનાવણી દરમિયાન કોઈ યોગદાન નથી. અદાલતે આ કેસમાં ચુકાદો આપવાનું ટાળ્યું હતું. તેમ જ પાટીલ દ્વારા રજૂ કરવામાં આવેલા સીબીએસઈ પરિપત્ર દિલ્હી હાઈકોર્ટના અગાઉના નિર્ણય દ્વારા રદ કરવામાં આવ્યો હતો. ■

# થાણેમાં તૃતીયપંથી મતદારોની સંખ્યા બમણી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દેશમાં તૃતીયપંથીઓને પણ મતદાનનો હક્ક બજાવવાનો સમાન અધિકાર છે અને એટલા માટે જ પુરુષ અને સ્ત્રી ઉપરાંત તૃતીયપંથીઓ માટે અલાયદી શ્રેણી પણ તૈયાર કરવામાં આવી છે અને તેમની સંખ્યા કેટલી છે કેટલા ટકા તૃતીયપંથીઓ મતદાન કરે છે તેની માહિતી પણ રાખવામાં આવે છે.

૨૦૨૪ની લોકસભાની ચૂંટણીમાં પણ તૃતીયપંથીય મતદારોની સંખ્યા બહાર પાડવામાં આવી છે. મહારાષ્ટ્રના આંકડાઓ ઉપર નજર નાંખીએ તો થાણે જિલ્લામાં તૃતીયપંથીય મતદારોની સંખ્યા ગઇ ચૂંટણી કરતાં બમણાં જેટલી વધી હોવાનું જણાયું છે.

અહીં તેમની સંખ્યા થાણે મતવિસ્તારમાં વધીને ૧,૨૭૯ થઇ ગઇ છે. જ્યારે મુંબઈ ઉપનગરમાં તૃતીયપંથીય મતદારોની સંખ્યા ૮૧૨ છે, જ્યારે પુણેમાં આ સંખ્યા ૭૨૬ છે. આ સિવાય ગોંદિયામાં ૧૦, ગઢચિરોલીમાં ૯, હિંગોલીમાં ૭, ભંડારામાં ૫ અને સિંધુદુર્ગમાં ૧ તૃતીયપંથીય મતદારોની નોંધણી કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે ૨૦૦૪ અને ૨૦૦૯ની લોકસભા ચૂંટણીમાં તૃતીયપંથીયોને મતદાનનો અધિકાર નહોતો, એટલે કે તેમની માટે કોઇ અલગ શ્રેણી ઊભી કરવામાં આવી નહોતી. જેના કારણે અનેક તૃતીયપંથીઓ મતદાનનો હક્ક બજાવી શકતા નહોતા. ૪ એપ્રિલ ૨૦૨૩ સુધી કરવામાં આવી નોંધણી મુજબ રાજ્યમાં કુલ ૫,૬૧૭ હોવાનું જણાયું હતું. આ સંખ્યા રાજ્યમાં ૨૦૧૯ની ચૂંટણી દરમિયાન લગભગ અડધી એટલે કે ૦૨,૦૮૬ હતી. સૌપ્રથમ ૨૦૧૪માં તૃતીયપંથીય મતદારોની સંખ્યાની ગણતરી કરવામાં આવી હતી અને ત્યારે તેમની સંખ્યા ૯૧૮ હતી. જે ૨૦૧૯માં વધીને બમણી થઇ ૨૦૮૬એ પહોંચી હતી. ■

# મુંબઈ એરપોર્ટ પર ચાર દિવસમાં ₹ ૬.03 કરોડનું સોનું પકડાયું

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર કસ્ટમ્સ વિભાગે છેલ્લા ચાર દિવસમાં સોનાની દાણચોરીના ૧૨ કેસ પકડી પાડ્યા હતા. અધિકારીઓએ ૧૧થી ૧૪ એપ્રિલ એરપોર્ટ પરથી રૂ. ૬.૦૩ કરોડની કિંમતનું ૧૦.૦૨ કિલો સોનું જપ્ત કર્યું હતું અને અમુક પ્રવાસીની ધરપકડ કરી હતી. મીણમાં ગોલ્ડ ડસ્ટ, ક્રૂડ જ્વેલરી અને સોનાની લગડીઓ પ્રવાસીઓ પોતાના સામાનમાં, શરીરમાં છુપાવીને લાવ્યા હતા.

પ્રથમ કિસ્સામાં ત્રણ વિદેશી નાગરિકો નાઇરોબીથી ફ્લાઇટમાં મુંબઇ આવ્યા હતા, જેમની બેગમાં ૪૪ સોનાની લગડીઓ મળી આવી હતી. એ જ પ્રમાણે દુબઇથી ત્રણ, શાહજાહથી બે અને અબુ ધાબીથી આવેલા છ ભારતીય પ્રવાસીઓ પેટમાં, શરીરમાં અને આંતરવસ્ત્રોમાં ૨૬૭૦ ગ્રામ સોનું છુપાવીને લાવ્યા હતા.

અન્ય કેસમાં દમામથી આવેલો ભારતીય પ્રવાસી ૧૪ સોનાની કાપેલી લગડીઓ પેટમાં છુપાવીને લાવ્યો હતો, જ્યારે જેદ્દાહથી બેંગકોક પ્રવાસ કરી રહેલા બે ભારતીય પ્રવાસીઓના ગુપ્તાંગમાં અને શરીરમાં ૧૩૭૯ ગ્રામ સોનું છુપાવીને લાવ્યા હતા. ■

# એસટી બસે મોટરસાઇકલને અડફેટમાં લેતાં મહિલાનું મોતઃ પુત્ર ઘાયલ

પાલઘરઃ પાલઘર જિલ્લામાં સ્ટેટ ટ્રાન્સપોર્ટ (એસટી)ની બસે મોટરસાઇકલને અડફેટમાં લેતાં મહિલાનું મૃત્યુ થયું હતું, જ્યારે તેના એક વર્ષના પુત્રને ઇજા પહોંચી હતી.

પોલીસના જણાવ્યા અનુસાર મનોર વિસ્તારમાં સોમવારે સવારે ૧૧.૩૦ વાગ્યે આ અકસ્માત થયો હતો. ગોવાલે ગ્રામ પંચાયતની સરપંચ સોનલ લોખંડે સોમવારે સવારે તેના પતિ અને પુત્ર સાથે મોટરસાઇકલ પર જઇ રહી હતી. સોનલનો પતિ મોટરસાઇકલ હંકારી રહ્યો હતો.

દરમિયાન મનોર વિસ્તારમાં એસટી બસે તેમની મોટરસાઇકલને ટક્કર મારી હતી, જેમાં સોનલને ગંભીર ઇજા પહોંચતાં તેનું મૃત્યુ થયું હતું. આ અકસ્માતમાં ઘવાયેલા સોનલના પુત્રને સારવારાર્થે હોસ્પિટલમાં દાખલ કરાયો હતો અને તેની હાલત નાજુક છે. સ્થાનિક પોલીસે બસના ડ્રાઇવરને તાબામાં લીધો હતો અને આ પ્રકરણે એડીઆર દાખલ કર્યો હતો. (પીટીઆઇ)■

# જાલનામાં પિતાએ પોતાનાં ત્રણ સંતાનને કૂવામાં ફેંકી મારી નાખ્યાં

જાલનાઃ જાલના જિલ્લાના ગામમાં પિતાએ પોતાની બે પુત્રી અને ૧૨ વર્ષના પુત્રને કૂવામાં ફેંકી મારી નાખ્યા હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આરોપી સંતોષ ધોંડીરામ તકવાલેએ સંતાનોનાં મૃત્યુ અંગે પોલીસને જાણ કર્યા બાદ રવિવારે તેની ધરપકડ કરવામાં આવી હતી. સંતોષ તકવાલેએ પુત્ર સોહમ અને બે પુત્રી શિવાની (૮) તથા દિપાલી (૭)ને શનિવારે અંબડ તહેસીલના દોમેગાવ ગામના કૂવામાં ફેંકી દીધાં હતાં. ત્રણેય સંતાન સંતોષની પહેલી પત્નીનાં હતાં, જેનું અવસાન થયા બાદ સંતોષે બીજા લગ્ન કર્યાં હતાં, એમ અંબડ પોલીસ સ્ટેશનના ઇન્સ્પેક્ટર રઘુનાથ નાચને જણાવ્યું હતું. દરમિયાન આ પ્રકરણે ગુનો દાખલ કરીને સંતોષની ધરપકડ કરાઇ હતી. છત્રપતિ સંભાજી નગરના કચનેર ગામનો રહેવાસી સંતોષ તકવાલે હોટેલમાં કામ કરતો હતો અને શનિવારે તે સંતાનો સાથે દોમેગાવ ગામમાં આવ્યો હતો. આરોપીએ પોલીસને કૉલ કરીને પોતે સંતાનોની હત્યા કરી હોવાનું જણાવ્યું હતું અને બાદમાં મોબાઇલ સ્વીચ ઓફફ કરી દીધો હતો. (પીટીઆઇ)■

### વરિષ્ઠને થપ્પડ મારવી એ ગંભીર કૃત્ય

# કર્મચારીની બરતરફીના આદેશને હાઈ કોર્ટની બહાલી

મુંબઇઃ કર્મચારી દ્વારા વરિષ્ઠ નાગરિક પરના હુમલાને ગંભીર ગેરવર્તણૂક ગણાવતા બોમ્બે હાઈ કોર્ટે સુપરવાઇઝરને થપ્પડ મારનાર હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (એચપીસીએલ)ના કર્મચારીની ફરી નિમણૂક રદ કરી છે. કોર્ટે કહ્યું કે કાર્યસ્થળ પર શિસ્ત જાળવવા માટે બરતરફીનો આદેશ જાળવવો જરૂરી છે. અગાઉ, સેન્ટ્રલ ગવર્મેન્ટ ઈન્ડસ્ટ્રીયલ ટ્રિબ્યુનલે કર્મચારીને નોકરીમાંથી કાઢી મૂકવાની ઘટનાને ગંભીર ગણવાનો ઈન્કાર કર્યો હતો કારણ કે સુપરવાઈઝરને કોઈ ગંભીર ઈજા થઈ ન હતી.

કેસની ખાતાકીય તપાસ નિષ્પક્ષ રીતે હાથ ધરવામાં આવી ન હતી. તપાસ રિપોર્ટમાં ઘણી વિસંગતતાઓ જોવા મળી હતી. ટ્રિબ્યુનલે કર્મચારીને એક ઇન્ક્રીમેન્ટ રોકવા અને ૨૦ ટકા બેકવેજ ચૂકવવાનો આદેશ આપ્યો હતો. સપ્ટેમ્બર ૨૦૧૨ના આ નિર્ણયને એચપીસીએલ અને કર્મચારીએ હાઈ કોર્ટમાં પડકાર્યો હતો.

આ કેસમાં સામેલ કર્મચારીને એચપીસીએલ પ્રોડક્ટ્સનું તાપમાન રેકોર્ડ કરવાનું કામ સોંપવામાં આવ્યું હતું. લોડિંગ અને અનલોડિંગ દરમિયાન ઉત્પાદનના જથ્થાને નિર્ધારિત કરવા માટે તાપમાનના ચોક્કસ રેકોર્ડ રાખવા મહત્ત્વપૂર્ણ છે. તેણે સુપરવાઈઝરની વાત સાંભળવાને બદલે તેની સાથે મારપીટ કરી હતી. ખાતાકીય તપાસમાં કર્મચારી અભદ્ર વર્તન માટે દોષિત જણાતા તેને નોકરીમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. જસ્ટિસ મારનેએ કહ્યું કે આરોપીના અપરાધને સાબિત કરવા માટે રેકોર્ડ પર પૂરતી સામગ્રી છે અને કર્મચારીની અરજી ફગાવી દીધી. ■

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# સંસ્થા સમાચાર

## ભૂલેશ્વરના શ્રી જલારામ મંદિરમાં શ્રી રામનવમી ઉત્સવ ઉજવાશે

મુંબઈના ભૂલેશ્વરના જલારામ-બાપા ચૌક પાસે ઈ.સ. ૧૯૬૦માં સ્થપાયેલા શ્રી જલારામ મંદિરમાં શ્રી જય જલારામબાપા ચેરિટેબલ ટ્રસ્ટ (રજી.) દ્વારા તા. ૧૭-૪-૨૪ના બુધવારે ચૈત્ર સુદ ૯ના શ્રી રામનવમી ઉત્સવ સ. ૧૦થી પાદૂકા પૂજા અર્ચના સાથે શુભારંભ થશે. શ્રી જલારામ મંદિરના સદાવ્રત હૉલમાં શ્રી જલારામ મંદિર મહિલા ભજન મંડળના બહેનો સ. ૧૦ વાગ્યાથી ભજનની મધૂર સ્વરમાં રમઝટ બોલાવશે. બપોરે ૧૨ વાગ્યે મહાઆરતી ત્યારબાદ પ્રસાદ વિતરણ કરવામાં આવશે. ટ્રસ્ટી મંડળ તરફથી સર્વે ભક્તોને સમય ઉપર પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

## શ્રી સંકટ મોચન હનુમાન મંદિરમાં શ્રી રામનવમી ઉત્સવ ઉજવાશે

દક્ષિણ મુંબઈના વી.પી. રોડ, સિક્કાનગર પાસે ડૉ. દેશમુખ લેન ઉપર આવેલા તુલસીદાસ મેન્શન પાસે સ્વયંભૂ સંકટ મોચન હનુમાન મંદિરમાં ૧૪૩ વરસથી સેવા પૂજાની પરંપરા સતત ચાલુ રાખતા સ્વ. નિરંજન કરુણાશંકર પંડિયા મહારાજ પરિવારના મોટા પૂજારી ભાવેશ મહારાજ અને નાનાં પૂજારી ગોપાલ મહારાજએ મંદિરના મોટી સંખ્યામાં ભક્તગણોના સાથ સથવારે તા. ૧૭-૪-૨૪, બુધવારે ચૈત્ર સુદ ૯ના સવારના ૯ વાગ્યાથી શ્રીરામ પાદૂકા પૂજન પૂજા અર્ચના સાથે પ્રારંભ થયા બાદ ભક્તો હનુમાન ચાલીસા અને રામધૂન બોલાવીને બપોરે શ્રીરામ પાદૂકાની આરતી થશે. ત્યારબાદ સર્વે ભક્તોને શ્રીરામ પ્રસાદ વિતરણ કરવામાં આવશે.

## પ્રગતિ મિત્ર મંડળ

પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) તરફથી ટાટા મેમોરીયલ હૉસ્પિટલના કેન્સર પેશન્ટ તથા તેમના કુટુંબીઓની સહાય માટે શનિવાર, તા. ૬-૪-૨૪ના રોજ ગાડગે મહારાજ ધર્મશાળા (દાદર)માં લગભગ ૪૫૦ કેન્સરના દર્દીઓને સત્તુના લોટ, મહિલાઓ માટે સાડી, રોજિંદી જરૂરિયાતની વસ્તુઓ, રેડિમેડ ખીચડીના પેકેટ તથા રાત્રી ભોજન આપવામાં આવ્યા હતાં. આ કાર્ય સંસ્થાના માનદ્ મંત્રી ભાવેશ મહેતા, સહ ખજાનચી જયંતીભાઈ ગાંધી અને નિલેશ ગોરડીયા, કમિટી સભ્ય તથા ચેરપર્સન શિલ્પાબેન રાજ્યગુરુ, કમિટી સભ્ય હર્ષદાબેન મહેતા તેમ જ આમંત્રિત સભ્ય દિપ્તી મહેતા, જયશ્રીબેન દેસાઈ તથા સ્ટાફ સભ્ય જાગૃતીબેન ચલ્લાના હસ્તે કરવામાં આવ્યું હતું.

# વ્યાવસાયિક સોદામાં સરકારી કોન્ટ્રાક્ટર સાથે ₹ ૧૦.૮ કરોડની છેતરપિંડી: ચાર સામે ગુનો

થાણે: થાણેમાં વ્યાવસાયિક સોદા માટે બનાવટી દસ્તાવેજો તૈયાર કરીને સરકારી કોન્ટ્રાક્ટર સાથે રૂ. ૧૦.૮ કરોડની છેતરપિંડી આચરવા પ્રકરણે પોલીસે ચાર વ્યક્તિ વિરુદ્ધ ગુનો દાખલ કર્યો હતો, એમ અધિકારીએ જણાવ્યું હતું. શ્રીનગર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે આ પ્રકરણે ચાર જણ વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરાયો હતો. ચાર જણમાં દંપતીનો સમાવેશ હોઇ તેઓ બે કંપનીના ડિરેક્ટર છે.

ફરિયાદીએ આક્ષેપ કર્યો હતો કે આરોપી દંપતી તેમના અંધેરી એમઆઇડીસી અને પાલઘર ખાતેના ઇલેક્ટ્રિકલ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ યુનિટ્સ વેચવા ઇચ્છતા હતા અને તેમણે તેના તમામ સંબંધિત દસ્તાવેજો પણ દેખાડ્યા હતા. ફરિયાદીએ બાદમાં મેન્યુફેક્ચરિંગ યુનિટ્સની મુલાકાત પણ લીધી હતી, એમ અધિકારીએ કહ્યું હતું.

દરમિયાન ફરિયાદીએ બે પ્લાન્ટ ખરીદવા માટે રૂ. ૫.૮૨ કરોડ ચૂકવ્યા હતા અને થોડા દિવસ બાદ દસ્તાવેજોની ચકાસણી કરતાં તે બનાવટી હોવાનું જાણવા મળ્યું હતું.

આરોપીઓએ મૂળ દસ્તાવેજો રજૂ કર્યા નહોતા અને શેર્સ ફરિયાદીને નામે ટ્રાન્સફર કરવાનો ઇનકાર કરી દીધો હતો. આરોપી દંપતીએ બાદમાં તેમની થાણેની ઓફિસ પણ બંધ કરી દીધી હતી, એમ પોલીસે જણાવ્યું હતું.

ફરિયાદી સાથે કુલ રૂ. ૧૦.૮ કરોડની છેતરપિંડી આચરવામાં આવી હતી, જેમાં ફેક્ટરીઓ ખરીદવા માટે ચૂકવેલી રકમ અને એકમોમાં રોકાણમાંથી મેળવેલા નફાનો સમાવેશ છે. (પીટીઆઇ)

## અંધેરીના બારમાં બે મહિલા બાઉન્સરનો વિનયભંગ કરવા પ્રકરણે ચાર પકડાયા

મુંબઈ: અંધેરીના બારમાં બે મહિલા બાઉન્સરનો કથિત વિનયભંગ અને બારમાલિક પાસેથી આઈફોન તેમ જ બે લાખ રૂપિયાની ખંડણી માગવા બદલ પોલીસે ચાર જણની ધરપકડ કરી હતી. અંબોલી પોલીસે પકડી પાડેલા ચારેય આરોપીની ઓળખ ઈલિયાસ ખાન (૪૫), સાહિલ શેખ (૨૦), રફીક શેખ (૨૧) અને રોશન તરાઈ (૧૮) તરીકે થઈ હતી. ન્યૂઝ પોર્ટલ ચલાવતો ઈલિયાસ બારમાલિક વિકી અબ્દુલ હમીદ (૩૯)ને એક મહિનાથી ધમકાવતો હતો. બારમાં ગેરરીતિ ચાલતી હોવા સંદર્ભે મુંબઈ પોલીસને નએક્સથ પર ફરિયાદ કરવાની ધમકી આપી ઈલિયાસે આઈફોન અને બે લાખ રૂપિયાની માગણી કરી હતી.

## પાલઘરમાં હાઈવે પર બસ ઊંધી વળતાં પાંચ પ્રવાસી ઘાયલ

પાલઘર: પાલઘર જિલ્લામાં મુંબઈ-અમદાવાદ હાઇવે પર ખાનગી બસ ઊંધી વળતાં પાંચ પ્રવાસીને ઇજા પહોંચી હતી. સોમવારે મોડી રાતે આ અકસ્માત થયો હતો.

બસમાં ૩૬ પ્રવાસી હતા અને તે મુંબઈથી ગુજરાત જઇ રહી હતી ત્યારે મધરાતે ૧૨.૩૦ વાગ્યે તેને અકસ્માત નડ્યો હતો. હાઇવે પર ખાજલી ગામ નજીક ટાયર પંકચર થતાં બસ ઊંધી વળી ગઇ હતી અને પાંચ પ્રવાસીને ઇજા પહોંચી હતી. ઘાયલોને સારવાર માટે સ્થાનિક હોસ્પિટલમાં દાખલ કરાયા હતા, જેમાંના ત્રણ જણને ગંભીર ઇજા પહોંચી હોવાથી તેમને બાદમાં ભિલાડની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, એમ પોલીસે જણાવ્યું હતું. (પીટીઆઇ)

# છેલ્લા પાનાનું ચાલુ

### હિટવેવની ચેતવણી

હતો. દિવસ દરમિયામ કોલાબામાં મહત્તમત તાપમાન ૩૪.૭ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૪ ડિગ્રી નોંધાયું હતું. તો સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૭.૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૬ ડિગ્રી નોંધાયું હતું. તો નવી મુંબઈના રબાલેમાં ૪૧ ડિગ્રી જેટલું મહત્તમ તાપમાન નોંધાયું હતું, જે મુંબઈ, થાણે અને નવી મુંબઈમાં સૌથી હાઈએસ્ટ તાપમાન હોવાનું કહેવાય છે. નોંધનીય છે કે ચાલુ મોસમમાં અત્યાર સુધી મુંબઈમાં હાઈએસ્ટ મહત્તમ તાપમાન ૨૧ માર્ચ, ૨૦૨૪ના ૩૮.૮ ડિગ્રી નોંધાયું હતું. આ દરમિયાન સમગ્ર રાજ્યમાં સૌથી ઊંચુ તાપમાન માલેગાંવમાં ૪૨.૬ ડિગ્રી જેટલું નોંધાયું હતું. મુંબઈમાં અચાનક ગરમીમાં થયેલા વધારા બાબતે હવામાન ખાતાના અધિકારીએ જણાવ્યું હતું કે હાલ પૂર્વ દિશામાંથી ગરમ પવનો ફૂંકાઈ રહ્યા છે, તેથી તાપમાનમાં વધારો જણાઈ રહ્યો છે. તો દરિયા પરથી ફૂંકાઈ રહેલા પવનો પણ બપોરના ૧૨ વાગ્યા બાદ જમીન પર આવતા હોય છે, તેને કારણે પણ વાતાવરણમાં ગરમીનું પ્રમાણ વધી જાય છે. જો દરિયા પરથી ફૂંકાતા પવનો વહેલા જમીન પર આવે તો તે ઠંડા રહેતા હોય છે.

ગરમીનું મોજું ફરી વળવાને કારણે વાતાવરણ સુકુ થવાની સાથે વધતી ગરમીને કારણે નાગરિકોને ભરપૂર પાણી પીવાની આવશ્યકતા છે. એ સિવાય સવારના ૧૧ વાગ્યાથી બપોરના ચાર વાગ્યા દરમિયાન ઘરની બહાર નીકળવાનું ટાળવાનું પણ કહેવામાં આવ્યું છે. ઘરની બહાર નીકળો તો માથુ ઢાંકીને, આંખના સંરક્ષણ માટે ગૉગલ વાપરવાની સલાહ પણ નિષ્ણાતોએ આપી છે. હવામાન ખાતા દ્વારા એપ્રિમ મહિનાના બીજી અઠવાડિયાથી તાપમાનમાં વધારો થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે.

વેસ્ટર્ન ડિસ્ટર્બન્સને કારણે દેશના હવામાનમાં મોટો ફેરફાર જોવા મળી રહ્યો છે. દેશમાં અમુક સ્થળે કમોસમી વરસાદ તો અમુક જગ્યાએ હીટ વેવની અસર જોવા મળી રહી છે. એક તરફ રાજ્યના અમુક જિલ્લામાં ગરમીનું મોજું ફરી વળ્યું છે. તો બીજી તરફ કમોસમી વરસાદ અને માવઠાએ ખેડૂતોની ચિંતા વધારી છે.

### મુંબઈમાં ધારાવીમાં

દિવસ ૧૦૦ ટકા પાણીકાપ રહેશે. ધારાવી લૂપ માર્ગ, નાઈક નગર, પ્રેમ નગરમાં ગુરુવારના ૧૦૦ ટકા પાણીકાપ રહેશે. એ સિવાય ધારાવી લૂપ માર્ગ, ગણેશ મંદિર, દિલીપ કદમ માર્ગ, માહિમ ફાટક માર્ગ વિસ્તારમાં પણ ગુરુવારના ૧૦૦ ટકા પાણીકાપ રહેશે.

સાયન-માહિમ લિંક રોડ-સીક્સટી ફૂટ રોડ અને મહાત્મા ગાંધી નાઈન્ટી ફીટ રોડ, એમ.પી.નગર, સંત કક્કયા માર્ગમાં ગુરુવારના ૨૫ ટકા પાણીકાપ રહેશે.

### અનમોલ બિશ્નોઈના

પાંચ રાઉન્ડ ફાયર કરી બન્ને શૂટર ફરાર થઈ ગયા હતા. ગોળીબારની ઘટનાના ગણતરીના કલાકોમાં જ જેલમાં બંધ ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈના ભાઈ અનમોલ બિશ્નોઈના ફેસબુક પેજ પર એક મેસેજ પોસ્ટ કરાયો હતો. આ મેસેજમાં અનમોલ બિશ્નોઈએ સલમાનના નિવાસસ્થાન બહાર ગોળીબારની જવાબદારી સ્વીકારી હતી. જોકે સલમાનને ચેતવણી આપતા આ મેસેજમાં ભાગેડુ ગૅન્ગસ્ટર દાઉદ ઈબ્રાહિમ અને છોટા શકીલના નામનો ઉલ્લેખ પણ કરાયો હતો. મેસેજમાં લખવામાં આવ્યું હતું કે 'ઈસકે બાદ ગોલિયાં ખાલી ઘર પર નહીં ચલેંગી ઔર જિસ દાઉદ ઈબ્રાહિમ ઔર છોટા શકીલ કો તુમને ભગવાન માન રખા હૈ ઉસકે નામ કે હમને દો કુત્તે પાલે હુએ હૈ.'

અનમોલ બિશ્નોઈએ મેસેજમાં સલમાન ખાનની અન્ડરવર્લ્ડ ડૉન દાઉદ અને શકીલ સાથે સાઠગાંઠ હોવા તરફ ઇશારો કર્યો હતો. અનમોલનો આ મેસેજ સલમાન માટે મુશ્કેલી ઊભી કરે એવી શક્યતા પણ વ્યક્ત કરાઈ રહી છે. અન્ડરવર્લ્ડ-બોલીવૂડ કનેક્શનની તપાસ દરમિયાન ક્રાઈમ બ્રાન્ચે ૨૦૦૦માં ચોરી ચોરી ચુપકે ચુપકે ફિલ્મના નિર્માતા નઝીમ રિઝવી અને તેના મદદનીશ અબ્દુલ રહીમ ખાનની ધરપકડ કરી હતી. આ કેસમાં પછીથી ફિલ્મના ફાઈનાન્સર અને હીરાવેપારી ભરત શાહની પણ ધરપકડ કરવામાં આવી હતી. છોટા શકીલ અને બોલીવૂડની કેટલીક હસ્તી વચ્ચે થયેલી ટેલિફોનિક વાતચીતને ક્રાઈમ બ્રાન્ચે ટેપ કરી હતી. આ ટેપને આધારે તપાસ હાથ ધરી અન્ડરવર્લ્ડ અને બોલીવૂડ વચ્ચેની સાઠગાંઠનો પર્દાફાશ કરવામાં આવ્યો હતો. ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં તે સમયે સલમાન ખાનનું નામ પણ સામે આવ્યું હોવાની ચર્ચા હતી. શકીલે ધમકી આપવા માટે સલમાનને ફોન કર્યો હોવાનું પછીથી કહેવામાં આવ્યું હતું. તે સમયે આ કેસને કારણે ભારે હોબાળો મચ્યો હતો.

### મહાયુતિમાં ૯ બેઠકો

માટેની વાટાઘાટો હજી પણ ચાલી જ રહી છે.

રત્નાગિરી-સિંધુદુર્ગ, સાતારા, ઔરંગાબાદ, નાશિક, પાલઘર, થાણે, દક્ષિણ મુંબઈ, ઉત્તર-પશ્ચિમ મુંબઈ અને ઉત્તર-મધ્ય મુંબઈ આ નવ બેઠકો માટે ત્રણેય પક્ષો સંમત નથી થઇ રહ્યા. આ બેઠકો પર ટિકિટ મેળવવા ઇચ્છુક ઉમેદવારો તેમ જ કાર્યકર્તાઓ બધા જ આ બેઠકોને લઇને અસમંજસમાં હોવાનું દૃશ્ય ઊભું થયું છે. રત્નાગિરી-સિંધુદુર્ગ અને સાતારામાં ત્રીજા તબક્કામાં સાત મેના રોજ મતદાન હાથ ધરાશે જ્યારે ઔરંગાબાદમાં ૧૩મી મેના રોજ મતદાન યોજવામાં આવશે. બાકી બેઠકો પર ૨૦મી મેના રોજ પાંચમા તબક્કામાં મતદાન યોજાશે.

મુંબઈમાં ટિકિટ મેળવવા માટે ઇચ્છુક શિવસેનાના અમુક નેતાઓએ તો પોતાનો પ્રચાર પણ શરૂ કરી દીધો છે. હજી સુધી આ બેઠક ત્રણેય પક્ષમાંથી કોના ફાળે જાય છે, તે નક્કી નથી થયું એવામાં અમુક ઇચ્છુક ઉમેદવારોએ પોતાનો પ્રચાર શરૂ કરી દેતા ચર્ચાઓ પણ શરૂ થઇ છે.

૨૦૧૯ની ચૂંટણીમાં ઉક્ત બેઠકોમાંથી અવિભાજીત શિવસેના છ બેઠકો જીતી હતી. સૂત્રોએ જણાવ્યા મુજબ આમાંની અમુક બેઠકો પર ભાજપની નજર છે.

### દિલ્હી પોલીસ

અભિનેતાના નિવાસ બહાર ગોળીબાર બાદ મુંબઈ પોલીસ અને ક્રાઇમ બ્રાન્ચની ટીમો કામે લાગી ગઇ હતી. ગોળીબારના ગણતરીના કલાક બાદ ગેન્ગસ્ટર લોરેન્સ બિશ્નોઇના ભાઇ અનમોલના ફેસબૂક પેજ પર ગોળીબારની જવાબદારી સ્વીકારતો મેસેજ પોસ્ટ કરાયો હતો. જોકે ફેસબૂક પેજનું આઇપી એડ્રેસ કેનેડાનું હોવાનું તપાસમાં જણાયું હતું. આઇપી એડ્રેસ કેનેડાનું હોવા છતાં તેમાં વીપીએનનો ઉપયોગ કરાયો હોવાની શંકા છે. આથી પોલીસ દ્વારા તમામ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. સૂત્રોના જણાવ્યા મુજબ યુનાઇટેડ સ્ટેટમાં યોજના બનાવવામાં આવ્યા બાદ અનમોલ બિશ્નોઇએ ત્યાં રહેનારા રોહિત ગોદારા નામના ગેન્ગસ્ટરને શૂટર્સની વ્યવસ્થા કરવાનું કામ સોંપ્યું હતું. આ નિર્ણય સંભવતઃ ગોદારાના પ્રોફેશનલ શૂટર્સના ભારતના કેટલાક રાજ્યોમાં ફેલાયેલા નેટવર્કથી પ્રભાવિત હતો.

રાજસ્થાનના વતની રોહિત ગોદારનો કાલુ ઉર્ફે વિશાલ શૂટર છે. કાલુએ થોડા દિવસ પૂર્વે લોરેન્સ બિશ્નોઇના ઈશારે હરિયાણાના રોહતકમાં બૂકીની હત્યા કરી હતી. રોહિત ગોદરા લોરેન્સ બિશ્નોઇ ટોળકી સાથે સંકળાયેલો છે. સલમાન ખાનના નિવાસની બહાર ગોળીબારના તાર હરિયાણા સાથે જોડાતા હોવાથી હરિયાણા પોલીસ પણ સક્રિય થઇ ગઇ છે. કાલુ ફેબ્રુઆરીથી ફરાર છે. ૨૯ ફેબ્રુઆરી, ૨૦૨૪માં રોહતકના ધાબાના સીસીટીવી ફૂટેજમાં પણ કાલુને ઓળખી કાઢવામાં આવ્યો છે. કાલુ અને તેના સાથીદારને શોધવા માટે મુંબઈ ક્રાઇમ બ્રાન્ચની વિશેષ ટીમો દિલ્હી, રાજસ્થાન, જયપુર અને બિહાર ખાતે રવાના કરવામાં આવી છે.

### કાયદો-વ્યવસ્થા

હતી. હાઇ કોર્ટની આ બેન્ચ ભાજપના વિધાનસભ્યો ગીતા જૈન, નિતેશ રાણે અને તેલંગણના ભાજપના વિધાનસભ્ય ટી.રાજાએ આપેલા ભાષણ વિરુદ્ધ કરવામાં આવેલી અરજીની સુનાવણી હાથ ધરી રહી હતી.

જે દરમિયાન તેમણે મુંબઈ પોલીસને ઉક્ત આદેશ આપ્યો હતો. આ અરજીમાં ભાષણ દેનારા તમામ વિધાનસભ્યો વિરુદ્ધ એફઆઇઆર દાખલ કરવાની માગણી પણ કરવામાં આવી હતી. અરજદાર વતી દલીલ કરતા એડ્વોકેટ કરીમ પઠાણે દાવો કર્યો હતો કે રામનવમી દરમિયાન જાણીબૂઝીને આ રેલીઓ લઘુમતિ વિસ્તારોમાંથી તેમ જ મસ્જિદોની સામેથી કાઢવામાં આવે છે.

બેન્ચે સરકારી પક્ષના વકીલ એડ્વોકેટ જનરલ બિરેન્દર સરાફને સૂચના આપતા જણાવ્યું હતું કે શોભાયાત્રાના રૂટ (રસ્તા) બદલવામાં આવે તેની ખાતરી કરવી, નહીંતર તેના કારણે કાયદા અને વ્યવસ્થાનો પ્રશ્ન ઊભો થશે અને તમારે તેમ જ પોલીસને મુશ્કેલીનો સામનો કરવો પડશે.

### એકનાથ શિંદેનો

ચિહ્ન પણ મળી ગયું હતું, પરંતુ વિભાજિત શિવસેના કમજોર છે એવો દાવો કરીને ભાજપના નેતાઓ દ્વારા આ વખતે મુંબઈ અને રાજ્યમાં બેઠકોની સંખ્યા વધારવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

સ્થાનિક નેતાઓ દ્વારા લાવવામાં આવેલા દબાણ સામે શિંદે ન ઝૂકતાં આખરે મામલો દિલ્હીમાં ગયો હતો અને અમિત શાહે મનસેને મહાયુતિમાં સામેલ કરવાની ગુગલી નાખી અને ફરી શિવસેનાને માટે સમસ્યા નિર્માણ થઈ હતી કે તેમની મુંબઈની બેઠકો ઘટી શકે છે. આવી સ્થિતિમાં પોતાની બધી જ કૂનેહ અને ક્ષમતાને કામે લગાવીને શિવસેનાના નેતા એકનાથ શિંદે મુંબઈમાં ત્રણ બેઠકો મેળવવામાં સફળ થયા હતા. દક્ષિણ મુંબઈની બેઠક પર ભાજપની નજર હતી તે પણ ભાજપ પાસેથી લઈ લેવામાં શિંદેને સફળતા મળી હોવાથી નાર્વેકરની મનની મનમાં રહી ગઈ હોવાનું કહેવાઈ રહ્યું છે. આ બેઠક માટે મિલિંદ દેવરાને શિંદે સેનામાં લેવામાં આવ્યા છે, પરંતુ હજી સુધી આ બેઠક પરથી ઉમેદવારની જાહેરાત થઈ નથી. મુંબઈ દક્ષિણ મધ્યની બેઠક પરથી વર્તમાન સંસદસભ્ય રાહુલ શેવાળેને ફરી મેદાનમાં ઉતારવામાં આવશે એ બાબત તો પથ્થર પરની લકીર જેટલી સ્પષ્ટ છે.

વાયવ્ય મુંબઈની બેઠકના વર્તમાન સંસદસભ્ય ગજાનન કીર્તિકર શિંદે સેનામાં હોવા છતાં તેમને ઉમેદવારી આપી શકાય એમ નથી કેમ કે ઠાકરે સેના દ્વારા તેમના પુત્ર અમોલ કીર્તિકરને ઉમેદવારી આપવામાં આવી છે. આ બેઠક પરથી પિતા-પુત્રનો જંગ ન થાય એટલે તેમને ઉમેદવારી આપવામાં આવતી નથી. આથી જ આ બેઠક પર અમોલ કીર્તિકરને ટક્કર આપી શકે એવા સક્ષમ ઉમેદવારની તપાસ ચાલી રહી છે એમ શિવસેનાના આધારભૂત સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે.

### બાન્દ્રામાં ગોળીબાર

જાણવા મળ્યું હતું. ક્રાઈમ બ્રાન્ચની ટીમે પનવેલ પહોંચી બાઈકના માલિક અને બાઈક વેચવામાં મદદ કરનારા એજન્ટની પૂછપરછ હાથ ધરી હતી. પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે બાઈકના માલિકે થોડા દિવસ અગાઉ જ બાઈક વેચી નાખી હતી. એ બાઈક શૂટરોએ ખરીદી હતી. બન્ને શૂટર પનવેલના હરિગ્રામ પરિસરમાં ૨૧ દિવસથી ભાડેની રૂમમાં રહેતા હતા. નોંધનીય છે કે સલમાન ખાનનું ફાર્મ હાઉસ પણ પનવેલમાં આવેલું છે. પોલીસે હરિગ્રામ સ્થિત રૂમના માલિકની પૂછપરછ કરી હતી. એક વરિષ્ઠ પોલીસ અધિકારીના જણાવ્યા મુજબ આ કેસમાં સોમવારની મોડી સાંજ સુધી કોઈની ધરપકડ કરવામાં આવી નહોતી કે કોઈને તાબામાં પણ લેવાયા નહોતા. માત્ર આ કેસ સંબંધિત અમુક લોકોની પૂછપરછ કરવામાં આવી હતી. ગોળીબારની ઘટના બાદ પોલીસે આરોપીઓનું પગેરું મેળવવા માટે સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. ગોળીબાર કરી આરોપીઓ માઉન્ટ મૅરી ચર્ચ નજીક ગયા હતા. ત્યાં બાઈકને પાર્ક કરી બન્ને થોડે અંતર સુધી ચાલતા ગયા હતા અને પછી રિક્ષામાં બાન્દ્રા રેલવે સ્ટેશને પહોંચ્યા હતા. બાન્દ્રાથી બોરીવલીની ટ્રેન પકડી બન્ને સાંતાક્રુઝ સ્ટેશને ઊતરી ગયા હતા. બન્ને જણ સ્ટેશન બહાર જતા ફૂટેજમાં નજરે પડે છે.

### નારાજ કોંગ્રેસના

રહેશે. પુણેની ગિરીશ બાપટની બેઠક ભાજપનો ગઢ ગણાતો હતો અને તેમના મૃત્યુ બાદ આ બેઠક ખાલી પડી હતી. ધંગેકરે કસ્બા પેઠની મુક્તા ટિળકની બેઠક પર વિજય મેળવીને સનસનાટી ફેલાવી દીધી હતી.

#### કોંગ્રેસના નેતાઓ કેમ નારાજ છે?

રવિન્દ્ર ધંગેકરને ઉમેદવાર બનાવ્યા બાદ આબા બાગુલે જાહેરમાં પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. તેમણે પુણેમાં કોંગ્રેસ પાર્ટી કાર્યાલય (કોંગ્રેસ ભવન) ખાતે વિરોધ પ્રદર્શન પણ કર્યું અને પોતાની લાગણી વ્યક્ત કરી. તેમણે આરોપ લગાવ્યો હતો કે તેમની સાથે અન્યાય થયો છે. આબા બાગુલ ત્યારથી ભાજપના નેતાઓના સંપર્કમાં હતા અને દેવેન્દ્ર ફડણવીસના સંપર્કમાં હોવાની ચર્ચા હતી. આજે જ્યારે કોંગ્રેસના નેતા નાયબ મુખ્ય પ્રધાનને મળ્યા ત્યારે ચર્ચાઓએ વેગ પકડ્યો હતો.

#### આબા બાગુલ પાંચ વખત કોંગ્રેસમાંથી કોર્પોરેટર રહી ચૂક્યા છે

થોડા દિવસો પહેલા કોંગ્રેસના નેતા બાળાસાહેબ થોરાતે મહારાષ્ટ્રમાં લોકસભા ચૂંટણીને લઈને સમીક્ષા બેઠક યોજી હતી. આબા બાગુલે આ બેઠકમાં ભાગ લીધો ન હતો. કહેવામાં આવી રહ્યું છે કે આબા બાગુલ લોકસભા ચૂંટણીમાં રસ ધરાવતા હતા. કોંગ્રેસના ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર આબા બાગુલે એવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો કે પક્ષના વફાદારો જેમણે પુણેમાં ૪૦ વર્ષ સુધી કામ કર્યું છે તેમની સાથે અન્યાય કરવામાં આવ્યો હતો. કાર્યકર્તાને ન્યાય ન મળે તો ન્યાય યાત્રાનો શો ફાયદો, એમ કહીને તેમણે રાહુલ ગાંધીની ન્યાય યાત્રા પર પણ સવાલ ઉઠાવ્યા હતા. આબા બાગુલ પાંચ વખત કોંગ્રેસ પક્ષમાંથી કોર્પોરેટર તરીકે ચૂંટાયા છે.

# જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

દાઠા નિવાસી હાલ સાયન સ્વ. પ્રવિણચંદ્ર રતીલાલ દોશીના ધર્મપત્ની મંજુલાબેન (ઉં. વ. ૭૩) ૧૪-૪-૨૪, રવિવારના અરિહંતશરણ પામેલ છે. તેઓ ચંદ્રકાંતભાઈના ભાઈના પત્ની. અલ્પેશ તથા શીતલના માતુશ્રી. અ.સૌ. મેઘાના સાસુ. સલોની, ફેલીશાના દાદી. પિયરપક્ષે કાજાવદરવાળા મહેશભાઈ ભીમજી લાખાણી હાલ મુલુન્ડના બહેન. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. ઠે. અલ્પેશ દોશી, ૬૦૧, સુમીત લત્તા, સાયન દેરાસર પાસે, સાયન (વેસ્ટ).

**માંગરોળ દેરાવાસી જૈન**

માંગરોળ નિવાસી, હાલ સાંતાક્રુઝ સ્વ. સુશીલાબેન શાંતિલાલ હરકિશનદાસ દલાલના પુત્ર નિરંજનભાઈ (ઉં. વ. ૭૯) તે સ્વ. જ્યોત્સનાબેનના પતિ. અજેશ, નિમેષ, પુર્વીના પિતા. અલ્પા, નેહા અને વિશાલભાઈના સસરા. સ્વ. દિલીપભાઈ-વર્ષાબેન, સ્વ. કિરીટભાઈ-મધુબેન, ડૉ. રાજેન્દ્રભાઈ-ડૉ. જ્યોતિબેનના ભાઈ. દેવાંશ, વામાના દાદા ૧૪-૪-૨૪, રવિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

વિજાપુર નિવાસી હાલ સાયન-ચુનાભઠ્ઠી સ્વ. મુળજી નાથાલાલ પિપલિયાના સુપુત્ર અનિલકુમાર (ઉં. વ. ૭૨) તે ઇંદુબેનના પતિ. હેતલ, દિપેશ, બિજલના પિતાશ્રી. ભરતકુમાર ભટ્ટ, ભૂષણ પરાડકર અને જિનલનાં સસરા. હસમુખલાલ, ચિમનલાલ, સ્વ. કિશોરભાઇ, છબીલભાઇ, સ્વ. ધીરજભાઇ, અરુણાબેન હર્ષદરાય પંચમિયા, સ્વ. ભાવનાબેન રમેશકુમાર દોશીના ભાઇ. સ્વ. મુળચંદ કાળીદાસ હેમાણીના જમાઇ. તા. ૧૪-૪-૨૪ રવિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

લાઠી નિવાસી, હાલ સાંગલી અ. સૌ.માલતીબેન દિલીપભાઈ રમણીકલાલ શાહ (ઉં. વ. ૬૮) તા. ૧૪ એપ્રિલના રવિવારે અરિહંતશરણ પામ્યા છે. તે દક્ષતા સંજય ગોડા, નયન, રચનાના માતા. નીવ અને રેયાંસના દાદી. વિરાજના સાસુ. હસમુખ, અરુણા, નલિની અને ઉષાના ભાભી અને સ્વ. નિર્મળાબેન ગુલાબરાય મહેતાના પુત્રી. તેમની પ્રાર્થનાસભા તા. ૧૮ એપ્રિલના ગુરુવારે ૧૧થી ૧૨. સ્થળ: માહેશ્વરી ભવન, મહાવીર નગર, સાંગલી.

**ઝાલાવાડી દશાશ્રીમાળી સ્થાનકવાસી જૈન**

રાજ સીતાપુર નિવાસી હાલ કાંદિવલી સ્વ.સુરજબેન લક્ષ્મીચંદ શાહના દીકરા. ધ્રાંગધ્રા નિવાસી શેઠ શ્રી શાંતિલાલ હંસરાજ દફતરીના જમાઈ સ્વ.સુરેશભાઈ (ઉં. વ. ૮૪) તા. ૧૪.૪.૨૦૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વાતીબેનના પતિ. સંદીપ, શીતલ, સુનિલના પિતાશ્રી. અમી, સુનિલકુમાર ગોસલીયા, ફાલ્ગુનીના સસરા. કરણ, કિંજલ, વત્સલના દાદા, લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે. સુનિલ શાહ, બી-૭૦૫, બ્લુ તુલિપ બિલ્ડીંગ, એકતા નગર, કાંદિવલી વે.

**પાટણ સાંડેસરા જૈન**

કસુંબીયા વાડો હાલ બોરીવલી મુકેશભાઈ શાંતિલાલ શાહ (ઉં. વ. ૬૪) તે ૧૪/૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. તે નીતાબેનના પતિ. મેઘા તથા દર્શનના પિતા. સ્વરા તથા અનીલકુમારના સસરા. નરેશભાઈ તથા સ્વ. ભરતભાઈના ભાઈ. સ્વ. સોનલ તથા આરતીબેનના દિયર. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થા જૈન**

અમરેલી નિવાસી હાલ મલાડ બાવચંદ વલ્લભદાસ ટોલીયા (ઉં. વ. ૯૦) તે સ્વ.પુષ્પાબેનના પતિ. મિતેષ તથા દર્શનાના પિતા. પૂનમ તથા અફઝલભાઈના સસરા. સ્વ.રસિકભાઈ, સ્વ.બચુભાઈ, સ્વ.બાબાભાઈ, રમાબેન તથા મધુબેનના ભાઈ. મોટા સમઢીયાળા નિવાસી સ્વ.મણિલાલ અમરશી દેસાઈના જમાઈ. ૧૨/૪/૨૪ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થના તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

રાયણ (હાલે ભાવનગર)ના અ.સૌ. અવની મિતેષ સાવલા (ઉં. વ. ૪૬) તા. ૧૨-૪-૨૪ના અવસાન પામેલ છે. પુષ્પા ધીરજના પુત્રવધૂ. મિતેષના પત્ની. ચંચળબેન કંચનભાઇના પુત્રી. ચિરાયુના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઘરે આવવાની તસ્દી લેવી નહીં. ઠે. મિતેષ શાહ, ગુરૂકૃપા, બાબાભાઇની ચાલ, રૂપાણી, ભાવનગર.

ગુંદાલા હાલે બીજાપુરના માતુશ્રી દમયંતીબેન (બચુભાઇ) દામજી માલશી રાંભીયા (ઉં. વ. ૯૦) તા. ૧૪-૪-૨૪ના અવસાન પામેલ છે. દામજીના પત્ની. નંદા, જીતેન્દ્ર, જસ્મીન, વર્ષા, કેતન, કોમલના માતુશ્રી. કારાઘોઘાના માતુશ્રી મણીબાઇ મુરજી લાલજી નાગડાના પુત્રી. ભવાનજી, લખમશી, મેઘજી, દામજી, ઉત્તમચંદ, કેસરબેન રવજી, દમયંતી મણીલાલ, હેમકુંવર મુલચંદના બહેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. જીતેન્દ્ર દામજી, અંબીકા હાઉસ, સ્ટેશન રોડ, બીજાપુર, કર્ણાટક.

ડેપાના દામજી ઉમરશી રાંભીયા (ઉં. વ. ૭૭) તા. ૧૪-૦૪-૨૪ના અવસાન પામેલ છે. દેવકાબેન ઉમરશી પાલણના પુત્ર. દમયંતીના પતિ. દીલીપ, ભાવિનના પિતા. સ્વ. નાગજી, સ્વ. પોપટલાલ, પ્રવિણ, નાની તુંબડીના ચંચલ ગણપત, ઇંદુમતી ચુનીલાલ, પુનડીના ભાનુમતી હરીલાલ, તલવાણાના સુનીતા જયંતીલાલના ભાઇ. પત્રીના ઝવેરબેન ખીમજીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. બાર નવકાર ગણવા. નિવાસ : દમયંતી રાંભીયા, ૪૦૨, રામેશ્વર, ધોબી આળી, મુંબ્રા કંપાઉન્ડ, થાણા (વેસ્ટ).

પુનડીના કાંતિલાલ લાલજી સંગોઈ (ઉં. વ. ૮૩) તા. ૧૩-૪-૨૦૨૪ ના અવસાન પામ્યા છે. રતનબાઈ લાલજી ઉમરશીના સુપુત્ર. જવેરબેનના પતિ. હિતેશ, કલ્પા, ધર્મેશના પિતાશ્રી. જીવરાજ, ગણપત, ફરાદી મોંઘીબેન કેશવજી, કોડાય સુંદરબેન મુલચંદ, મોટા આસંબીયા ગાંગબાઈ દામજીના ભાઈ. મોટા આસંબીયા લાછબાઈ હીરજી દેવશીના જમાઈ. પ્રા. માટુંગા ક.મૂ.શ્વે. જૈન સંઘ : નારાણજી શામજી વાડી (ટા. ૩.૩૦ થી ૫), નિ. કાંતિલાલ લાલજી : ૬૦૧, અન્નપૂર્ણા ભવન, મહિલા આશ્રમ રોડ, માટુંગા, મું-૧૯.

# પારસી મરણ

કુંવર કાવસ કોન્ટ્રાક્ટર તે નવાઝ કુંવર કોન્ટ્રાક્ટરના ખાવીંદ. તે મરહુમો રોદા તથા કાવસ કોન્ટ્રાક્ટરના દીકરા. તે અનાહીતા ને પરીઝાદના બાવાજી. તે બુરઝીન એચ ચારનાના સસરાજી. તે નોશીરને મરહુમ ઝરીન સાયરસીના ભાઈ. તે મરહુમો ગુલાને કેકી ઈરાનીના જમઈ. (ઉં.વ. ૮૧) રે. ઠે. ૩૪/૬, માનવ મંદિર, વરલી હીલ રોડ, વરલી, મુંબઈ-૪૦૦ ૦૧૮. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૬-૪-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે ભુલાભાઈ દેસાઈ રોડ મધે સાહેર અગ્યારીમાં કરવામાં આવશે.

ધન ફીરોઝ જીજીભોય તે મરહુમ ફીરોઝ ખુરશેદજી જીજીભોયના વિધવા. તે મરહુમો દીનામાય તથા નાદીરશા સરકારીના દીકરી. તે સાયરસ, પરસીસ ફીરોઝ મોરીસ ને અસ્પીના મમ્મી. તે ફીરોઝ પદમ મોરીસ, પરવીન એ. જીજીભોય, અરનવાઝ એ. જીજીભોયના સાસુજી. તે મરહુમો માનેક ને અદીના બહેન. તે નૈનશાદ, કરીસ્મા ને ડેલનાઝના મમયજી. (ઉં.વ. ૯૧) રે.ઠે.: સુમન અપાર્ટમેન્ટ, ફ્લેટ નં-૧, ભોયતળિયે, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૧૬-૪-૨૪ને બપોરે ૩.૪૦ કલાકે ગ્રાન્ટ રોડ મધે મીઠાઈવાલા અગ્યારીમાં.

# હિન્દુ મરણ

**હાલાઈ લોહાણા**

મૂળ કુતિયાણા (જિલ્લો પોરબંદર)ના ગુણવંતીબેન જયંતીલાલ સોમૈયા (ઉં. વર્ષ ૯૩)નું સોમવાર, તા. ૧૫-૪-૨૪ના અવસાન થયું છે. તેઓ સ્વ. રોહિતભાઈ, સ્વ. પલ્લવીબહેન, કિરીટભાઈ અને ધવલભાઈના માતૃશ્રી. ત્રિભુવનદાસ દામજી સોમૈયાના પુત્રવધૂ અને મણીબેન હરિદાસ રાયચુરા તથા હરિદાસ ભગવાનજી રાયચુરાના પુત્રી. તેઓ જાનવી સુશીલ શેટ્ટી તથા નીલ સોમૈયાના દાદી તેમ જ ડૉ. મેઘા સોમૈયા અને હર્ષા સોમૈયાના સાસુ. તેઓ સુશીલ શેટ્ટી અને દિવ્યા નીલ સોમૈયા દાદી સાસુ.

**ઈડર દરજી સમાજ**

સાવલવાડ, તા.- ઈડર નિવાસી જતીન જરીવાલા (ઉં. વ. ૫૧) તે સૌ. મમતાના પતિ. તે કરણના પિતાશ્રી. તે કમલેશ-અર્ચનાના ભાઈ. તે ચંદ્રીકાબેન વસંતભાઈ દેવચંદભાઈ જરીવાલાના પુત્ર ૮-૪-૨૪ના મુંબઈમાં શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા ૧૮-૪-૨૪, ગુરુવારે ૪થી ૫, બ્રહ્મક્ષત્રિય સોરઠિયા વાડી, પાંજરાપોળ ગલી નં. ૩, સી.પી. ટેન્ક, મુંબઈ-૪૦૦૦૦૪.

**ઘોઘારી દશા દિશાવળ**

સ્વ. સાવિત્રીબેન વ્રજલાલ મહેતાની પુત્રી અ. સૌ. સુધાબેન અનિલ કાનાણી (ઉં. વ.૭૮) તા. ૧૪-૪-૨૪ના રવિવારે મુંબઇ મુકામે શ્રીજીચરણ પામેલ છે. તે ફાલ્ગુન, રચના પારેખના માતુશ્રી. તે ફાલ્ગુની તથા રોનકના સાસુ. તે રિશાન તથા મીરાંશના દાદી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મણીબાઇ શીવજી ભવાનજી ઠક્કરના નાના પુત્ર ડોલર શીવજી (ઉં. વ. ૬૭) ગામ ભુજ હાલ મુલુંડ તે ગં. સ્વ. પ્રતીમાના પતિ. તે લક્ષ્મીબેન શામજી મડિયારના નાના જમાઇ. તે જાદવજી મોનજી સેજપાલ ભુજવાલાના દોહિત્ર. તે સ્વ. લક્ષ્મીદાસ, સ્વ. પ્રભુદાસ દેવેન્દ્રભાઇ ધીરજ, અનુસ્યાબેન જદેન્દ્રભાઇ તથા સુશીલાબેન મહેન્દ્રભાઇ આઇયાના નાના ભાઇ. તે સ્વ. નિર્મળાબેન, સ્વ. દમયંતીબેન હસુમતીબેન તથા તરલીકા (રમા)ના દેર, તા. ૧૩-૪-૨૪ને શનિવારે શ્રીરામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા મંગળવાર તા. ૧૬-૪-૨૪ ટા.૫થી ૭. ઠે. ગોપુરમ ડો. આર. પી. રોડ, કૃષ્ણ સરિતા સ્કૂલની બાજુમાં, મુલુંડ (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

લંગાળાવાળા (હાલ કાંદિવલી) ગં. સ્વ. પ્રભાવતીબેન હરકીસનદાસ પરષોતમ મોદી (ઉં. વ. ૮૩) તા. ૧૪-૪-૨૪ના શ્રીજીચરણ પામેલ છે. તે હરેશ, પરેશ, જયેશ, વર્ષા, સ્વ. હર્ષા, કુસુમ (કવીતા) ક્રિષ્ણાનાં માતુશ્રી. તે વિણા, રશ્મી, તેજલ, સ્વ. અશ્વીનકુમાર, વિજયકુમાર, નિતીનકુમાર, જતીનકુમારનાં સાસુ. તે સ્વ. લાભુબેન વેણીલાલ મહેતા, સ્વ. ચંપાબેન હરજીવનદાસ, સ્વ. નવીનભાઇ, વસંતભાઇના ભાભી. તે ભાડવાકીયાવાળા સ્વ. નરોતમદાસ વનમાળીદાસ મોદીનાં દીકરી. તે રોનક, મિત્તલ, પાર્થ, રીમા, ધીર, હર્ષ, કુશલ, સ્મીત, કીયાનનાં દાદી. પ્રાર્થનાસભા ગુરુવાર, તા. ૧૮-૪-૨૪ના ૪થી ૬. ઠે. હાલાઇ લોહાણા બાળાશ્રમ હોલ, અતુલ ટાવરની બાજુમાં, મથુરાદાસ રોડ, કાંદિવલી (વેસ્ટ).

**હાલાઈ ભાટિયા**

સ્વ. નિમિતા સંપટ વીરજીયાણી (ઉં. વ. ૫૮) ધીરેન ગોકલદાસના ધર્મપત્ની. સ્વ. વસંતબેન ગોકલદાસ તથા જયવંતી નરોત્તમના પુત્રવધૂ. સનિલ તથા ઉચિતાના માતુશ્રી અને સૌ. વિધિના સાસુમા. જયશ્રી અને અંજનાના ભાભી. સ્વ.મૃદુલા હરેન્દ્ર કજરિયાના સુપુત્રી તા. ૧૩-૪-૨૪ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ ભાટિયા**

જામ ખંભાળિયા, હાલ કાંદિવલી, રવિન્દ્ર (ઉં. વ. ૭૩), તે સ્વ.પુષ્પા પુરષોત્તમ આશરના સુપુત્ર. જયશ્રીબેનના પતિ. સ્વ. મીનાક્ષી મથુરાદાસ નેગાંધીના જમાઈ. મંજરી તથા ધ્રુવના પિતાશ્રી. સ્વ. પ્રતાપભાઈ, મહેન્દ્રભાઈ, ગં.સ્વ.જ્યોતિબેન, સ્વ. ઈન્દુબેન તથા સ્વ. રશ્મીબેનના ભાઈ. ધર્મેશ તથા મેઘનાના સસરા તા. ૧૪-૦૪-૨૦૨૪ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા તા. ૧૬-૦૪-૨૦૨૪ના ૦૫:૦૦ થી ૦૬:૩૦ લોહાણા મહાજન વાડી, એસવી રોડ, કાંદિવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઈ લોહાણા**


મુળ ગામ જામ-જોધપુર હાલ પંજીમ ગોવા નિવાસી શ્રીમતી લીલાવતીબેન રાજાણી (ઉં. વ.૮૬) તે ધીરજલાલ દામોદર રાજાણીના ધર્મપત્ની, રાજકોટ નિવાસી સ્વ. મુક્તાબેન કલ્યાણજીભાઇ ભરાણીયાના પુત્રી. ચેતના સુનીલ માખેચા, હરીશ, મનોજ તેમજ વર્ષા અશોક હંસરાજના માતુશ્રી. શર્મીલા, નીતાના સાસુમા. મનહરલાલ દામોદર અને નિરંજનાબેન મનહરલાલના ભાભી. અર્જુન, રિચા, શ્વેતા, આંકન, ધ્રુવ, સ્તુતિ, હર્ષ, રાહુલ મોનાલી, મનસા, હેમના જય, સોનક, જયનિક, વેદ, ઝિયન, યુવેન, ધૈયા, અથર્વના દાદી/નાની તા. ૧૪/૦૪/૨૦૨૪ના પણજી ગોવા મુકામે શ્રીજીચરણ પામ્યાં છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી રાજગોર**

ગામ ફરાદીના હાલે ભાઈંદર સ્વ. મણિશંકર તુલસીદાસ પેથાણીના પુત્રવધૂ. ગં. સ્વ. જાનકીબેન જયંતીલાલ (ઉં. વ. ૬૭) તા.૧૪/૪/૨૦૨૪ રવીવારના રામશરણ પામેલ છે.તે સ્વ. શામાબાઈ ભાણજી મોતા ગુંદિયાળીના પુત્રી. તે સ્વ.કેશવજી તુલસીદાસ, સ્વ.મુરજીભાઈ તુલસીદાસ, રમણીકભાઈ દયારામના ભત્રીજાવહુ. સ્વ.જયાબેન, અ.સૌ.આશાબેનના જેઠાણી. કાંતિલાલ અને સ્વ.નરેન્દ્રભાઈના ભાભી. નિલેશ, દિપક, દીપ્તિ, મનીષાના માતુશ્રી. નીતાબેન,નિરાલીબેનના સાસુ. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|



# અમર ફળ ઉર્ફે આમ્ર ફળ

## પણ યાદ રાખો ઉતાવળે આંબા ન પાકે

feedback@bombaysamachar.com
કવર સ્ટોરી
મુકેશ પંડ્યા

**પુરાણોમાં** આંબાને 'અમર ફળ' કહીને નવાજવામાં આવ્યો છે. 'અમર ફળ' પરથી અપભ્રંશ થઈને બનેલા 'આમ્રફળ'ના દરેક અંગ જેમ કે છાલ, ગર્ભ, ગોટલી તો માનવજાતને ઉપયોગી છે જ પરંતુ આંબાનાં પાન અને થડ પણ એટલાં જ ઉપયોગી છે. પૂજા-પાઠનો પ્રસંગ હોય કે સત્યનારાયણની કથા, મહારાજ પાણીથી ભરેલા તાંબાના કળશ પર આંબાનાં પાંચ પાન અવશ્ય મૂકે પછી તેના પર શ્રીફળ ગોઠવે. વાતાવરણમાંથી હકારાત્મક તરંગો શ્રીફળની માફક આંબાના પાન પણ ખેંચી શકે છે. મહારાષ્ટ્રિયનો ગૂડીપડવાના દિવસે જે ગૂડી બાંધે છે એમાં લીમડાનાં પાન સાથે આંબાનાં પાન પણ હોય છે.

લગ્ન પ્રસંગ કે અન્ય અવસર પર ઘરના બારણે આંબાનાં પાનનું તોરણ અવશ્ય બંધાય છે. આંબાનાં પાન માત્ર હકારાત્મક તરંગો જ ખેંચી નથી લાવતાં, વાતાવરણમાં ગરમીનું નિયમન કરવામાં પણ અગત્યનો ભાગ ભજવે છે. આમ તો દરેક વૃક્ષ પૃથ્વી અને વાતાવરણનું ઉષ્ણતામાન જાળવવામાં મદદરૂપ થાય જ છે, પરંતુ અગાઉના લેખોમાં જણાવ્યું હતું તેમ કેસુડો, બીલી, ગુલમહોર, આંબો અને લીમડો જેવાં વૃક્ષો જ્યારે આપણને જરૂર હોય ત્યારે એટલે કે ઉનાળાની કાળઝાળ ગરમીમાં ખરા અર્થમાં મદદરૂપ થાય છે. આ ઋતુમાં પડતો સૂર્યનો આકરો પ્રકાશ અને ગરમી પોતે ઝીલીને તેનું ફૂલ કે ફળમાં રૂપાંતર કરતાં હોય છે અને માનવજાતને ઠંડક પ્રદાન કરતાં હોય છે.

હોળીના દિવસે નવા જન્મેલા બાળકોને આંબાનો મ્હોર પાવાનો રિવાજ છે. એ પણ સંપૂર્ણ વૈજ્ઞાનિક છે. આવનારી ગરમી અને 'લૂ'થી થતાં દર્દોથી બાળકનું રક્ષણ થાય એવો આશય આ રિવાજ પાછળ હોય છે. ભરબપોરે પણ બાળકો આંબા કે લીમડા નીચે રમતાં હોય તો ઠંડક જ લાગે. આયુર્વેદમાં પણ કેરીની ગરમીનો પ્રતિકાર કરતી ઔષધિ તરીકે જ ગણના થાય છે. 'આરોગ્યની બારમાસી'ના લેખક વૈદ્ય 'ચિકિત્સક' જણાવે છે કે આજના ઔષધશાસ્ત્રી તો કેરીને ગ્રીષ્મઋતુનું ઊંચા પ્રકારનું ઔષધ જ માને છે. કેરીમાં એવા ગુણો છે જે ગરમ ઋતુના દોષોને દૂર કરી મનુષ્યને પોષણ અને બળ આપી નિરોગી રાખે છે. ભારત જેવા ગરમ પ્રદેશમાં ગરમીની ઋતુમાં કેરીનું આગમન થાય છે એ ખરેખર કુદરતે આપણા પર કરેલો મોટો ઉપકાર જ છે.

એક સર્વેક્ષણ પ્રમાણે યુવાનોને સહુથી વધુ સતાવતો રોગ એટલે એસિડિટી. એમાં પણ આજના ઈન્સ્ટન્ટ અને જંક ફૂડ આરોગતા હોય તેમનામાં પિત્તવર્ધક રોગનું પ્રમાણ ઘણું વધી ગયું છે. આવા સંજોગમાં કેરીનું વિવેકપૂર્ણ સેવન અમૃત બનીને કામ આપે એમાં કોઈ શંકા નથી. કેરી ગરમીથી થતા તાવ, મરડો, કબજિયાત, લૂ-લાગવી વગેરે બીમારીથી પણ રક્ષણ આપે છે.

લીવરના દોષો, કમળો કે આંતરડાની ગરમીના દર્દોમાં પણ કેરી અને કેરીની ગોટલી ખૂબ જ ઉપયોગી છે. લીવરને જે તત્ત્વોની જરૂર પડે છે તેવા તૂરાં અને ખાટા-મીઠાં રસવાળા તત્ત્વો કેરીમાંથી મળી રહે છે. ક્ષયના અનેક પ્રકારોમાં આમ્રપ્રયોગ પણ મહત્ત્વની ઔષધિ સાબિત થાય છે.

ઘણાં લોકો કેરીને વાયુકર્તા માને છે. પરંતુ અગાઉ કેરી ખાવાની જે પદ્ધતિ હતી તે ખૂબ જ સારી હતી. કેરીને થોડો સમય પાણીમાં પલાળી, પછી ઘોળીને ચૂસીને ખાવાથી કેરી ખાવાનો આનંદ તો મળે જ છે સાથે વાયુકારક બનતી નથી. અત્યારે આપણે કેરીને કાપીને રાખીએ છીએ કે પછી રસ કાઢીને રાખીએ છીએ પછી તેનું સેવન કરીએ છીએ એ વાયુકારક બની શકે ખરો, પરંતુ કેરીના રસમાં સૂંઠ અને ઘી ભેળવીને ખાવામાં આવે તો વાયુની અસરને ઘણા અંશે નાબૂદ કરી શકાય. આમ્રવૃક્ષનાં લાકડાં પણ હવન-યજ્ઞ કાર્યમાં સમિધ તરીકે વાપરવામાં આવે તો વાતાવરણમાં ઠંડક શુદ્ધિ ફેલાવવામાં નિમિત્ત બની શકે છે.

આમ, પોતાનું અંગેઅંગ માનવજાત માટે ન્યોછાવર કરતો આંબો, આંબો વાવનારા અને તેનું રક્ષણ કરનારા પૂર્વજો તેમ જ આંબાને ધાર્મિક ક્રિયા, પૂજા અને સામાજિક પ્રસંગો સાથે સાંકળી લેનાર ઋષિમુનિઓને કોટિ કોટિ પ્રણામ.

**ધીરજનાં ફળ મીઠા છેઃ** કેરીની જ વાત નીકળી તો એક આડ વાત કહેવાનું મન થાય છે. આજે તમે કોઈને પણ પૂછશો તો એમ જ કહેશે કે આ વખતે કેરી ખાવાની મજા ન આવી. પૈસા ખર્ચીનેય સારી ગુણવત્તા ધરાવતી કેરી નથી મળતી. કેરીમાં જે અસલી સ્વાદ અને કુદરતી મીઠાશ છે એ માણવા મળતાં નથી.

'ઉતાવળે આંબા ન પાકે' કે 'ધીરજના ફળ મીઠાં હોય છે.' આવી ઉક્તિઓ કહેવતમાં જ સ્થિર થઈ ગઈ છે. આજના ધંધાદારી યુગમાં આ કહેવતનો અમલ થાય છે કે નહિ એ એક શંકાનો વિષય છે. માત્ર કેરી જ નહિ કોઈ પણ ફળ એની સિઝન પહેલાં માર્કેટમાં દેખાવા લાગે છે. ફળ ઝાડ પર પરિપક્વ થાય પછી જ તોડવા જોઈએ. કેરીની સાખ પડે, એક બે કેરી પીળી દેખાવા લાગે, તેનું બહારનું પડ નરમ કપડે અને આપોઆપ નીચે પડે ત્યારે જ કેરી પાડવાની હોય. પરંતુ આજે તો કેરી વેચવાનો અને નિકાસ કરવાનો ધંધો થઈ ગયો છે. આમાં જરૂર કરતાં વહેલી કેરીઓ ઉતારીને, પછી રસાયણથી કૃત્રિમ રીતે પકાવવામાં ક્યાંક કુદરતના નિયમનું ઉલ્લંઘન તો થતું નથી ને? ખરેખર તો કેરી વૈશાખ-જેઠનું ફળ છે. પણ (જુઓ પાનું ૯) ▸▸



feedback@bombaysamachar.com
આહારથી આરોગ્ય સુધી
ડૉ. હર્ષા છાડવા


# સારા શારીરિક બંધારણ માટે જરૂરી છે પ્રોટીન

આજે વિશ્વ બજારમાં લોકો સૌથી ઝડપી, ગીચ અને વ્યસ્ત સમયમાં જીવી રહ્યા છે. આર્થિક રીતે સદ્ધર પણ દિવસભરમાં ઘણાં કાર્યો કરવા પડે છે. આઠથી દસ કલાક બેસી રહેવું પડે છે. આ બેઠાડુ જીવનના કારણ સ્વાસ્થ્ય જાળવવામાં નિષ્ફળ રહે છે. આજકાલ જીવન મોંઘું અને મુશ્કેલ તેમ જ બિન આરોગ્ય પ્રદ બની ગયું છે. વિશ્વભરમાં ટેકનોલોજીના કારણે જીવન સરળ અને આરામદાયક બની ગયું છે. પણ સ્પર્ધાને કારણે વ્યક્તિ વધુ વ્યસ્ત અને માનસિક તાણવાળો બની ગયો છે. સ્વસ્થ જીવન માટે સમતોલ આહાર સમયસર આહાર લઇ શકતો નથી. તેથી સ્વાસ્થ્યના પડકાર વધુ ઝીલી રહ્યો છે. સ્વાસ્થ્ય પ્રદ ખોરાક જ લાંબા સમય સુધી કામ કરવાની ક્ષમતા આપે છે તેમ માનસિક સ્વાસ્થ્ય અને સામાજિક પ્રવૃત્તિ માટે પણ જરૂરી બની જાય છે.જીવનને આનંદમયી રાખે છે તેમ જ જીવનમાં આવતા તમામ પ્રકારના પડકાર કે સમસ્યાનો સામનો કરવાની ક્ષમતા આપે છે.

ટેકનોલોજીવાળો ખોરાક સારા પ્રોટીનની ગરજ પૂરી નથી કરતો. શરીરના સારા સ્વાસ્થ્ય માટે પ્રોટીન એ મહત્ત્વપૂર્ણ છે. મજબૂત શરીર માટે પ્રોટીનની આવશ્યકતા છે. આપણું શરીર પ્રોટીન બનાવવા અમાયનો એસિડનો ઉપયોગ કરે છે. અમાયનો એસિડ શરીરમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. જે શરીરમાં ઉત્તકોનો વિકાસ અને ક્ષમતા જાળવે છે. શરીરમાં સમારકામ કરે છે. હાર્મોન અને મસ્તિષ્કનાં રસાયણો બનાવે છે. સ્વસ્થ ત્વચા, વાળ અને નખ બનાવે છે. માંસપેશીઓ બનાવે છે. સ્મરણશક્તિ અને કાર્યશક્તિ જાળવી રાખે છે. આ અમાયનો વીસ પ્રકારના છે. આપણને તેમાંથી મહત્ત્વપૂર્ણ અમાયનો નવ પ્રકારના છે. સારા અમાયનો એસિડ એ સ્વસ્થ અને તાજા ખોરાકમાંથી બને છે. જંકફૂડ અને બહારના ખાદ્ય પદાર્થથી ખોરવાઇ જાય છે. પરિણામે પ્રોટીન નબળા થઇ જાય છે. શરીરમાં બીમારીનો પ્રભાવ વધી જાય છે.


અમાયનો એસિડનાં મુખ્ય સ્ત્રોતો

### હિસ્ટિડાઇન




આ અમાયનો શરીરની પ્રતિરક્ષા કાર્ય પાચન, નીંદર અને યોન કાર્યમાં મહત્ત્વપૂર્ણ છે. મસ્તિષ્કના રસાયણ બનાવે છે. લગભગ ચૌદ મિલિગ્રામની આવશ્યકતા છે. બ્લ્યુબેરી પીચ, પિસ્તા, દ્રાક્ષ, પાલક, કેલભાજી, ટોમેટો, ચીઝ આના મુખ્ય સ્ત્રોત છે. શરીરમાં થતી બળતરા કે એસીડીટી દૂર કરે છે, માનસિક તાણ દૂર થાય છે.


### આઈસોલ્યુસીન




માંસપેશીના ચયાપચન અને પ્રતિરક્ષા કાર્યમા હિસ્સેદારી છે. હિમોગ્લોબીન બનાવવા અને ઊર્ઝાને નિયંત્રિત કરે છે. આની જરૂર ઓગણીસ મિલીગ્રામની છે. પામેગ્ઝાનચીઝ, ડ્રાયફ્રૂટસ, તોફૂ, બીન્સ, અંજીર, એવાકાડો, કીવી, સ્ટ્રોબેરી.


લ્યુરીન : શરીરમાં પ્રોટીન અને વિકાસ હાર્માન બનાવવા માટે જરૂરી. માંસપેશીના ઉત્તકોને વધારે છે. તેમ જ ઘાવને ભરે છે. રક્ત શર્કરાને નિયંત્રિત કરે છે. આની આવશ્યકતા બેતાલીસ મિલિગ્રામ છે. બ્રાઉન રાઇસ બધી જાતના સૂકામેવા, ચણા, મુખ્ય સ્ત્રોત છે. વજનનું નિયંત્રણ કરે છે. ચરબીનું પાચન કરે છે.

### લાઈસિન





હાર્માન અને ઊર્જા ઉત્પાદન કરવામાં મદદ કરે છે. કેલ્શિયમ અને પ્રતિરક્ષા કાર્ય માટે મહત્ત્વપૂર્ણ છે. આની આવશ્યકતા આડત્રીસ મિલિગ્રામ છે. હાડકા માટે જરૂરી છે. ચીઝ, વટાણા, સિંગદાણા, બાંબુ મુખ્ય સ્ત્રોત છે. કોલેસ્ટ્રોલને મજબૂત રાખે છે. વાળની ગ્રોથ માટે મહત્ત્વપૂર્ણ છે.

### મેથિયોનીન




શરીરના ઉત્તક, વિકાસ, ચયાપચન અને વિષહરણમાં સહાય કરે છે. ઝિંક અને સેલેનિયમ જેવી ધાતુઓના અવશોષણમાં મદદ કરે છે. આની આવશ્યકતા ઓગણીસ મિલિગ્રામ જેટલી છે. દૂધ મલાઈવાળું, અડદ, કાજુ, સનફ્લાવર સીડ, લસણ, એપલ, બ્રોકલી, સૂકી દ્રાક્ષ, આના મુખ્ય સ્રોત છે.

### થ્રિઓનીન




કોલેજન અને ઈલાસ્ટિન માટે મહત્ત્વપૂર્ણ ભૂમિકા છે. ત્વચા અને સંયોજી ઉત્તકની સંરચના પ્રદાન કરે છે. રક્તનું થ્રોમોબીન બનાવવા મદદ કરે છે. (જે રક્ત થક્કા બનાવે) રક્તસ્રાવ રોકે છે. ચયાપચન અને ઈમ્યુનિટી માટે જરૂરી છે. આની આવશ્યકતા છવ્વીસ મિલિગ્રામ જેટલી છે. ગ્રેપફ્રૂટ (પપનસ), એવાકાડો, કેન્ટાલૂપ, ખજૂર, પ્લમ, ટોમેટો, પાઈનેપલ લેગ્યુમસ્ બકવેટ પમકીન સીડ આના મુખ્ય સ્રોત છે. મસલ્સના પ્રોબ્લેમ દૂર થાય છે. શરીર મજબૂત બને છે. (જુઓ પાનું ૯) ▸▸

feedback@bombaysamachar.com
તંદુરસ્તી-મનદુરસ્તી
ભાણદેવ

## યોગ મટાડે મનના રોગ

# યૌગિક મનોવિજ્ઞાન પ્રમાણે જેનાથી જીવનમાં અનેકવિધ દુઃખો ઉત્પન્ન થાય છે તે ક્લેશ છે

(ગતાંકથી ચાલુ)

(૫) અભિનિવેશ :

स्वरसवाही विदुषोऽपि तथारुढोऽभिनिवेशः ।

-યો.સૂ. : ૨-૯

''અભિનિવેશ એટલે પ્રાણીમાત્રમાં રહેલી, વિદ્વાનોને પણ બાંધનારી જીવવાની ઈચ્છા''

પ્રત્યેક પ્રાણીમાં જીવવાની તીવ્ર ઈચ્છા હોય છે. મૃત્યુનો ભય વિદ્વાનોને પણ હોય છે. આમ હોવાનું કારણ દેહાધ્યાસ છે. દેહનું હોવું મારું હોવું છે અને દેહનું મૃત્યુ તે મારું મૃત્યુ છે- એવી ધારણા ચિત્તમાં દઢપણે બેસી ગઈ છે, તેથી સૌ કોઈ જીવનને લંબાવવા ઈચ્છે છે અને મૃત્યુને ટાળવા ઈચ્છે છે. વૃદ્ધાવસ્થા, રોગ કે અન્ય કારણોસર જીવન દુઃખદ હોય તો પણ સૌમાં જીવવાની ઈચ્છા તો રહે જ છે.

વિદ્વાનમાં પણ જીવન લંબાવવાની ઈચ્છા હોય જ છે. વિદ્વાનનો અર્થ અહીં જ્ઞાની પુરુષ નથી, પરંતુ પંડિત છે. જ્યાં સુધી આત્મા અને શરીરનું તાદાત્મ્ય હોય છે, ત્યાં સુધી વિદ્વાનમાં પણ ક્લેશો રહે જ છે, કારણ કે ક્લેશોનું મૂળ કારણ અવિદ્યા તો હયાત જ રહે છે.

'ક્લેશ' શબ્દનો સામાન્ય અર્થ દુઃખ છે, પરંતુ અહીં ક્લેશનો અર્થ 'દુઃખનું કારણરૂપ તત્ત્વ' છે. યૌગિક મનોવિજ્ઞાન પ્રમાણે જેનાથી જીવનમાં અનેકવિધ દુઃખો ઉત્પન્ન થાય છે તે ક્લેશ છે. ભગવાન પતંજલિએ આર્ષદૃષ્ટિથી જીવનનાં બધાં જ દુઃખોના મૂળમાં આ પાંચ કારણો જોયાં છે અને તેથી તેમને ક્લેશો કહ્યા છે. આ ક્લેશો સર્વ ક્લેશોના પાયામાં રહેલા મૂળભૂત અને કારણરૂપ ક્લેશો છે.

દુઃખમાંથી આત્યંતિક મુક્તિ ત્યારે જ શક્ય બને જ્યારે સાધક ક્લેશોમાંથી આત્યંતિક રીતે મુક્ત થાય.

આ પાંચે ક્લેશો એકબીજાથી તદ્દન ભિન્ન નથી, પરંતુ કારણ-કાર્યની શૃંખલાથી જોડાયેલા છે. અવિદ્યા મૂળભૂત કારણ છે. તેમાંથી અસ્મિતા જન્મે છે. અસ્મિતામાંથી રાગ પેદા થાય છે. દ્વેષ તો રાગનું જ બીજું રૂપ છે. આ શૃંખલામાં છેલ્લે આવે છે અભિનિવેશ.



**૭. ક્લેશોની અવસ્થા :**

ઉપરોક્ત પાંચ ક્લેશોની ચાર અવસ્થા છે. અવિદ્યા ક્લેશોનું ક્ષેત્ર છે. સર્વ દુઃખો અને દુઃખોના મૂળભૂત કારણો અવિદ્યામાંથી ઉત્પન્ન થાય છે. ક્લેશોની ચાર અવસ્થા આ પ્રમાણે છે - પ્રસુપ્ત, તનુ, વિચ્છિન્ન અને ઉદાર.

(૧) **પ્રસુપ્ત :** આ અવસ્થામાં ક્લેશો માત્ર બીજરૂપે હોય છે, પરંતુ કાર્યરત હોતા નથી. દા. ત. બાલ્યાવસ્થામાં ભોગેચ્છા પ્રસુપ્તાવસ્થામાં હોય છે.

(૨) **તનુ :** પ્રતિપક્ષભાવના, ક્રિયાયોગ, અષ્ટાંગયોગ આદિ સાધનોના અભ્યાસથી ક્લેશો જ્યારે શિથિલ થઈ ગયા હોય અને ચિત્તમાં હોવા છતાં પોતાના કાર્યનો પ્રારંભ કરવા જેટલા પ્રબળ ન હોય ત્યારે તે અવસ્થાને ક્લેશોની 'તનુ' અવસ્થા કહેવામાં આવે છે.

(૩) **વિચ્છિન્ન :** જ્યારે કોઈ બલવાન ક્લેશના પ્રાબલ્યને કારણે અન્ય ક્લેશ દબાયેલા રહે ત્યારે તે દબાયેલા ક્લેશની વિચ્છિન્ન અવસ્થા ગણાય છે. દા.ત. તીવ્ર દુઃખના અનુભવ વખતે કામવાસના દબાઈ જાય છે.

(૪) **ઉદાર :** કોઈ પણ ક્લેશ જ્યારે કાર્યરત બને, અર્થાત્ ક્લેશ વ્યક્તિના વર્તનને પ્રભાવિત કરે, તેને દોરે ત્યારે તે અવસ્થાને ક્લેશની ઉદાર અવસ્થા ગણવામાં આવે છે.

ક્લેશોની આ ચારે અવસ્થા ઉત્તરોત્તર પ્રબળ અવસ્થા છે. ઊલટા ક્રમે જતાં ક્લેશોનું પ્રાબલ્ય ઘટે છે અને અંતે તેમનો નાશ થાય છે.

**૮. ક્લેશો અને માનવવર્તન :**

ભગવાન બુદ્ધે ચાર આર્ય સત્યો આપતાં કહ્યું છે : દુઃખનું કારણ ઈચ્છા છે. આ એક સનાતન સત્ય અને સર્વમાન્ય સિદ્ધાંત છે કે દુઃખનું કારણ ઈચ્છા છે. ભગવાન પતંજલિ પણ એમ જ કહે છે કે દુઃખનું કારણ રાગ-દ્વેષ છે; પરંતુ તેથી પણ આગળ વધીને તેઓ કહે છે કે રાગ-દ્વેષનું કારણ અસ્મિતા અને તેનું કારણ અવિદ્યા છે. આમ સર્વ દુઃખોનું મૂળ કારણ અવિદ્યા છે તેમ યૌગિક મનોવિજ્ઞાન કહે છે. યૌગિક મનોવિજ્ઞાન એક મૂલ્યવાન અને પાયાનું દર્શન આપે છે કે બધાં દુઃખોનું કારણ અવિદ્યા છે અને દુઃખોમાંથી આત્યંતિક મુક્તિનો ઉપાય અવિદ્યામાંથી મુક્ત થવું તે જ છે.

ભારતીય અધ્યાત્મપરંપરામાં ષડ્રિપુઓનો ઉલ્લેખ વારંવાર કરવામાં આવે છે. આ ષડ્રિપુઓ છે - કામ, ક્રોધ, લોભ, મોહ, મદ અને મત્સર. માનવને દુઃખ આપનાર આ ષડ્રિપુઓ જ છે. આ જ સત્ય ભગવાન પતંજલિ ''પાંચ ક્લેશો''ના દર્શન દ્વારા વધુ સારી રીતે અને વધુ ઊંડાણથી આપે છે. ભગવાન પતંજલિનો અભિગમ મૂલગામી અને મનોવૈજ્ઞાનિક પણ છે.

આધુનિક મનોવિજ્ઞાન પણ વ્યક્તિમાં રહેલી મૂળભૂત પ્રેરણાઓને સમજવા પ્રયત્ન કરે છે. મનોવિજ્ઞાને સમજાવેલ સર્વ પ્રેરણાઓનો ભગવાન પતંજલિ રાગ-દ્વેષમાં સમાવેશ કરે છે અને મનોવિજ્ઞાનથી ઊંડા જઈને અસ્મિતા અને અવિદ્યાને તેમના મૂળ કારણ તરીકે શોધી આપે છે.

''દુઃખનું મૂળ કારણ અવિદ્યા છે અને અવિદ્યામુક્તિથી દુઃખમુક્તિ શક્ય છે.'' યૌગિક મનોવિજ્ઞાનના આ સિદ્ધાંત સુધી પહોંચતાં આધુનિક મનોવિજ્ઞાનને હજુ સમય લાગશે.

ચિત્તની વૃત્તિઓનું વર્ગીકરણ કરતી વખતે પતંજલિએ વૃત્તિઓના પાંચ વર્ગો આપ્યા છે. અહીં આપેલ આ પાંચ ક્લેશો વૃત્તિઓના કારણસ્વરૂપે રહેલા છે, તેથી ક્લેશો વૃત્તિઓના પાયામાં છે. વૃત્તિઓ તો ચિત્તના તરંગો છે અને ક્લેશો તો ચિત્તમાં ઊંડે સંસ્કારોના રૂપે પડેલા જ છે. ક્લેશોમાંથી મુક્ત થયા વિના વૃત્તિઓમાંથી મુક્ત થઈ શકાય નહીં.

**૯. ક્લેશમુક્તિના ઉપાયો :**

એક અધ્યાત્મવિદ્યા તરીકે યોગશાસ્ત્રમાં ક્લેશોમાંથી મુક્તિના (જુઓ પાનું ૯) ▸▸

shrilekha.yajnik@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# સ્વાસ્થ્ય માટે વરદાન સમાન વ્રતમાં ઉપયોગી ‘કુટીનો ડારો’

**હાલમાં** ચૈત્રિ નવરાત્રિ ચાલી રહી છે. અનેક ભક્તો માની આરાધના, નોરતામાં ભાવ-ભક્તિથી કરતાં હોય છે. મંગળપર્વમાં વ્રત-જપ-તપ દ્વારા ભક્તો રોજબરોજના જીવનથી કાંઈક વિશેષ મેળવ્યાનો આનંદ પામતાં હોય છે. તા. ૧૭મી એપ્રિલના રોજ એટલે કે આવતીકાલે રામનવમીનું પાવન પર્વ છે.

ભારતીય સંસ્કૃતિ-શાસ્ત્રોમાં વ્રત દ્વારા ભક્તો અગમ્ય શક્તિ મેળવતાં હોય તેવાં અનેક દૃષ્ટાંત જોવા મળે છે. મનોબળ મજબૂત કરવા માટે, આત્મવિશ્વાસ વધારવા માટે વ્રત અકસીર ઉપાય ગણાય છે. વ્રતને વિવિધ રીતે પૂર્ણ કરી શકાય છે. કોઈ સંપૂર્ણ ઉપવાસ કરીને કરે છે. અનેક વ્યક્તિ ફળોનો રસ, દૂધ-લસ્સી-છાસ-લીંબુ શરબત જેવાં પ્રવાહી ગ્રહણ કરવાનો સંકલ્પ લેતાં હોય છે. મોટા ભાગે લોકો સ્વાસ્થ્યની કાળજી સાથે વ્રતમાં ખાઈ શકાય તેવી વાનગીનો રસાસ્વાદ લઈને વ્રતનું ફળ મેળવવાનું પસંદ કરે છે. વ્રતમાં ખાઈ શકાય તેવાં લોટ તરીકે જાણીતો લોટ ‘કુટ્ટીનો ડારો’. જે સ્વાસ્થ્ય માટે લાભકારી છે. સ્વાદની સાથે પોષક-તત્વોનો ખજાનો ધરાવતો આ લોટ ગ્લુટેન ફ્રી ગણાય છે. ડાયાબિટીસ, કાર્ડિયોવેસ્ક્યુલર રોગ, પાચન ક્રિયા સંબંધિત સમસ્યાથી રાહત મેળવવા માટે રામબાણ ઉપાય ગણાય છે.

કુટ્ટીના ડારામાંથી તૈયાર થતાં લોટમાં પ્રોટીન, મૈગ્નેશ્યિમ, આયર્ન, કેલ્શિયમ, ફૉલેટ, મૈંગેનિઝ તથા ફોસ્ફરસ હોય છે. મિનરલ્સ તેમજ ઍન્ટિ-ઑક્સિડન્ટના ગુણો જોવા મળે છે.



## ચાલો જાણી લઈએ કુટીના ડારાના ફાયદા

### લોહીમાં શર્કરાની માત્રાને નિયંત્રણમાં રાખે છે

લોહીમાં શર્કરાની માત્રાને અંકુશમાં રાખવા માટે કુટ્ટીનો ડારો અત્યંત ઉપયોગી સાબિત થયેલ છે. તેનું મુખ્ય કારણ આ લોટમાં પ્રોટીન, ફાઈબર તેમજ ફ્લેવનૉઈડસ્ જેવા પોષક તત્ત્વો સારા પ્રમાણમાં સમાયેલાં છે. જેને કારણે ટાઈપ -૨ ડાયાબિટીસને કાબૂમાં રાખવામાં મદદ મળે છે. ઈન્સ્યુલિનની માત્રા જળવાઈ રહેવાથી લોહીમાં શર્કરાની માત્રા નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે. વળી સેચ્યુરેટેડ ફેટની માત્રા શૂન્ય હોવાથી ડાયાબિટીસને નિયંત્રણમાં રાખવામાં મદદરૂપ છે.



### કુટ્ટુ -કાકડીના પરોઠા :

૨ કપ કુટ્ટુનો લોટ, ૧ નંગ છીણેલી કાકડી , ૧ ચમચી મરી પાઉડર, અડધી ચમચી સેંધા નમક, ૨ નંગ બાફેલા બટાકા, ૧ ચમચી આદુ-મરચાંની પેસ્ટ, પરાઠા શેકવા માટે તેલ કે ઘી.

**બનાવવાની રીતઃ** સૌ પ્રથમ કાકડીને છીણી લેવી. ૨ કપ લોટમાં સ્વાદાનુસાર સિંધવ, બાફેલાં બટાકાનો માવો, મરી પાઉડર, આદું મરચાંની પેસ્ટ, છીણેલી કાકડી ભેળવવી, આવશ્યક્તા મુજબ પાણી ભેળવીને લોટ બરાબર બાંધી લેવો. લોટમાંથી પરાઠા વણી લેવાં. ઘી લગાવીને શેકી લેવું. દહીં તેમજ બટાકાની સૂકી ભાજી સાથે ગરમાગરમ પરાઠાનો આસ્વાદ માણવો.

### સેલિયાક રોગમાં ગુણકારી (ગ્લૂટેન મુક્ત છે)

અનેક લોકોને ઘઉંનો લોટમાંથી બનતી કોઈપણ વાનગી ખાવાથી શરીરમાં એલર્જી થતી હોય છે. તેનું મુખ્ય કારણ ઘઉંમાં ગ્લૂટેનની માત્રા સમાયેલી હોય છે. આ એલર્જીને ‘સેલિયાક રોગ’ કહેવામાં આવે છે. કુટ્ટીનો ડારો ગ્લૂટેન ફ્રી હોવાથી તેનું સેવન ઉપરોક્ત રોગ ધરાવતી વ્યક્તિ સરળતાથી કરી શકે છે. અન્ય લોટની સરખામણીમાં આ લોટમાં ફાઈબર, વિટામિન તેમજ મિનરલ્સનું પ્રમાણ વધુ જોવા મળે છે.

### કાર્ડિયોવસક્યૂલર રોગથી રાહત અપાવે

નિયમિત રીતે કુટ્ટુના લોટનો ઉપયોગ આહારમાં કરતી વ્યક્તિનું કૉલેસ્ટ્રોલ, ટ્રાઈગ્લિસરાઈડ તેમજ બ્લડસુગર નિયંત્રણમાં રહે છે. વળી હૃદય સંબંધિત બિમારીના ખતરાથી બચી શકાય છે.

### શરીરમાં સોજા કે બળતરાની સમસ્યામાં લાભકારી

કુટ્ટુના લોટ માટે એવું કહેવાય છે કે તેનો આહારમાં ઉપયોગ કરવાથી રક્તકોશિકાની તંદુરસ્તી જળવાઈ રહે છે. તેનું મુખ્ય કારણ આ લોટમાં ફ્લેવોનોઈડ્સ રૂટિન તેમજ ક્વેરસેટિન સારા પ્રમાણમાં હોય છે. રૂટિન શરીરની રક્ત કોશિકાને મજબૂત કરે છે. જ્યારે ક્વેરસેટિન શરીરને વિવિધ ઈન્ફ્લેમેશનથી બચાવવામાં મદદ કરે છે.

### પાચનશક્તિમાં સુધારો લાવે

કુટ્ટુનો લોટ ફાઈબરથી ભરપૂર જોવા મળે છે. એવું કહેવાય છે કે ૩૦ ગ્રામ લોટમાં ૧૧ ટકા ફાઈબર હોય છે. ફાઈબરયુક્ત આહાર લેવાથી પાચનક્રિયામાં સુધારો થાય છે. કબજિયાતની તકલીફમાં રાહત મળે છે.

### હાડકાંની તંદુરસ્તી માટે ગુણકારી

મેંગેનિઝનું પ્રમાણ ભરપૂર હોવાથી કુટ્ટુનું સેવન કરવાથી હાડકાંની મજબૂતાઈ જળવાઈ રહે છે. મેંગેનિઝને કારણે હાડકાં બરડ બનતાં અટકે છે. જેથી ઓસ્ટિયોપોરોસિસ જેવી બિમારીના જોખમથી બચી શકાય છે.

### પથરીના રોગમાં રામબાણ

લિવરના સ્વાસ્થ્ય માટે કુટ્ટુનો લોટ ગુણકારી ગણાય છે. તેનું મુખ્ય કારણ લોટમાં ઍન્ટિ-ઓકિસડન્ટ તેમજ ઍન્ટિ-ઈન્ફલેમેટરી ગુણો સારા પ્રમાણમાં છે. જેથી પથરીને બહાર કાઢવામાં તે કારગર ગણાય છે. વળી કુટ્ટુના લોટમાં વિટામિન બી કૉમ્પલેક્સ હોય છે. જેથી લિવર સંબંધિત બીમારીને દૂર કરવામાં તેમજ તેના સંક્રમણથી બચવામાં મદદ કરે છે.

કુટ્ટીનો ડારો શું છે ? કુટ્ટુને અંગ્રેજીમાં ‘બકવ્હીટ’ કહેવામાં આવે છે. લેટિન નામ ફૈગોપાઈરમ ઍસ્કલૂલેંટ છે. પોલીગોનેસિએઈ પરિવારનો છોડ ગણાય છે. કુટ્ટુના બીજને અન્ય છોડ ઉપરથી જે પ્રમાણે બીજ કે ફળ મેળવવામાં આવે છે તે જ રીતે તેના બીજ તોડવામાં આવે છે. બીજને તોડીને તેનો લોટ તૈયાર થાય છે.બીજ ત્રિકોણ આકારના હોય છે. ભારતમાં કુટ્ટુની ખેતી અનેક જગ્યાએ કરવામાં આવે છે. જેમાં જમ્મૂ-કાશ્મીર, હિમાચલ તેમજ ઉત્તરાખંડનો સમાવેશ થાય છે.

૧૦૦ ગ્રામ કુટ્ટુના લોટમાં પાણી ૧૦ ટકા, ૧૩.૩ ટકા પ્રોટીન, કાર્બ્સ ૭૧.૫ ટકા, ફાઈબર ૧૦ ગ્રામ, ફેટની માત્રા ૩.૪ ગ્રામ જોવા મળે છે.

કુટ્ટુના બીજ છ માસ સુધી સારા રહેતાં હોય છે. તેનાં લોટની મર્યાદા વધારવા માટે લોટનો ઉપયોગ કરી લીધા પછી તેને ફ્રિઝમાં મૂકવો. જેથી લોટની તાજગી જળવાઈ રહેશે. કુટ્ટુના લોટમાં મિલાવટ કરવામાં આવે ત્યારે રંગ બદલાઈ જતો હોય છે. તાજો લોટ દળાવીને ખાવો જરૂરી છે.

### ત્વચાની ચમક વધારે છે

કુટ્ટુનો ઉપયોગ આહારમાં કરવાથી તેમજ તેના લોટમાં થોડું ગુલાબજળ અથવા ચંદન ભેળવીને તૈયાર કરેલ ફેસપૅક લગાવવાથી ચહેરાની ચમક વધી જતી હોય છે.

### વાળના સ્વાસ્થ્ય માટે ઉપયોગી

વાળ પાતળાં હોય, વારંવાર ખરતાં હોય કે ખોળાની સમસ્યા સતાવતી હોય તેમને માટે આ લોટનું સેવન ઉપયોગી ગણાય છે. તેનું મુખ્ય કારણ લોટમાં આયર્ન, પ્રોટીન, તેમજ કૉમ્પલેક્સ કાર્બોહાઈડ્રેટ હોય છે. જેને કારણે વાળની તંદુરસ્તી જાળવવામાં મદદ મળે છે. ■

feedback@bombaysamachar.com

વિશેષ

દિવ્યજ્યોતિ ‘નંદન’

# દરેક ઉંમર ને રોગમાં છે યોગના ફાયદા

**તાજેતરમાં,** ‘જ્હોન હોપકિન્સ મેડિસિન હોમ’ એ તેના એક હેલ્થ બુલેટિનમાં કબૂલ્યું છે કે ૨૧મી સદીમાં આખી મેડિકલ સિસ્ટમ યોગને આયર્ન તરીકે ગણી રહી છે. કારણ કે આજ સુધી મેડિકલ સાયન્સમાં એવી કોઈ દવા નથી બની કે જે એકસાથે અનેક રોગોમાં સમાન રીતે ફાયદાકારક હોય અને ન તો એવી કોઈ મેડિકલ શોધ થઈ હોય જે ભારતના પ્રાચીન જ્ઞાન ‘યોગ’ સાથે સ્પર્ધા કરી શકે.

દુનિયામાં એવો કોઈ રોગ નથી અને એવી કોઈ ઉંમર નથી કે જ્યારે યોગાસનોના ફાયદા ન હોય. દરેક રોગ માટે અમુક ચોક્કસ યોગ છે. યોગ વાસ્તવમાં શરીરની વિવિધ મુદ્રાઓ છે અને યોગાસનોનું જ્ઞાન એટલે કે આ મુદ્રાઓનું જ્ઞાન જે, આપણને તમામ પ્રકારના રોગોથી બચાવવામાં સક્ષમ છે.

જો કે જ્હોન હોપકિન્સ મેડિસિન હોમે તેના ગ્રાહકો માટે યોગના ડઝનેક ફાયદાઓનો ઉલ્લેખ કર્યો છે, પરંતુ અમે યોગ આસનોના પાંચ સૌથી મહત્વપૂર્ણ ફાયદાઓ પર એક નજર નાખીશું, જે આપોઆપ સ્પષ્ટ કરશે કે આખી દુનિયાના મેડિકલ જગતમાં યોગાસનનો આવો ચમત્કારિક ડંખ શા માટે વાગી રહ્યો છે?



**યોગ વાસ્તવમાં શરીરની વિવિધ મુદ્રાઓ છે અને યોગાસનોનું જ્ઞાન એટલે કે આ મુદ્રાઓનું જ્ઞાન જે, આપણને તમામ પ્રકારના રોગોથી બચાવવામાં સક્ષમ છે**

### યોગ સારો મૂડ બનાવે છે

હા, યોગ એ શરીર અને મનને એકસાથે લાવવાની ફ્લેક્સિબલ પ્રેક્ટિસ છે. શરીરની વિવિધ મુદ્રાઓ આપણને આ ગુણો પ્રદાન કરે છે અને ધ્યાન ટેકનિક અને ધ્યાન પ્રક્રિયા પણ તેનો એક ભાગ છે. જ્યારે યોગના આસનો આપણા રોજિંદા જીવનનો કુદરતી હિસ્સો બની જાય છે, ત્યારે આપણી શારીરિક મુદ્રાઓ સંતુલિત, ફ્લેક્સિબલ અને શક્તિથી ભરપૂર બને છે, જેના કારણે ચિંતાઓ ઓછી થાય છે અને જે બાકી રહે છે તે આપણને હેરાન નથી કરતી. જો કે, યોગ તણાવ, ચિંતા, હતાશા અને આપણી નકારાત્મક વિચારસરણીનો અંત લાવે છે. તેથી નિયમિત રીતે યોગ કરતા લોકોનો મૂડ હંમેશાં સારો રહે છે.

જ્યારે મૂડ સારો હોય ત્યારે આપણે જીવન પ્રત્યે ખૂબ જ સકારાત્મક હોઈએ છીએ અને આપણી જીવનશૈલી ખૂબ જ અનુકરણીય બની જાય છે. આપણે બધા જાણીએ છીએ કે આજે મોટાભાગના લોકો જીવનશૈલી સાથે સંબંધિત બીમારીઓથી પીડિત છે. જ્યારે આપણે દરરોજ નિયમિત રીતે યોગ કરીએ છીએ, ત્યારે આપણને જીવનશૈલીના રોગોમાંથી કાયમ માટે રાહત મળી જાય છે.

### હૃદય મજબૂત રહે છે

જે લોકો નિયમિત રીતે યોગ કરે છે તેમના શરીરમાં ક્યારેય આવો સોજો આવતો નથી, જે ચોક્કસ ઉંમર પછી દરેક વ્યક્તિના શરીરમાં જોવા મળે છે.

વાસ્તવમાં જે લોકો નિયમિત રીતે યોગ કરે છે તેમના શરીરમાં સોજો નથી આવતો કારણ કે યોગ કરવાથી તેમનું હૃદય સ્વસ્થ રહે છે. આવા લોકોમાં હાઈ બ્લડ પ્રેશર અને વધારે વજનની સમસ્યા નહિવત્ હોય છે. આના કારણે પણ આવા લોકોનું હૃદય સ્વસ્થ રહે છે, તે સરળ ગતિથી ધબકે છે. આવા ઓછામાં ઓછા એક ડઝન યોગાસનો છે, જેને વિવિધ મુદ્રાઓથી સંબોધવામાં આવી શકે છે, પરંતુ તે બધાની સામાન્ય અસર એ છે કે આપણું હૃદય સ્વસ્થ રહે છે અને તેના કારણે આપણે ઘણા પ્રકારના રોગોથી સુરક્ષિત રહીએ છીએ.

### સારી ઊંઘનું સાધન છે

વિવિધ સંશોધનો પુષ્ટિ કરે છે કે જે લોકો નિયમિત રીતે યોગ કરે છે તેઓને દરરોજ સારી ઊંઘ આવે છે. નિયમિત યોગાભ્યાસ દ્વારા, આવા લોકોના સૂવામાં અને ઉઠવામાં એક રિધમ આવી જાય છે, જેના કારણે સારી ઊંઘ તેમના રોજિંદા જીવનનો એક હિસ્સો બની જાય છે.

આપણે વિવિધ અભ્યાસો દ્વારા એ પણ જાણીએ છીએ કે સારી ઊંઘનો અર્થ છે અનેક રોગોથી મુક્તિ. સારી ઊંઘ એ નિયમિત યોગાભ્યાસનું એક એવું સુખદ પરિણામ છે, જેને આખું વિશ્વ આજે ઝંખે છે. કારણ કે દવાથી ન તો ગુણવત્તાયુક્ત ઊંઘ આવે છે અને ન તો તેનાં પરિણામો સારાં હોય છે.

### જીવંત સમુદાય સાથે જોડાય છે

સોશિયલ મેડિસિન પુષ્ટિ કરે છે કે સમાન પ્રકૃતિના લોકોનું મળવું આપણને ખુશીથી ભરી દે છે. આ પ્રવૃત્તિ આપણને સ્વસ્થ રાખે છે અને આયુષ્યમાં વધારો કરે છે. જે લોકો નિયમિત રીતે યોગ કરે છે તેઓ જ્યારે તેમના ઘરની બહાર અન્ય સમાન વિચારધારા ધરાવતા લોકો સાથે આ પ્રેક્ટિસ કરે છે, ત્યારે તેઓને એકબીજાને વધુ સારી રીતે સમજવાનો અને જ્ઞાનનો લાભ મળે છે. એક ફાયદો એ પણ છે કે જ્યારે નિયમિત રીતે યોગ કરતા લોકો એકબીજાને મળે, તો તેઓ હસે છે અને ખૂબ મજાક કરે છે અને લાંબુ, તણાવમુક્ત, સુખી અને આનંદથી ભરેલું જીવન જીવે છે. આનું અંતિમ પરિણામ આપણને સ્વસ્થ રહેવાના રૂપે મળે છે.

યોગના ક્લાસ કરવા મહત્ત્વપૂર્ણ છે કારણ કે ત્યાં તમે માત્ર યોગના આસનો જ નથી શીખવા મળતા, પણ જે લોકો શીખી રહ્યા છે અને શીખવાનો પ્રયાસ કરી રહ્યા છે તેમની કંપની પણ મેળવો છો, જે આપણને ખુશ અને સ્વસ્થ રાખે છે.

### ઘણા પ્રકારના દર્દથી રાહત આપે છે

યોગના ડઝનબંધ આસનો છે જે આપણા શરીરના જુદા જુદા ભાગોમાં થતા દુખાવાથી રાહત આપે છે. દાખલા તરીકે, પીઠના નીચેના ગંભીર દુખાવામાં નિયમિત યોગાભ્યાસથી આપણને રાહત થાય છે. તેવી જ રીતે, કેટ કાઉ પોઝ આપણને ખભા, હથેળી અને હિપ્સના દુખાવાથી રાહત આપે છે. એ જ રીતે યોગની વિવિધ પદ્ધતિઓ માથાનો દુખાવો, કમરનો દુખાવો, ઘૂંટણનો દુખાવો વગેરેમાં પણ રાહત આપે છે. આ રીતે જોવામાં આવે તો, યોગ કરવાના અગણિત ફાયદા છે અને આ બધા હવામાં કે અમૂર્ત નથી પણ એવા ફાયદા છે જે આપણે નિયમિતપણે દેખાઇ આવશે. ■

feedback@bombaysamachar.com

હેલ્થ-વેલ્થ

સંધ્યા સિંહ

# ગરમી સામે લડવા માટે આ પીણા છે ઉપયોગી

*ગરમીમાં શરીરને ઠંડું રાખવા માટે કેટલાક પીણા ખૂબ જ ફાયદાકારક છે. એમ કહી શકાય કે ગમે તેટલી ગરમી હોય પરંતુ આ પીણા સામે તેનું કાંઇ ચાલશે નહીં. આ પીણા ઉનાળામાં લૂ લાગતા, બેભાન થતા બચાવે છે. આ સ્વાદિષ્ટ અને એનર્જીથી ભરપૂર છે. આ આપણા શરીરને ઉનાળામાં ઊર્જા આપે છે. તો આવો એક એક કરીને જાણીએ ક્યા પીણા ઉનાળામાં પીવા લાયક છે.*

### નારિયેળ પાણી



નારિયેળ પાણી ગમે ત્યારે પી શકાય છે. આ શરીરને ભરપૂર ઊર્જા, મિનરલ્સ અને બીજા પૌષ્ટિક તત્ત્વો આપે છ, પરંતુ ઉનાળાની ગરમીમાં નારિયેળ પાણી અમૃત જેવુ છે. કારણ કે તે તમારા બ્લડ પ્રેશરને કન્ટ્રોલ કરવામાં મદદરૂપ છે. ગરમીમાં સામાન્ય રીતે ડિહાઇડ્રેશનથી તમને બચાવે છે. અને તડકાથી થતી ગરમીમાં રાહત આપે છે. પીવામાં ભલે નારિયેળ પાણી મીઠું છે. આ મીઠાસમાં સુગરનો ખતરો નથી. તે સુગરને કન્ટ્રોલ કરે છે. ગરમીમાં પેટ ખરાબ થવાની સમસ્યા રહેતી હોય છે. નારિયેળ પાણી પેટ ખરાબ થતા બચાવે છે. હાર્ટ બીટ ગરમીમાં વધી જાય છે. નારિયેળ પાણી તેને સંતુલિત કરે છે. અને વજન ઘટાડવામાં મદદ કરે છે. કોલેસ્ટ્રોલ પણ ઓછો કરે છે. હંમેશાંની જેમ ચામડીને ચમકતી રાખે છે અને ગરમીમાં જેમના મોં પર પિગ્મેટેસન રંગ વધુ દેખાડે છે તેમણે નારિયેળ પાણી પીવું જોઇએ.

### તરબૂચનો જ્યૂસ



ગરમીમાં તરબૂચનો જ્યૂસ પણ ફાયદાકારક છે. કારણ કે તે આપણી ચામડીને હાઇડ્રેડ રાખે છે. કિડનીને સ્વસ્થ રાખે છે. વધુ ગરમીમાં મગજને સંતુલિત રાખે છે. તરબૂચનો જ્યૂસ પણ એક સંપૂર્ણ હેલ્થ પેકેજ છે. આ હાર્ટ માટે ખૂબ સારું છે. વજન પણ ઘટાડે છે. ઇમ્યૂનિટી મજબૂત રાખે છે. કબજિયાતની સમસ્યા દૂર કરે છે. ગરમીમાં હાઇઝેશન સાથે મગજને શાંત રાખે છે. નોંધનીય છે કે તરબૂચમાં વિટામિન સી, બીટા કેરોટિન, લાઇકોપિન અને એન્ટી ઓક્સિડન્ટ મળી આવે છે. જેમાં પાણી, ઊર્જા, પ્રોટીન, કેલ્શિયમ, આર્યન, મેગ્નિશિયમ, પોટેશિયમ, સોડિયમ, જિંક, વિટામિન બી ૬, વિટામિન એ , વિટામિન એ, વિટામિન-ઇ અને વિટામિન-ડી જેવાં તત્ત્વો મળે છે. ગરમીમાં તરબૂચનો જ્યૂસ એકદમ પરફેક્ટ હેલ્થ પેકેજ છે.



### છાશ

ગરમીમાં છાશનું વેચાણ વધુ થાય છે. લોકો ખૂબ છાશ પીવે છે. છાશ ગરમીથી બચાવે છે. મે, જૂનની ગરમીમાં છાશ ખૂબ રાહત આપનાર પીણું છે. કારણ કે તેમાં પ્રોબાયોટિક્સ, વિટામિન અને ડઝનેક ખનિજ તત્ત્વ હોય છે. જે શરીરને ઠંડુ રાખવામાં મદદરૂપ થાય છે. છાશમાં કેલ્શિયમ, પોટેશિયમ અને વિટામિન બી૧૨ જેવા પોષક તત્ત્વ હોય છે. જે સ્વાસ્થ્ય માટે સારા છે.

છાશમાં પાણી વધુ હોય છે જેનાથી શરીરમાં ડિહાઇડ્રેશન થશે નહીં. તેમાં વિટામિન ડી અને વિટામિન બી કોમ્પ્લેક્સ હોય છે. હાડકા અને દાંત સ્વસ્થ રાખે છે. છાશમાં એન્ટી ઓક્સિડન્ટ અને એન્ટીબેક્ટીરિયલ ગુણ પણ હોય છે. જેનાથી તમને છાશ પીવાથી અનેક પ્રકારની બીમારીઓથી રક્ષણ મળે છે. છાશમાં મળી આવતું લેક્ટિક એસિડ પેટના એસિડને ઓછું કરે છે. છાશને ગરમીઓમાં પીવાના અનેક ફાયદાઓ છે. આખું પુસ્તક પણ લખવામાં આવે તો ઓછું પડી જાય છે.

### લીંબુ પાણી



લીંબુ પાણી પણ એક પીણુ છે જે ક્યારેય પણ પી શકાય છે. વર્ષના ૩૬૫ દિવસ સુધી આ શરીરને ફાયદો પહોંચાડે છે. નુકસાન નહીં. લીંબુ પાણીમાં પાણીની માત્રા વધુ હોય છે. એટલા માટે આ શરીરને હાઇડ્રેડ રાખે છે. જેમાં મળતા વિટામિન સી, પોટેશિયમ, કેલ્શિયમ, મેગ્નિશિયમ અને ઇલેક્ટ્રોલાઇટ્સ આપણને ગરમીમાં પરસેવાથી બચાવે છે. પરસેવાથી શરીરમાંથી મિનરલ્સ અને મીઠું બહાર જતું રહે છે. ગરમીમાં થનારી એસિડિટી અને ગેસની સમસ્યાથી બચાવે છે અને સૌથી મોટી વાત એ છે કે લીંબુ પાણી વજનને ઓછું કરે છે. ગરમીમાં ગરમ હવાના કારણે લોકો બીમાર પડે છે. લીંબુ પાણી આવી બીમારીઓને બચાવે છે. આ આપણા મૂડને રિફ્રેશ કરે છે. શરીરને એનર્જી પૂરી પાડે છે. કિડનીને સ્વસ્થ રાખે છે. (જુઓ પાનું ૯)

# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| કબજિયાત | Cancer |
| તોતડાવું | Piles |
| કર્કરોગ | Dementia |
| ચિત્તભ્રંશ | Constipation |
| હરસમસા | Stammer |

## ઓળખાણ પડી?



છોડમાંથી મળતા ઝીણાં કાળા રંગનાં દાણા જેવાં દેખાતા પદાર્થની ઓળખાણ પડી? આ બિયા પ્રકૃતિમાં અત્યન્ત શીતળ છે અને સાકર નાખીને પાણીમાં અગર દૂધમાં પીવાય છે. ઠંડક માટે વપરાય છે.

અ) અળસી  બ) તકમરિયાં  ક) કાળા તલ  ડ) કપાસિયાના બી

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ અ | નુ | ૨ રો | ધ | | ૩ સ | વ | ૪ લ | ૫ ત | |
| ખ | | જ | | ૬ ગે | રુ | | ૭ હ | ડ | ૮ પ |
| ૯ રો | ૧૦ ક | ડી | | ર | | | રી | | રં |
| ૧૧ ટ | બ | | ૧૨ ભ | લા | ૧૩ દ | ૧૩-અ મી | | ૧૪ ઠ | પ |
| | ૧૫ ર | ૧૬ મ | ણ | ભ | મ | ણ | | | રા |
| ૧૭ વ | | ૧૮ જૂ | ત | | ૧૯ ક | બ | જા | ૨૦ ભં | ગ |
| હી | | ૨૧ સ | ર | ૨૨ કા | | તી | | ૨૩ જ | ત |
| ૨૪ વ | ય | | | ૨૫ રો | ૨૬ જી | | ૨૭ ટ | ન | |
| ટ | | ૨૮ ના | ૨૯ રા | બા | જી | | પા | | ૩૦ ઢાં |
| | ૩૧ સ | રો | વ | ર | | ૩૨ એ | કા | એ | ક |

## શબ્દલાલિત્ય

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | | | | ૪ | | ૫ | |
| ૬ | | | | | ૭ | | | | |
| | | ૮ | | | | | ૯ | | ૧૦ |
| ૧૧ | ૧૨ | | | | | | | | |
| | | | | ૧૩ | | | | | |
| ૧૪ | | ૧૫ | | | | | ૧૬ | ૧૭ | |
| | | | | ૧૮ | | ૧૯ | | | |
| ૨૦ | | | ૨૧ | | ૨૨ | | | ૨૩ | ૨૪ |
| | | ૨૫ | | | | | ૨૬ | | |
| ૨૭ | | | | | | ૨૮ | | | |

**આડી ચાવી**

૧. પ્રતિનિધિ હોવાપણું (૫)
૪. અંદાજ (૪)
૬. --- જેવો ઉત્તમ વ્યાયામ કોઇ નહીં (૩)
૭. ચાલ-- જઇએ (૨)
૮. રણક્ષેત્રનો રસ્તો, બહારવટું (૪)
૯. એક નદી (૩)
૧૧. સંદેશ હુકમ, વેણ (૩)
૧૩. ચક્રાકારે ગોઠવેલી સૈન્ય રચના (૪)
૧૪. ભરોસો (ઉર્દૂમાં) (૪)
૧૬. રત્ન, આંખની કીકી (૩)
૨૦. એક નાનકડું માપ (૨)
૨૧. રોજનો હિસાબી ચોપડો (૪)
૨૩. જીભથી માલૂમ પડતો સ્વાદ (૨)
૨૫. છબલીકાં, કાંસી જોડ (૨)
૨૭. નકામી મહેનત કરવી (૨,૩)
૨૮. સંભાષણ, ગપ્પાં (૪)

**ઊભી ચાવી**

૧. પ્રચાર કરનાર (૪)
૨. તલ (૨)
૩. ઉપાય, રોકવું તે, (૪)
૪. આશ્ચર્યજનક ઉદ્ગાર (૨)
૫. ડગ, પગલું (૩)
૭. પ્રસંગોની હારમાળા (૫)
૯. હીરામાણેક વગેરે ઝવેરાત (૪)
૧૦. નામ લખાવવું, ઉમેદવારી (૪)
૧૨. નવાઇ, આશ્ચર્ય (૩)
૧૪. એકપક્ષી, એક બાજુનું (૫)
૧૫. પૂર - (હિંદીમાં) (૨)
૧૭. છબી, ચિત્ર (૩)
૧૮. કાલ કરે સો --- કર (૨)
૧૯. તળિયું (૨)
૨૧. નીલગાય, એક જંગલી પશુ (૩)
૨૨. સેવા કરો તો --- મળે (૨)
૨૪. કઠણ, કડક (૩)
૨૫. આછાં, અસ્પષ્ટ, નિસ્તેજ (૨)
૨૬. વિઘ્ન, ઝટકો, નાશ (૨)

## ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, શકટનો ભાર જેમ શ્વાન તાણે' પંક્તિમાં શકટ શબ્દનો અર્થ જણાવો.

અ) શકોરું  બ) શરણાઈ  ક) ગાડું  ડ) વજન

## માતૃભાષાની મહેક

હરણનો એક અર્થ ઉપાડી જવું તે; ઝૂંટવી લેવું તે; જોરજુલમથી ઝૂંટવી લાવવું તે. અસલના વખતમાં હરણ કરીને પણ પત્ની મેળવવાની પ્રથા હતી. રુકિમણી હરણ, ઉષાહરણ અને સુભદ્રાહરણના પ્રસંગો ખૂબ જ જાણીતા છે. કેટલીક પ્રાથમિક સ્થિતિ ભોગવતી જાતો સ્ત્રી હરણના વિધિની લગ્નમાં જરૂર ન હોય તોપણ ચાલુ રાખે છે.

## સુડોકુ-૫૦૬૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | | ૧ | ૫ | ૯ | | | | |
| | ૪ | | ૩ | | | | | ૧ |
| ૨ | | | | | ૧ | | | |
| ૩ | | ૯ | | | | ૬ | ૧ | |
| ૧ | | | | | | | | ૫ |
| | ૭ | ૮ | | | | ૩ | | ૨ |
| | | | ૧ | | | | | ૮ |
| ૯ | | | | | ૪ | | ૭ | |
| | | | | ૭ | ૬ | ૪ | | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૫૦૬૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૭ | ૬ | ૫ | ૧ | ૯ | ૪ | ૨ | ૮ |
| ૮ | ૫ | ૯ | ૪ | ૨ | ૩ | ૧ | ૭ | ૬ |
| ૪ | ૨ | ૧ | ૮ | ૭ | ૬ | ૩ | ૫ | ૯ |
| ૧ | ૩ | ૭ | ૨ | ૫ | ૮ | ૯ | ૬ | ૪ |
| ૬ | ૮ | ૨ | ૯ | ૪ | ૭ | ૫ | ૩ | ૧ |
| ૫ | ૯ | ૪ | ૩ | ૬ | ૧ | ૭ | ૮ | ૨ |
| ૯ | ૪ | ૫ | ૭ | ૮ | ૨ | ૬ | ૧ | ૩ |
| ૭ | ૧ | ૮ | ૬ | ૩ | ૪ | ૨ | ૯ | ૫ |
| ૨ | ૬ | ૩ | ૧ | ૯ | ૫ | ૮ | ૪ | ૭ |

## ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ હોસ્પિટલના હેમેટોલોજી ડિપાર્ટમેન્ટ સાથે સંકળાયેલી હોય એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) હાડકાં  બ) હેડકી  ક) લોહી  ડ) પાચનક્રિયા

## ઈર્શાદ

બારીમાંથી ગગન પાડતું સાદ! સાદ ના પાડો,
અમે દીવાલો, નથી અમારે પાંખઃ સાદ ના પાડો.

– ચંદ્રકાન્ત શેઠ

## માઈન્ડ ગેમ

અહીં આપેલી બધી સંખ્યા ધ્યાનથી જુઓ અને એનો સંબંધ સમજી આગામી સંખ્યા કઈ હશે એ જણાવો.

૪, ૯, ૧૬, ૨૫, ૩૬, ૪૯ --------

અ) ૫૬  બ) ૬૪
ક) ૬૬  ડ) ૭૨

## ગયા મંગળવારના જવાબ

**ભાષા વૈભવ**

| A | B |
|---|---|
| સંધિવા | Rheumatism |
| લકવો | Paralysis |
| મનોવિકાર | Psychosis |
| મગજનો સોજો | Encephalitis |
| નેત્રદાહ | Conjunctivitis |

**માઈન્ડ ગેમ**
૫૨૭

**ઓળખાણ પડી?**
SALAK

**ગુજરાત મોરી મોરી રે**
ગળું

**ચતુર આપો જવાબ**
**અર્થ જણાવો**
રાત્રિ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મૂળરાજ કપૂર (૩) સુભાષ મોમાયા (૪) પ્રતિમા પામાણી (૫) તાહેર ઔરંગાબાદવાલા (૬) શીરીન ઔરંગાબાદવાલા (૭) નીતા દેસાઈ (૮) ધીરેન્દ્ર ઉદેશી (૯) ડો. પ્રકાશ કટકિયા (૧૦) ભારતીય પ્રકાશ કટકિયા (૧૧) શ્રદ્ધા આશર (૧૨) ભારતી બુચ (૧૩) પુષ્પા પટેલ (૧૪) વિભા મહેશ્વરી (૧૫) લજિતા ખોના (૧૬) મહેશ સંઘવી (૧૭) ખુશરૂ કાપડીયા (૧૮) મીનળ કાપડિયા (૧૯) જયોતિ ખાંડવાલા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) નીતીન બજારિયા (૨૩) વિણા સંપટ (૨૪) દિલીપ પરીખ (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) ભાવના કર્વે (૨૮) જગદીશ વલ્લભજી ઠક્કર (૨૯) કલ્પના આશર (૩૦) મહેશ દોશી (૩૧) સુનીતા પટવા (૩૨) રજનીકાંત પટવા (૩૩) અંજુ ટોલીયા (૩૪) શિલ્પા શ્રોફ (૩૫) જયોત્સના ગાંધી (૩૬) ઈનાક્ષી દલાલ (૩૭) હિનાબેન દલાલ (૩૮) રમેશભાઈ દલાલ (૩૯) રસિક જુઠાણી (ટોરોન્ટો-કેનેડા) (૪૦) પુષ્પા ખોના (૪૧) પ્રવીણ વોરા (૪૨) કિશોર બી. સંઘરાજકા (૪૩) જયવંત પદમશી ચિખલ (૪૪) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૪૫) અબદુલ્લા એફ. મુનીમ (૪૬) નયના ગિરીશ મિસ્ત્રી (૪૭) મહેન્દ્ર લોઢવીયા (૪૮) નિખીલ બેંગાલી (૪૯) અમીષી બેંગાલી (૫૦)અલકા વાણી (૫૧) સુરેખા દેસાઈ (૫૨) નંદકિશોર સંજાણવાળા

## કવર સ્ટોરી (પાંચમા પાનાનું ચાલુ)

શહેરોમાં તો ચૈત્ર મહિનામાં જ દેખાવાની શરૂઆત થઈ જાય છે. અરે, કેટલાંક સ્ટેટસ સિમ્બોલ ધરાવતા ધનિકો તો ફાગણમાં હોળી પછી તરત જ સરસ આકર્ષક બૉક્સમાં કેરીઓની ભેટ આપી વટ પાડવાનો પ્રયત્ન કરતાં હોય છે. પછી ભલે અંદરથી કેરી ખાટી બટ્ટ નીકળે. કુદરત ઋતુ પ્રમાણે જ અલગ અલગ ફળનું ઉત્પાદન કરતી હોય છે. જે તે ઋતુની અસરથી બચવા તે પ્રકારના ફળો ઉત્પન્ન થતાં હોય છે. આજે કોઈ પણ ઋતુમાં કોઈ પણ ફળ મળે એ ખરેખર પ્રગતિ કહેવાય કે અધોગતિ?

ફળોને સમય કરતાં વહેલાં ઉતારી લેવાથી વૃક્ષના માતૃત્વ પર કારમો ઘા તો નહિ પડતો હોય ને? નવ મહિના પછી સંપૂર્ણ વિકસિત બાળક દુનિયામાં આવે તે સારું કે અધૂરા માસે અથવા તો ધીરજ અને સહનશક્તિના અભાવથી સિઝેરિયનથી બાળક અવતરે એ સારું? ફળોને ઝડપથી પકાવવા રસાયણોનો ઉપયોગ જરૂરી જ છે કે પછી કુદરતી સૂર્યપ્રકાશ અને ગરમીનો ઉપયોગ કરી વૃક્ષ પોતે જ પોતાના બાળકોને પરિપક્વ બનાવે તે વધુ હિતકારક છે? ફળ પકાવવાની વૃક્ષની પ્રક્રિયામાં વાતાવરણમાં ઉષ્ણતામાનનું પ્રમાણ ઘટે છે, પરંતુ એ જ પ્રક્રિયા રસાયણથી થાય અને વૃક્ષો બિચારા સૂર્યપ્રકાશ અને ગરમીનો ઉપયોગ કરી જ ન શકે તે કારણે પણ ગ્લોબલ વોર્મિંગના આ જમાનામાં ગરમી વધતી હશે? ખેતી નિષ્ણાતો, ખેડૂતો કે ફળોના વેપારીઓ આ બાબત પર કંઈ પ્રકાશ પાડી શકે? ■

## આહારથી આરોગ્ય સુધી (પાંચમા પાનાનું ચાલુ)

### ટ્રિપ્ટોફેન

શરીરના નાઈટ્રોજનને સંતુલિત કરે છે. સેરોટોનિન નામનું મસ્તિષ્કનું રસાયણ બનાવે છે. મૂડ ભૂખ અને નીંદરને નિયંત્રિત કરે છે. આની આવશ્યકતા પાંચ મિલિગ્રામ છે. વીટ જર્મ, ઓટબાર્ન, સોયાબીન, રાજમા, પીન્ટોબીન્સ, અડદ, પમકીન, સૂકોમેવો, પાઈનેપલ, કેળા, મુખ્ય સ્રોત છે.

### વેલિન

માંસપેશીની વૃદ્ધિ, ઉત્રક અને પુર્નજનન અને ઊર્જા બનાવે છે. આની આવશ્યકતા ચાલીસ મિલિગ્રામની છે. સનફ્લાવર સીડ, તલ, અળસી અને સીયાસીડ તેમ જ ચીઝ, દહીંમાંથી મળે છે. નેવીબીન્સ, રાજમા, ચણા, મશરૂમ, બ્રાઉનરાઈસ આના મુખ્ય સ્રોત છે.

### ફેનિલએલનિન

મસ્તિષ્કના રસાયણ ફલોનું ઉત્પાદન કરે છે. ડોપામાઈન, એપિનેફ્રિન અને નોરપેનેફ્રિન માટે જરૂરી છે. આની આવશ્યકતા તેત્રીસ મિલિગ્રામ જેટલી છે. કંદમૂળ, રતાળુ, સૂકોમેવો, કાચા કેળા બધી જાતના ધાન્ય, બ્રાઉન રાઈસ, મકાઈ આના સ્રોત છે.

કોઈપણ મુશ્કેલી વિના સ્વસ્થ જીવન જીવવા માટે હંમેશાં પ્રોત્સાહિત રહેવું જોઈએ. તાજાંફળો, સલાડ, લીલા શાકભાજી, દૂધ, દહીં અને સમતોલ આહાર લેવો જોઈએ. જેથી હૉસ્પિટલો આગળ ભીડ ઓછી થાય. બાળકોને જંકફૂડની ખરાબ અસરો વિશે માતાપિતાએ હંમેશાં જાણ કરવી જોઈએ. સારા સ્વસ્થ ખોરાકની આદત બાળપણથી જ પાળવી જોઈએ. વ્યક્તિએ પણ દિનચર્યા ફક્ત પૈસા કમાવવા માટે જીવવું ન જોઈએ. સારા સ્વાસ્થ્યની મૂળભૂત જરૂરિયાતો પૂર્ણ કરવા પર ધ્યાન દોરવું જરૂરી છે. ■

## સ્વાસ્થ્ય (આઠમા પાનાનું ચાલુ)

જલીય દ્રાવણની એસિડિટી અથવા ક્ષારતાને સ્પષ્ટ કરવા માટે થાય છે. આપણા શરીરના જુદા જુદા ભાગોનું પીએચ લેવલ અલગ-અલગ હોય છે, ઉદાહરણ તરીકે, પેટનું પીએચ ૧.૫ થી ૩.૫ની વચ્ચે હોય છે. ત્વચાનો પીએચ ૫.૪ થી ૫.૯ સુધીનો છે. યોનિનું પીએચ ૩.૮ થી ૪.૫ની વચ્ચે હોય છે.

પીએચ રેન્જ ૦ - ૧૪ છે. ૭ કરતા વધારે પીએચ એટલે કે પદાર્થ આલ્કલાઇન છે. ૭ કરતાં ઓછી પીએચ એટલે કે પદાર્થ એસિડિક છે, જ્યારે પીએચ બરાબર ૭ હોય ત્યારે તે સૂચવે છે કે પદાર્થ તટસ્થ છે. શુદ્ધ પાણીનું પીએચ મૂલ્ય ૭ છે. એસિડિક સોલ્યુશનમાં પીએચ ૭ કરતા વધારે હોય છે. આલ્કલાઇન સોલ્યુશનમાં પીએચ ૭થી ઓછું હોય છે. ■

## ટૂંકી વાર્તા (આઠમા પાનાનું ચાલુ)

એ રાક્ષસ કહેતો હતો કે વ્યાજના કાંધા તરીકે દર અઠવાડિયે એની ડેલીએ આવવું પડશે..! રાક્ષસ ચામડા ચૂંથવાનો શોખીન મૂવો છે..! પણ ચાર વેતર પછી આ દૂબળા દેહમાં ઇ નખ્ખોદિયાને એવી શું મોહિની લાગી હશે..? એના પેટમાં પ્રતાપનું જે પડ્યું છે ઇ કઢાવવામાં ડરતી હતી, પણ હવે આ પાપ કરવા રાજી થવું પડ્યું.!

રતન ડોશીને જોઇ રહી : ડોશી ઊભા ગળે હક્કથી ઝાપટી રહી છે.! રતનને વિચાર આવ્યો.. જે હક્કથી ડોશી રોટલા પેટમાં પધરાવી રહી હતી એ કમાવા માટે એને સૂરસંગની મેડીએ હાડ ગાળવાના હતાં..! ડોશી તો હમણાં શેરીના નાકે એની હેડીની ડોશીઓ સાથે રામધૂન બોલાવા માંડશે, પણ નરાધમ સૂરસંગનો સંગ થાશે પછી એના તો હાડેહાડ રામધૂન બોલે એવા થશે.! એનો નમાલો ધણી પ્રતાપે ય એને છોડતો ત્યારે રતન થાકીને લોથ થઈ જતી, ત્યારે સૂરસંગ તો ધણખૂટ જેવો માતેલો સાંઢ.! પારકો બળદ માગ્યો હોય તો એની ય કોઇ દયા નો ખાય, ત્યારે આ તો નબળા મનની અબળા સ્ત્રી..!

રતન ખાઈ ન શકી. રોટલાના બે ચાર બટકા લૂસ લૂસ ખાઈને ખાલીખમ ઓરડામાં જઈને ખાટલે પડી. આજની રાત કતલની રાત હતી. રાક્ષસની મેડીએ જવાનું હતું. રતનને વિચાર આવ્યોઃ કોઇને કાંઈ કહ્યા વિના ગામ છોડીને હાલી નીકળું ..! પણ જ્યોતિ અને મીરાનું શું થશે..? ડોશી તો દાઢી માગે છે.. ભીખ માંગી ખાશે પણ ફૂલ જેવી દીકરીઓના જીવતર નોંધરા કરવા કરતાં તો બળ્યું આ શરીરને જ અભડાવવા દેવું..! એક દિ તો બળીને રાખ થાવાનું છે. આમેય સૂરસંગે કહ્યું હતું કે મહિનાનું સીધું સામાન લાલચંદની પેઢીએથી દર મહિને એના ઘેર પહોંચાડી દેવાની જવાબદારી ઉપરાંતમાં વ્યાજ માફ.. ને બદલામાં ફક્ત દરરોજ સૂરસંગની મેડીએ પાણી ભરી આવવાનું અને અઠવાડિયે એકાદ વાર એમની ખિદમત કરવાની..!

પ્રતાપ જેવાની ઘરવાળી હોવાની ય એને નફરત થઇ આવી. કદાચ એની નફરતના માર્યા જ રતને

સૂરસંગનું કહેવું માની લીધું હતું હવે કોણ રોકવાનું હતું..? સાલો હલકટ.. એકલી મૂકીને જતો રહ્યો એની બૈરી આવા માણસની રખાત બનીને રહે એમાં જ એની આબરૂ બોળાય..! પણ રતનને વિચાર આવ્યો : મારાથી એ જમદૂત હારે એક પથારીમાં કેમ સૂવાશે..? દારૂ પીને આવતો ત્યારે પ્રતાપનો ય સળવળાટ અને પોષતો ન હતો. પ્રતાપના આંગળા રતનના શરીરે આમતેમ ફરતા, એના નહોર વાગતા, કપડાં ખેંચતો, ને ફાટી જવાની બીકે રતન કપડા આસ્તેથી ખૂલી જાય એમ કરી મૂકતી.. એના શરીરે તો પ્રતાપ એવા બાચકા ભરતો.. જાણે એને ખાઈ જવી હોય એમ..!

મનોમન રતન અકળાઈ ઉઠી.! એ રાક્ષસ સૂરસંગ તો પીંખી નાખશે..! બહુ બહુ તો મડાની જેમ પડી જ રહીશ.. શું કરી લેવાનો હતો? જોકે એવાને તો જીવતી હોય કે મરેલી હોય બસ સ્ત્રી જોઇએ..! ભલેને એને જેમ કરવું હોય એમ કરી લેતો.. અઠવાડિયે એકાદ વાર મરી જઈશ.. પણ બે ય દીકરીઓ બાપડી ધરાઈને ધાન તો ખાશે..ને કડવી ડોશીય જેટલું જોંહટવું હોય એ પેટ ભરીને જોંહટી લે..! આમેય એનો ગગો ભાગી ગ્યો પછી કડવી ડોશી મૂંગી મંતર થઇ ગઇ હતી, હવે તો શેની બોલે? હવે તો એક વેણ કડવું બોલે તો કડવીને ક્યાંય મૂકી આવું..! તારી જાતની ડોશકી..! કડવી કોઇ દિ મીઠી જ નો થઇ..!

રાત્રે ગામ આખુંય જંપી ગયું હતું ત્યારે રતન આસ્તેથી ઊઠી. મીરા જ્યોતિ કાયમની આદત મુજબ બાજુના રૂમમાં કડવી ડોશી પાસે જ સૂતી હતી. રતને ધીમેથી કમાડ ભીડ્યા ને બિલ્લી પગે ચાલી નીકળી. ઘર પાછળના ખાતરામાંથી નાળા પાસેથી ધીમા ડગલે પહોંચી છેક સૂરસંગની ડેલીએ.. સૂરસંગે કહ્યું હતું એમ ડેલની બારીને ધક્કો માર્યો એટલે બારી ખૂલી ગઇ. ધીમેથી રતન અંદર આવી. ડેલીની ડાબી તરફ માઢ મેડીએ જવાનો લાકડાનો દાદરો હતો. એના પર ધીમે પગલે ચાલતી રતન મેડી ઉપર આવી. સૂરસંગ ઢોલિયામાં સિગારેટ ફૂંકતો બેઠો હતો. બે એક પેદ લગાવીને બેઠાં હશે. ને એક ગ્લાસ હાથમાં હતો.. રતનને જોઈને રાજી થઈ ગયાઃ 'અરે વાહ, આવી ગઇ તું?'

રતન ચૂપચાપ જઈને ઊભી રહી પણ સૂરસંગે એનું કાંડું ખેંચીને ઢોલિયો બેસાડી..રતનના શરીરમાં ઝણઝણાટી થઈ આવી.. ઢોલિયો સામે ટીપોઈ પર અંગ્રેજી દારૂની બોટલ પડી હતી, પણ સૂરસંગ નશામાં સાવ ચકચૂર હોય એમ નહોતું લાગતું.. પ્રતાપ તો દેશી કોથળી પીતો ને ત્રણ ગણા તોફાન કરતો.. એને નશો પચતો જ ન હતો. સિગારેટના ધૂમાડાથી રતનને ઉધરસ આવી એટલે સૂરસંગે સિગારેટ બુઝાવી દીધી. મેડી ઉપર સાવ ઠંડક હતી. એની ઓરડીમાં તો નર્યો બફારો અને ગરમીના ફોરા પણ અહીં તો શીતળ ઠંડક હતી. એ ઠંડક સામેની દીવાલમાં લગાડેલાં મશીનમાંથી આવતી હતી. સ્પ્લીટ એ.સી.ના ઠંડા પવનની લહેરખીમાં રતનનો થાક જ સાવ ઓસરવા માંડ્યો જાણે..! સૂરસંગે એના માથાથી છેક પીઠ સુધી હાથ ફેરવ્યો..ને ખરબચડો ચહેરો સાવ નજીક લાવી એના ગાલે ચપ્પ કરતું એક ચુંબન કર્યું..ઓહ..સિગારેટની મર્દાના ગંધ.! રતનના શરીરમાં એક લહેર દોડી ગઈ. ક્યાં દેશી બીડી ફુંકણિયો પ્રતાપનું તમાકુથી ગંધાતું ચીતરી ચઢે એવું મ્હો અને ક્યાં આ સૂરસંગનું મધરું મધરું ચુંબન..એનો મનોહર અને માદક સ્પર્શ..ને સિગારેટની માદક સુગંધ.! રતન જાણે સૂરસંગને સમર્પિત થતી ચાલી હતી. એ અહીં આવી ત્યારે પાપ હતું, પણ શી ખબર કેમ પણ પાપની એની મનોદશા ભુલાતી જતી હતી. મડાની જેમ પડ્યા રહેવાની તો ઈચ્છા જ નહોતી થતી. કશુંય અજુગતું નથી એવું લાગ્યું. સૂરસંગે એને નજીક ખેંચી એના કાનમાં પૂછ્યુંઃ 'તું એકાદ પેગ પીશે..? રોયલ ચેલેન્જ સ્કેચ વ્હિસ્કી છે..!

'ના-' કહેતા કહેતા તો રતન સૂરસંગની ઉઘાડી છાતી સરસી લપાઈ ગઈ. સૂરસંગે ફરી એકાદ ઘૂંટ ભરી ગ્લાસ ટિપોઈ પર મૂક્યો.. ને પછી રતનની ચૂંદડીને એના ખભેથી નીચે સરકાવી. બ્લાઉઝના બે ઉભાર સ્પષ્ટ વંચાય એમ રતને શરીરને કમર૦માંથી કડક કર્યું. અચાનક સૂરસંગે એને ખેંચી લીધી. બન્નેનું શરીર એકસાથે ઢોલીયે ઢળે એવી રીતે રતન ખેંચાઈ. કોઈ કલાકારની આંગળીઓના સ્પર્શે બજતા સંગીતની જેમ એના રોમ રોમમાં સંગીત બજી રહ્યું હતું. સૂરસંગની આંગળીઓ સૂરોનો ઝણકાર પ્રગટાવતી હતી. રતનની ગરદનથી ફરતી હતી. રતનને ગમતીલો સ્પર્શ હતો એ કદાચ..! સૂરસંગ તો જાણે કામદેવનો સાક્ષાત અવતાર..સ્ત્રીને ભોગવવાનું નહીં માણવાનું શાસ્ત્ર જાણે ..!

જેને પર્વત હમણાં જ વિદાય આપી હોય એવી અલ્લડ વહેતી ગાંડીતૂર નદી આજે રતનમાં પ્રગટી હતી. એ નદીનું તોફાન વર્ષોના દુષ્કાળ પછી અનરાધાર વરસતા મેહુલાને આવકારવા ઉછળતી નદીના ઉન્માન જેવું તોફાન હતું.. અદ્ભુત હતી, અલ્હડ હતી, પણ એની નિશ્ચિત ગતિએ સાગર તરફ વહેતી હતી..અસ્થિર ન હતી એ રાતનો તલસાટ એના જીવનનું પહેલું સંભારણું હતું એ તલસાટ સૂરસંગે શમાવ્યો.. એ પાણી ઓસર્યા પછીની નદીની જેમ સૂરસંગને અઢેલીને એની છાતીએ મ્હો રાખી સૂતી. એક પુરુષ અને એક સ્ત્રી વચ્ચેનું કોઈ નિરાળું વિશ્વ રચાઈ શકે એવું તો ક્યારેક એણે અનુભવ્યું જ હતું. એને સ્પ્રથી મઘમઘતા ઠંડાગાર રૂમમાં દેશી બીડી અને તમાકુની ગંધથી અસહ્ય મ્હોની યાદ પણ આવે એમ ન હતી. ઢોલિયે ચોળાઈ ગયેલી દરિયાના મોજાઓ જેવી ભાતની ચાદર ઉપર ઓશિકે ઢળીને સૂતેલા સૂરસંગની મર્દાના છાતીના ગુંચરાળા બાલ સાથે રમત કરતી રતન એમની સામે માદક માદક મલકાતી હતી.

રતનને શૂળ જેવો વિચાર આવ્યોઃ પણ પેટનું બાળક?

જે થવું હોય એ થાય..! આજે પહેલી વાર એની જાત માટે જીવી હતી એની ઉજવણી હતી.

બીજા દિવસે રતન એના ઘરમાં હતી ત્યારે ચીકો દોડાદોડ આવ્યોઃ 'ભાભી, પ્રતાપે વાવડો રાખ્યો છે ઈમાં આખલાએ ભેલાણ કરી મેલ્યું, આખો વાવડો સાવ ફેંદી નાખ્યો જે કોંટા ફૂટ્યા હતાં ઈય ઉખડી ગ્યા..'

'ચીકાભાઈ બિયારણ જ નકલી હતું..' રતને સ્વગતની જેમ કહ્યુંઃ ઇ ખેતર તો આખલાના ભાગનું જ હશે ઇણે મર ભેલાણ કર્યું..ગિયા જનમનો લેણિયાત હશે મૂવો.. હવે મને કાંઈ પરવા નથી.! ■

## હેલ્થ-વેલ્થ (છઠ્ઠા પાનાનું ચાલુ)



### સત્તૂનો શરબત

સતૂ ફક્ત બિહાર અને પૂર્વી ઉત્તર પ્રદેશના ગરીબોનું પીણું છે. આ એક વૈજ્ઞાનિક પીણું છે. જે આપણને ગરમીમાં ફાયદો આપે છે. આ કારણ છે કે હવે સત્તૂ ગામ અને ગરીબો સિવાય મોટાં મોટાં શહેરોમાં પ્રાઇમ પીણુ બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે. ગરમીમાં સત્તૂ પીવાના અનેક ફાયદાઓ છે. આ શરીરને ઠંડુ રાખે છે. ગરમીમાં શરીરને ઠંડુ રાખવું ખૂબ જરૂરી છે. કારણ કે જો ગરમીમાં સતત શરીર ગરમ હોય તો સન સ્ટ્રોક્સ સહિત અનેક પ્રકારના પેટના રોગ થઇ શકે છે. પાચન ક્રિયા મજબૂત બનાવે છે. વજન ઓછું કરે છે અને પેટને સ્વસ્થ રાખે છે. લીંબુ પાણી છાશની જેમ આ પણ પેટને સ્વસ્થ રાખે છે. જોકે કોઇ પણ ઋતુમાં સત્તૂ ખાવાની અનેક રીત છે, પરંતુ ગરમીમાં સત્તૂનો શરબત પીવો સૌથી સારો છે. ખાવામાં તો સત્તૂના લાડુ પણ ખવાય છે, પરંતુ ગરમીમાં સત્તૂનો શરબત પીવાના જે ફાયદાઓ છે તે કોઇ પણ રીતે ખાવામાં નથી. જો ગોળ અને ઇલાયચીવાળો સત્તૂ શરબત પીવાથી અનેક ફાયદાઓ થાય છે. જો મીઠું, જીરા અને સત્તૂથી વધુ ફાયદો મળે છે. સત્તૂથી કોઇ નુકસાન થતું નથી પરંતુ ઉનાળામાં સત્તૂનો સૌથી મોટો ફાયદો ત્યારે જ મળે છે જ્યારે આ શરબત બનાવીને પીવો છો. દરરોજ સવારે પાણીના બદલે સત્તૂ પીવામાં આવે તો તમારું પેટ આશ્ચર્યજનક રીતે સાફ થશે. માનવામાં આવે છે કે સત્તૂ સવારે એનર્જી ડ્રિક્સનું કામ કરે છે. ■

## તંદુરસ્તી-મનદુરસ્તી (પાંચમા પાનાનું ચાલુ)

ઉપાયો પણ આપવામાં આવ્યા છે.

(૧) **ક્રિયાયોગ :** ક્લેશોની પ્રબળતા ઓછી કરવા માટે ભગવાન પતંજલિ ક્રિયાયોગનું પરિશીલન સૂચવે છે.

तपःस्वाध्यायेश्वरप्रणिधानानि क्रियायोगः।

– यो.सू. : २-१

''તપ, સ્વાધ્યાય અને ઈશ્વરપ્રણિધાન ક્રિયાયોગ છે.''

પ્રાણાયામના વિવિધ પ્રકારો, સંયમી જીવનપદ્ધતિ, તિતિક્ષા, સાધનાપરાયણતા આદિ તપ છે.

અધ્યાત્મપથના પ્રમાણભૂત શાસ્ત્રગ્રંથોનું પરિશીલન, ગાયત્રી, મહામૃત્યુંજય આદિ મહામંત્રોનો જપ આદિ સ્વાધ્યાય છે.

ભગવત્પ્રીત્યર્થે પૂજા, યજ્ઞ, પાઠ, જપ આદિ કર્મો ઈશ્વરપ્રણિધાન છે. ઈશ્વરપ્રણિધાનથી ક્લેશોનું બળ ઘટે છે અને ચિત્તની સમાધિ માટેની યોગ્યતાનું નિર્માણ થાય છે.

(૨) **અભ્યાસ-વૈરાગ્ય :** અભ્યાસ અને વૈરાગ્યથી ચિત્તની વૃત્તિઓ અને ચિત્તના ક્લેશોનો નિરોધ થાય છે. ચિત્તને વૃત્તિઓના પ્રવાહ અને ક્લેશોમાંથી પાછું વાળીને સમ-અવસ્થામાં સ્થિર કરવા માટેનો પ્રયત્ન તે અભ્યાસ છે.

અધ્યાત્મ પ્રત્યે એકનિષ્ઠા અને તદ્વિરોધી સાંસારિક આસક્તિઓ પ્રત્યે અનાસક્તભાવ ધારણ કરવો તે વૈરાગ્ય છે.

(૩) **ઈશ્વરપ્રણિધાન :**

ઈશ્વરપ્રણિધાન એટલે પરમાત્મા પ્રત્યે સમર્પણભાવ ધારણ કરવો તે.

ક્રિયાયોગના ભાગરૂપે જે ઈશ્વરપ્રણિધાન છે તે ક્રિયાત્મક છે. અહીં જેનો ઉલ્લેખ છે તે ભાવનાપ્રધાન છે.

ઈશ્વરપ્રણિધાનભાવથી ક્લેશોનું બળ ઘટે છે. (ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

ટૂંકી વાર્તા

# લેણિયાત..!

અતુલકુમાર વ્યાસ



પ્રતાપ રતનથી સંતાતો ચાલતો હોય એમ એનાથી છેટો રહેતો હતો. એને તો એમ હતું કે રતન ચાર દિવસ સુધી એની હારે બોલશે નહીં, કામો જ એવો કરી નાખ્યો હતો. નહીંતર એમ કાંઈ ડરે એવોય ન હતો. વંશના વેલાની લીલી વાડીમાં ફરી વળતી એની કડવી વખ જેવી કડવી માને દીકરો જોઈતો હતો. ત્રણ ત્રણ વાર રતનને મહિના રહ્યા ને બે દીકરી આવી, પહેલી વારની અઘરણી ફેલ થઈ ગઈ..! દીકરો તો બીજીને ત્રીજી વારેય આવ્યો નહીં. ડોશીનાં કડવાં વેણ ઝીલતી રતન અને પ્રતાપ ઉભડિયા મજૂર હતાં. ઉંમર તો હજી ચાલીસને પાર કરી નહોતી પણ ચાલીસ વરસ સુધી એણે કરેલી મજૂરીનો થાક એકસાથે એને વરતાતો હતો.

તમાકુના ગલોફા ભરવાની અને બીડી પીવાની તો એને બહુ નાનેથી ટેવ હતી. શરીર બાકસના ખાલી ખોખા જેવું થતું ગયું હતું, પણ એ રાતે વળી પ્રતાપને શું ઉજમ ચઢી ગયો હશે એનો તો રતનને અણસારેય નહોતો આવ્યો.. પણ રતન એ રાત્રે એને ખાળી ન શકી.. બાર વરસની મીરા અને આઠ વરસની જ્યોતિ બેય પડખેની ઓરડીમાં ડોશી સાથે સૂતી હતી એટલે એકાંતમાં પ્રતાપને શૂરતાન ચઢી ગયું નહીંતર રતને એને કહ્યું હતું કે ત્રણ વેતરથી શરીરના નૂર ગુમાવીને એય થાકી છે હવે ચોથી વાર છોકરું જણવાની એની ત્રેવડ રહી નથી. પણ રતન શું કરે..? પ્રતાપની અંદર કોઈ રાક્ષસ પ્રવેશી ગયો હોય એમ..!!

રતન ફળિયામાં એકલી પડી એટલે પ્રતાપે કહ્યું:‘ રતની તને પેટમાં ભાર છે, એવું લાગે તો આપણે તાલુકે ડાકટર પાસે જઈ આવીશું.. આપણે હવે ચોથી વાર..’

‘પાપ કરવા છે..?’ રતને એને અટકાવી દેતા કહ્યું:‘ડાકટર પાસે જઈને જનમતા જીવને રોકવાનું પાપ મારે કરવું નથી.. ભલે નસીબમાં હોય ઈ થાય.. હું ચોથું છોકરું જણીશ..’

‘પણ દીકરી આવશે તો..?’ પ્રતાપનો અંદરનો ડર હોઠે આવી ગયો: ‘બેને વળાવવાના તો આપણે તાકડા નથી..ઈમાં..ત્રીજી નહીં ખમાય.. મારું માન..’

રતન એની સામે કતરાતા ઓરડામાં જતી રહી.

‘જણતર જાળવવાનો જાક નથી તો મરદાનગીની ફાંકું શેનો મારેશ. નખ્ખોદિયા..’ રતન મનોમન બબડી: ‘હવે દીકરો જણીશ ને ઈ તારી ડોશીને સરગમાં હાથ ઝાલીને મૂકી આવશે..’

મહિને રતનને પેટમાં ગોળા ચઢવાનું શરૂ થયું. ઉબકા આવી આવીને એના ખાલી પેટમાં આંતરડા ખેંચાઈ આવતા. કડવી ડોશી તો રાજી રાજીના રેડ થઈ ગઈ.. ઠાકોરજી પાસે દીવો કરીને ડોશીએ તો અરજેય ગુજરી લીધી : ‘હે, તરભોવન, મારા પરતાપને પારણું બંધાય એવી દયા ખાજે.. મારા વાલા’

‘આ મીરા અને જ્યોતિ પારણે નથી ઝૂલી..?’ રતને વ્યંગ કર્યો પણ ડોશીએ કહ્યું: ‘દીકરો, દિ વાળે ઈનું પારણું બંધાય ઈ પારણું કહેવાય..સમજ્યા વહુ..!’

‘તારા દીકરાએ જે દિ વાળ્યો છે એ હું ક્યાં નથી જાણતી ડોશકી-’ રતનને કહેવાનું મન થયું.. પણ એ મૂંગી રહી ગઈ.. સાસુ એના તરફ આવીને એના મોઢામાં ગોળની કણી મૂકતા બોલી : ‘મીઠું મોઢું કર વહુ- ભગવાન તને દૂધ મલિયો દીકરો દેશે..!’

પ્રતાપ ઢીલા પગે ચાલીને ફળિયામાં આવ્યો.

‘મરી ગયા.. રતની.’ પ્રતાપ ઓરડામાં રતન પાસે આવતા બોલ્યા : ‘તું માની નહીં.. ને આ છોકરું રહેવા દીધું.. ઉપરથી બીજી ઉછીની વહોરાઈ ગઈ.’ પ્રતાપ માથે હાથ થઈને ખાટલે બેસી પડ્યો. રતનથી રહેવાયું નહીં :

‘કાં શું થઈ ગ્યું ચીમ બારે વ્હાણ બૂડી ગ્યા હોય ઈમ પડ્યા છો..?’

‘બૂડી ગ્યા રતની બૂડી જ ગ્યા...’પ્રતાપે કહ્યું : ‘આપણી ખેતી નકામી ગઈ..’

‘ખેતીવાળા ખેડૂની ખેતી, આપણે તો પાદરની મજૂરીના ધણી..’રતને કહ્યું : આપણે તે વળી બાપ ગોતર કે દી ખેતી..?

‘મારી મત ફરી જઈ તી રતની-’ પ્રતાપ રડમસ અવાજે બોલ્યો : ‘સૂરસંગનું આઠ વીઘાનું એક વાવડું મેં વાવવા રાખ્યું તું- ઈમાં નકલી બિયારણ ઠોક્યું.. કોંટા ફૂટીને બળી જાવા મંડ્યા, દળી દળી ને ઢાંકણીમાં..!’

‘હેં હાય હાય..’ રતન પ્રતાપ સામે બેસી પડી: ‘ઈ મૂવા સૂરસંગે જ તમને ભોળવ્યા હશે..’

‘ઈ ણે નહીં.. હું જ અભાગિયો ઉલ્લીને મરવા ગ્યો..’

પ્રતાપે કહ્યું : ‘ઈ અકરમી સૂરસંગને પચાસ હજાર જોહવાના છે.. ઉપરાંતમાં બિયારણ લાવ્યો એના લાલચંદ વાણિયાને સાત હજાર અઢી ટકાએ બાળવા પડશે.. ઈ ફદિયા ગ્યાંથી કાઢશું..?’ રતન એની સામે બાઘાની જેમ તાકી રહી.. પ્રતાપ કપાળ કૂટતા બોલ્યો: ‘મેં ક્યાંક જાતા પાપ કર્યા હશે તી મારા લમણે જ આવા ઉછીના ઓરાય છે..’

‘આપણે તો ઉભડિયા મજૂર .. રતન અફસોસ કરતાં બોલી : ‘તમને વૈચારે ય નો આવ્યો..? ઈ દેણા ભરવા આપણી ભેટમાં વેચાય એવું એકેય કિંમતી રાચ નથી.. દેણાં ભરશું શેનાથી..?’’

‘થઈ પડશે. ઈ તો..’પ્રતાપ વાત ચોરી ગયો: ‘પણ તારે પેટનો શું વિચાર છે..?’ મૈના રાખવા છે?

‘આટલા વણજોતા પાપ તો ભરી ર્યા છીયે.’ રતનને કહેવાનું મન થયું, પણ એ મૂંગી રસોડા ભેગી થઈ ગઈ.. પ્રતાપ બપોરના રોટલા ખાઈને ઘડી બઘડી ખાટલે લાંબો થયો ને અચાનક ખડકીએથી બહાર નીકળી ગયો.. બપોરે ગયેલો પ્રતાપ એ રાત્રે આવ્યો જ નહીં રતન રાતે એના બે ચાર ભાઈબંધોના ઘરે અને ચોરા સુધી જઈ આવી પણ પ્રતાપનો પત્તો નહોતો.. ક્યારેક ઉકાના થડેથી દેશીની કોથળી પીને આવવાની પ્રતાપને ટેવ હતી. આજ હારણ થઈને કદાચ પીવા ગયો હોય એમ સમજીને રતન ડરતી ડરતી ઉકાના થડાની આસપાસે ય જોઈ આવી.. ઉકાને પૂછ્યુંય ખરું: ઉકામામા, મીરાના બાપુ આવ્યા હતાં?

‘ના-હોં- ઉકાએ કહ્યું: ‘પ્રતાપને તો ચાર પાંચ દિ થી ભાળ્યો ય નથી.. આંય નથી આવ્યો.!

‘હાય હાય.. તો ક્યાં ગ્યા હશે.?’ રતનને ફાળ પડી. પછી વિચાર આવ્યો : ઈ મૂવા સૂરસંગે પૈસા હાટું ભૂખ્યા તરસ્યા પૂરી તો નૈ રાખ્યા હોય..? લેણાના ધણી તો ગમે ઇ કરે.. ઇનામાં દયાનો છાંટો ય ન હોય.. રાખ્યા હોય..? રતનને વિચાર આવ્યો: ઘેર જઈને જ્યોતિને સૂરસંગને ત્યાં પૂછવા મોકલીશ.. પણ ઇ સૂરસંગ લંપટનો અવતાર છે.. પારેવા જેવી દીકરી માથે ય મેલી નજર કરતા શરમાય એવો નથી.. એના કરતાં તો હું જ જઇ આવું..!

સૂરસંગના ડેલામાં માઢ મેડીએ સૂરસંગ સાથે પાંચ સાત બીજા માણસો બેઠાં હતાં, રતને માથે આડું ઓઢીને પૂછ્યું: ‘બાપુ, મારા ઘરવાળા આંય આવ્યા છ..?

‘પણ તમે કૂણ..?’ સૂરસંગે સાડીની આડશે એનો ચહેરો કળ્યો નહીં એટલે રતને કહ્યું: ‘બાપુ હું કડવીમાંના દીકરાની વહુ..!’

‘કોના.. પરતાપના..?’ સૂરસંગે પૂછ્યું: ‘પણ પરતાપ તો આંય આવ્યો જ નથી..!’

– ને નિરાશ રતન ખડકીની બારીમાંથી જ પાછી વળી ગઈ. નક્કી ઇ ભાગી ગ્યા. મનમાં રતને શબ્દો ફૂટતા હતાં : નફટ્ય તને ભૂંડા- મરદ કેવરાવેશ..! બૈરી છોકરાને નિરાધાર છોડીને દેણાથી બી ભાગ્યો..? ‘માલા.. પોચ્ય વિનાના, તને ઇ ય વૈચાર નો આવ્યો કે આ બૈરું માણહ કેમ કરીને ચાર-ચાર પેટ ભરશે..?’

રતન પાંચ દિવસ સુધી ગાંડીની જેમ પ્રતાપને શોધતી રહી પણ પ્રતાપ મળ્યો નહીં. સૂરસંગનો એક ચાકર ચીકો એક સાંજે આવીને પૂછતો હતો: ‘રતનીભાભી- પ્રતાપની કાંય ભાળ મળી..?’

‘ના વીરા-’ રતન ઓશિયાળી થઈ બોલી : ‘ઇમનો કાંઈ પત્તો નથ લાગતો..’

‘ભાભી, ઇને સૂરસંગબાપુ બોલાવે છે, પ્રતાપ નો આવ્યો હોય તો તને મોઢું બતાવી જાવાનું કીધું છે.!’ પછી ચીકાએ આશ્વાસનેય આપ્યું: ‘તું મૂંઝાઈશ નહીં..હું ન્યા ખડે પગે હાજર રહીશ, તું સૂરસંગને મળી જા- ઇ ને ખેડ-ભાગ ના પચાસ હજાર કબૂલાવવા હશે.. બીજું કાંય કામ નહીં હોય.!’

‘ભલે ચીકાભાઇ હું હમણાં આવું છઉં..’ રતને કહ્યું એટલે ચીકો ગયો, એ વિચારે ચઢી: સૂરસંગને તો આખું ગામ ઓળખે..! સપરમા પરબે એનો પડછાંયો ય ન લેવાય એવો રાશી.. એકલું બૈરુ તો ઇની સામે જાતાય બીવે, એટલો લંપટ.! ઉઘાડે છોગ બબ્બે બૈરા ઘરમાં છે તોય હરાયાની જેમ ગામની વહુવારુને છોડે એવો નથી. પણ ચીકાએ કહ્યું હતું કે હું ખડે પગે હાજર રહીશ એટલે રતનને ધરપત હતી. એ સૂરસંગની ડેલીએ પહોંચી, માથે ઓઢી સૂરસંગ સામે ખડી થઈ. સૂરસંગ હીંચકે બેઠો હતો. એની સામે ઓસરીના જેરે ચીકો બેઠો હતો. સૂરસંગે પૂછ્યું : ‘પ્રતાપ ભાગી ગ્યો છે ઇ સાચું..?

‘જી બાપુ-’ રતન ઢાળી નજરે સાડીનો છેડો ઓરો ઓઢીને બોલી: ‘અઠવાડિયાથી ઘરે નથી આવ્યા.’ સૂરસંગ એકાદ ક્ષણ રોકાઈ રહ્યા પછી ચીકાને કહ્યું: ચીકા, તું લાલચંદ શેઠની પેઢીએ જઈને વ્યાજ ગણવાનું ટિપ્પણું લેતો આવ.. શેઠને કહેજે કે પેઢ મંગલિક કરીને ડેલીએ હોંકારો આપતા જાય...’

ચીકો અકળાયો, પણ સૂરસંગના આદેશની કડપ સામે એની અકળામણનું સુરસરિયું થઈ ગયું

ઢીલોઢૂસ ચીકો રતનથી નજર બચાવતો ઓસરી ઊતરીને ચાલતો થયો.

‘પ્રતાપે મારો આઠ વીઘાનો વાવડો ભાગવો વાવવા રાખ્યો હતો ઇ તો તમને જાણ છે ને.?’ સૂરસંગ વહેલાસર મૂળ વાત પર આવ્યા: ‘ઇ વાવડાના ભાગ લેખે પચાસ હજાર કૂણ આપશે..?’

‘બિયારણ જ મૂળે નકલી હતું-’ રતન બોલી: ‘વાવણી ફેલ થઈ, ભાગવી ખેડના ભાગે ચૂકવવા પૈસા નથી ને એટલે તો ઇ ગામ છોડીને ભાગ્યા છે..’

‘ઇ તો કાયરની જેમ ભાગ્યો..’ સૂરસંગે કહ્યું: ‘મારા પૈસા કૂણ ચૂકવશે..?’

‘અમારે તો ખાવાનાય સાંસાં છે બાપુ-’ રતન નીચું જોઈ બોલી: ‘ઘરમાં ઝેર ખાવાય પૈસો નથી, ત્યાં પચાસ હજાર રૂપિયા તો ક્યાંથી ભરાય..? વેચીને દેણું ભરી એવું કોઇ રાચેય ઘરમાં નથી.’

‘પણ લેણાં નૈ ભરાય તો ઇનું વ્યાજ ચઢતું જાશે..’સૂરસંગે કહ્યું: ‘વ્યાજ તો ભરશો..કે ઇના ય કાંધા કરી દેવા પડશે.?’ પછી સૂરસંગ ‘તું- કારે આવ્યો: ‘તુંય મજૂરી તો કરેશને? ઇમાંથી વ્યાજ ભરવાનું.’

રતનને સૂરસંગનો તુંકારો હાડોહાડ લાગ્યો પણ શું કરે.. રતન સૂરસંગની સામે જોઇ બોલી: ‘હું મજૂરી કરું છું.. ઇમાં ચાર પેટ પૂરાં ભરાય તોય સારું બાપુ -વ્યાજનો કાંધો આપવાની ત્રેવડ નથી.

‘તું મદ્દલ નહીં આપે- ને વ્યાજે ય નહીં આપે? સૂરસંગ રતનના રતૂમડા ચહેરા સામે જોઇ રહ્યો પછી આંખો ઝીણી કરીને બોલ્યો: ‘તો મારે વ્યાજની વસૂલાત કેવી રીતે કરવાની..?’ સૂરસંગે એના પગથી માથા લગ નજર કરી, રતનને લાગ્યું કે એણે શરીર ઉપર એકેય લૂગડું પહેર્યું ન હોય એમ આ મૂવો મરતલ એને ભૂખ્યા ડાંસ ડાઘિયાની જેમ તાકે છે..!

રતન સૂરસંગ સામે કતરાતી નજરે જોઇ રહી: નરાધમ આવી ગ્યો મૂળ ઓકાત પર.. નારીના દેહ

સિવાય આ રાક્ષસને માં માણસનું કાંઈ લક્ષણ દેખાય છે..?

– એ પછી ચીકો ખડકીએથી વ્યાજની ગણતરીનું ટિપ્પણું લઈને આવ્યો ત્યાં સુધી રતન સૂરસંગને સાંભળતી રહી હતી. ચીકાએ રતનને સલામત જોઈને એને ધરપત વળી, સૂરસંગે વ્યાજનું ટિપ્પણું

ખોલીને એમાંથી પચાસ હજારનું વ્યાજ ગણી રતનને મહિનાનો કાંધો પંદરસો કહ્યો પછી રતન ઘેર જતી રહી.. પણ એ રાતે રતનના મનમાં તુમુલ ચાલતું હતું નરાધમ સૂરસંગે.! ચીકો લાલચંદની પેઢીએ ગયો ત્યારે

(જુઓ પાનું ૯)

feedback@bombaysamachar.com

આરોગ્યનાં એંધાણ

જ્યોતિષી આશિષ રાવલ

## સપ્તાહના શરૂઆતથી ટાઇફોઇડ, કોલેરા, કમળો, ઝાડા ઉલ્ટી થવાની વ્યાપક બીમારીઓ નોંધાઇ શકે! યોગ્ય તકેદારી રાખવી

આ સપ્તાહમાં ગ્રહમંડળના આરોગ્ય દાતા

સૂર્ય મેષ રાશિમાં (ઉચ્ચસ્થ)
મંગળ કુંભ રાશિ તા.૨૩ મીન રાશિ
બુધ મીન રાશિ માં વક્રીભ્રમણ
ગુરુ મેષ રાશિ
શુક્ર મીન રાશિ
શનિ - કુંભ (સ્વગૃહી) રાશિ
રાહુ મીન રાશિ વક્રીભ્રમણ
કેતુ- કન્યા રાશિ વક્રીભ્રમણ

ચૈત્રી દુર્ગાષ્ટમી સાથે સપ્તાહ પ્રારંભ થશે. તા.૧૭ રામનવમી જયંતી મનાવાશે. સપ્તાહના શરૂઆતથી ટાઇફોઇડ, કોલેરા, કમળો, ઝાડા ઉલ્ટી થવાની વ્યાપક બીમારીઓ નોંધાઇ શકે!! યોગ્ય તકેદારી સાથે સભાનતા રાખવી આવશ્યક.હાલ માં પવિત્ર ચૈત્ર માસ ચાલતો હોવાથી પીપળના ઝાડ પર જળ અર્પણ કરીને એકી સંખ્યા માં પ્રદશિણા કરવાથી પિતૃગણના આશીર્વાદ મળશે જેનાથી ગુપ્ત બીમારીઓમાંથી ચોક્કસ રાહત અનુભવાશે. કડવા લીમડાના પાનનું સેવન કરવાથી ભવિષ્યમા થનાર બીમારીઓ અટકશે. આરોગ્યની વધુ સુખાકારી માટે સપ્તાહ માં એક દિવસ નમક ન ખાશો. બ્રાહ્મણને બ્રહ્મ ભોજન સાથે દક્ષિણા વિશેષ મહત્ત્વ શાસ્ત્ર અનુસાર રહેલુ છે.



(૧) મેષ (અ, લ, ઇ): ઊંઘ ન આવવાની શિકાયત જણાય. દંત પીડા પણ સતાવે. પીપળના વૃક્ષ પર રેવડી અર્પણ કરીને એકી સંખ્યામાં પ્રદક્ષિણા કરવી.

(૨)વૃષભ (બ, વ, ઉ): આ સપ્તાહ આરોગ્ય માટે સાનુકુળ રહેશે, પરંતુ આકસ્મિક ગરદન પણ સોજો આવવાની શક્યતાઓ. સત્યનારાયણ ભગવાનના મંદિરે દર્શન કરશો તેમ જ વિષ્ણુ-સહસ્ત્રનામ પાઠ કરશો.

(૨)મિથુન (ક, છ, ઘ): આ સપ્તાહ આરોગ્ય માટે અકારણ માનસિક ભય ચિંતાઓ સતાવે, પરંતુ આત્મવિશ્વાસ વધારશો. સાધારણ મરડાની અસર લાગે. શિવલિંગ પર જળાભિષેક સાથે પુષ્પ અર્પણ કરશો.રાત્રિએ સૂતી વખતે ચંદ્ર દર્શન કરશો.

(૪) કર્ક (ડ, હ): મોં માં દુર્ગંધ જણાય યોગ્ય ડેન્ટીસનું નિદાન કરાવવું. કબજિયાતની તકલીફ જણાય. શિવલિંગ પર જળાભિષેક કરશો તેમ જ પશુ પંખીને ચણ નાખશો.

(૫) સિંહ (મ, ટ): હૃદય સંબંધિત બિમારીઓથી વિશેષ દરકાર કરવી. શીરસ નીકળવાની સંભાવના. સૂર્ય સંહિતાનું પઠન કરશો. ગાયત્રીમંત્ર જાપની એક માળા કરશો.

(૬)કન્યા (પ, ઠ, ણ): સપ્તાહના શરૂઆતથી સતત બેચેની રહ્યા કરે. ભયાનક સ્વપ્ન આવવાથી ઊંઘમાં ઝબકી જવાય. નિત્ય પૂજા અવિરત કરશો. સત્ય વચન પાળશો.

(૭) તુલા (ર, ત): અશકિત સત જણાય. મોં ઉપર સફેદ ડાઘા લાગે. જૂની બીમારીઓ ધરાવનારે યોગ્ય સમયે ચેક અપ કરાવશો. યથાશકિત મુજબ નિયમિત દાન કરશો.

(૮)વૃશ્ચિક (ન, ય): યુરિનમાં સાધારણ બળતરા જણાય. પથરી પીડિત દર્દીઓ કાળજી આવશ્યક. પાણી વધારે પીવું.

કુળદેવી સ્મરણ સાથે મંત્ર જાપ કરશો.

(૯) ધન (ભ, ધ, ફ, ઢ): ડાયાબિટીસ ના દર્દીઓએ સમયસર દવાઓ લેશો. સૂકો થાઇરોઇડ થવાની શક્યતાઓ. દરરોજ એક મુઠ્ઠી ચણાની દાળ શિવજી પર ચડાવશો.

(૧૦) મકર (ખ, જ): સપ્તાહના અંતે ચક્કર આવી શકે. લીવરની તકલીફ રિપોર્ટમાં આવી શકે. શુદ્ધ ઘી દિપ સવાર-સાંજ કરશો સાથે હનુમાનજીની તસવીર દર્શન કરશો.

(૧૧) કુંભ (ગ, શ, સ): સ્નાયુની તકલીફ જણાય. દિવસે ઊંઘ આવવાથી તબિયત બગાડી શકે. નીત્ય કૂતરાને બિસ્કિટ સાથે દૂધ પીવડાવશો.

(૧૨) મીન (દ, ચ, ઝ, થ): આરોગ્ય માટે સાનુકૂળ રહેશે. જરૂરિયાત મંદ નજીકના સ્વજન યોગ્ય મદદ કરશો. ગુરુ મંત્ર સાથે ગુરુ ગીતાનો પાઠ કરશો. સતત ગરમીની લૂ લાગવાથી લીંબુ પાણી પીશો. માટે સમયસર ઊંઘ લેશો.

શુદ્ધ ઘીનો દીપક સવાર-સાંજ અવશ્ય કરશો. ગુપ્ત દાન કરવાનું પણ વિશેષ મહત્ત્વ રહેલું છે. ■

feedback@bombaysamachar.com


સ્વાસ્થ્ય

દેવેશ પ્રકાશ

## શા માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે શરીરનું પીએચ લેવલ જાળવવું?

જ્યારથી યુપીએસસીએ સિવિલ સર્વિસિસની પ્રારંભિક પરીક્ષામાં સી-સેટના ફોર્મેટનો સમાવેશ કર્યો છે, ત્યારથી જનરલ સ્ટડીઝનો વ્યાપ ઘણો વધી ગયો છે. તેથી, પરીક્ષાર્થીઓએ જનરલ સ્ટડીઝના ઘણા નાના પ્રશ્નો નોલેજ બાઈટના રૂપમાં યાદ રાખવા જોઈએ. આ તેમને ખૂબ કામ આવે છે, માત્ર આઇએએસની પરીક્ષામાં જ નહીં, પરંતુ લગભગ તમામ પ્રકારની પરીક્ષાઓમાં હવે જનરલ સ્ટડીઝની વિશાળ શ્રેણીમાંથી પ્રશ્નો પૂછવાનો ટ્રેન્ડ શરૂ થયો છે, ત્યારે સતત એક વિષય પર ગંભીરતાથી અભ્યાસ કરવાની જરૂર ચોક્કસપણે હોય છે. વ્યકિતએ ખૂબ જ ઝડપી ફોર્મેટમાં એક સાથે વિવિધ વિષયો પરના રસપ્રદ પ્રશ્નો દ્વારા જ્ઞાનની બાઈટ લેતા રહેવી જોઈએ, જે ગમે ત્યાંથી અચાનક પૂછાયેલા આવા પ્રશ્નોના જવાબ આપવા માટે ઉપયોગી છે. અહીં આવા ખૂબ જ વિચિત્ર પ્રશ્નોના તેમના સંપૂર્ણ જવાબ આપવામાં આવ્યા છે, જે એકવાર વાંચ્યા પછી સરળતાથી યાદ આવી જશે. તો ચાલો શરૂ કરીએ.

આ પ્રશ્નનો સાચો જવાબ જાણતા પહેલા, આપણે જાણીએ કે પીએચ શું છે અને તેના સાચા લેવલનો અર્થ શું છે ? પીએચનું ફૂલ ફોર્મ છે પાવર ઑફ હાઇડ્રોજન અર્થાત્ હાઇડ્રોજનની શક્તિ. વાસ્તવમાં પ્રવાહીમાં હાઇડ્રોજન પરમાણુઓની સંખ્યા નક્કી કરે છે કે તે એસિડિક છે કે આલ્કલાઇન. જો કોઈ પ્રવાહી અથવા પ્રોડક્ટનો પીએચ ૧ અથવા ૨ હોય, તો તેનો અર્થ એ કે તે એસિડિક છે અને જો પીએચ ૧૩ અથવા ૧૪ છે, તો તેનો અર્થ એ કે તે આલ્કલાઇન છે. પીએચ સ્કેલ ૦ થી ૧૪ સુધી જાય છે. આમાં, ૦ એ સૌથી વધુ એસિડિક બિંદુ છે અને ૧૪ એ સૌથી વધુ આલ્કલાઇન બિંદુ છે, જ્યારે ૭ એ તટસ્થ બિંદુ છે. શરીરનું આદર્શ પીએચ સ્તર ૭.૩૫ થી ૭.૪૫ની વચ્ચે હોય છે. આ બિંદુઓની આસપાસ કોઈપણ નાના ફેરફારો આપણા શરીર પર ગંભીર અસરો કરી શકે છે. ઉદાહરણ તરીકે, જો શરીરનું પીએચ સ્તર ઘટીને ૬.૯ થઈ જાય, તો આપણે કોમામાં જઈ શકીએ છીએ.




પીએચ સંતુલન આપણા સંપૂર્ણ આરોગ્ય માટે મહત્ત્વપૂર્ણ છે, કારણ કે આ સંતુલન આપણા શરીરને સારી રીતે કાર્ય કરવામાં મદદ કરે છે. આ સંતુલનને કારણે, ઓક્સિજન શરીરના પેશીઓને પહોંચાડવામાં આવે છે, જેના કારણે શરીરમાં બાયોકેમિકલ પ્રક્રિયાઓ યોગ્ય રીતે થાય છે. જો શરીરમાં પીએચ સંતુલનમાં ગડબડ થઈ જાય, તો ગ્લાયકોલિટીક એન્ઝાઇમ, ફોસ્ફોફ્રુક્ટોકિનેઝ-૧ (પીએફકે-૧) ની પ્રવૃત્તિ મંદ પડી જશે, કારણ કે તે પીએચ પર આધારિત છે, જેના પરિણામે ચક્કર આવવા, ખૂબ થાક લાગવો, ભૂખ ન લાગવી, માથામાં દુખાવો થવો, ઝડપી શ્વાસ, ઊલટી, સુસ્તી, મૂર્છા, કોમા અને આખરે આપણું મૃત્યુ પણ થઈ શકે છે. હકીકતમાં, જ્યારે શરીર ખૂબ એસિડિક (એસિડોસિસ) અથવા ખૂબ આલ્કલાઇન (આલ્કલોસિસ) બની જાય છે, ત્યારે એવાં લક્ષણો ઉદ્ભવી શકે છે, જે રોજિંદા પ્રવૃત્તિઓ પૂર્ણ કરવી અશક્ય બનાવે છે. જો કે, આવું બહુ સરળતાથી થતું નથી, કારણ કે શરીર પોતે પીએચ સંતુલન જાળવવામાં નિષ્ણાત છે, તેથી સામાન્ય રીતે આવી પરિસ્થિતિ મુશ્કેલીથી આવે છે.

અત્યાર સુધીમાં તમે સમજી ગયા હશો કે પીએચ વાસ્તવમાં એક લઘુગણક સ્કેલ છે જેનો ઉપયોગ

(જુઓ પાનું ૯)

feedback@bombaysamachar.com

આરોગ્ય

માજિદ અલીમ

## સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક છે માટીના માટલાનું પાણી પીવું

આયુર્વેદ અનુસાર માટીના વાસણમાં રાખેલ પાણી પીવા માટે શ્રેષ્ઠ છે. તેના ઘણા સ્વાસ્થ્ય સંબંધિત ફાયદાઓ છે. ઉદાહરણ તરીકે, તે પેટમાં ગૅસ, કબજિયાત અને એસિડિટી જેવી સમસ્યાઓને નિયંત્રિત કરે છે. ઉપરાંત, માટીના ઘડામાં કેટલાક કલાકો સુધી રાખવામાં આવેલા પાણીમાં વિટામિન બી અને સી પુષ્કળ પ્રમાણમાં હોય છે. જે શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે જરૂરી છે. માટલાનું પાણી નિયમિત પીવાથી શરીરમાં આયર્નની ઊણપ પણ પૂરી થાય છે. જ્યારે આપણે માટલાનું પાણી પીએ છીએ ત્યારે આપણને લૂ લાગવાની શક્યતા ઓછી હોય છે, કારણ કે ઘડાના પાણીમાં ઘણા પ્રકારના મિનરલ્સ અને પૂરતાં પોષક તત્ત્વો હોય છે, જેના કારણે તે સનસ્ટ્રોકને અટકાવે છે અને શરીરમાં ગ્લુકોઝની પૂરતી માત્રા જાળવી રાખે છે.

માટલાનું પાણી શરીરને લાંબા સમય સુધી હાઇડ્રેટ રાખે છે, જેથી આપણી પાચન પ્રક્રિયા સ્વસ્થ રહે છે. કારણ કે દરરોજ માટલાનું પાણી પીવાથી આપણું મેટાબોલિઝમ સુધરે છે. તેનું કારણ એ છે કે માટીના વાસણમાં રાખવામાં આવેલ પાણી આપણા શરીરના પીએચ લેવલને સંતુલિત રાખે છે. માટલાના પાણીની બીજી વિશેષતા એ છે કે તે શરીરને સારી રીતે ડિટોક્સ કરે છે. તેમાં રહેલાં પોષક તત્ત્વોને કારણે આપણા શરીરમાંથી ઝેરી તત્ત્વો સરળતાથી બહાર નીકળી જાય છે. ડર્મેટોલોજિસ્ટ લોકોને ઉનાળામાં માટલાનું પાણી પીવાની સલાહ આપે છે, કારણ કે તેનાથી શરીરની ત્વચા સ્વસ્થ અને ચમકદાર રહે છે. તેનું કારણ એ જ છે કે તેમાં વિટામિન અને મિનરલ્સ સારી માત્રામાં હોય છે. જોકે માટીમાં એન્ટી ઈન્ફ્લેમેટ્રી તત્ત્વો મળી આવે છે. તેનાથી શરીરમાં થતા દુખાવા અને સૂજન અટકાવવામાં મદદ મળે છે. કેટલાંક સંશોધનોથી જાણવા મળ્યું છે કે માટીનું પાણી પીવાથી શરીરમાં ટેસ્ટોસ્ટેરોન હોર્મોનનું સ્તર વધે છે. જોકે માટલાનું પાણી બહુ ઠંડું કે બહુ ગરમ ન હોવાથી તે પાચન માટે ઉત્તમ છે. માટીનું વાસણ આલ્કલાઇન હોવાથી, તે પાણીના એસિડિક તત્ત્વોને સામાન્ય બનાવવાનું કામ કરે છે. આ પીવાથી શરીરનું પીએચ લેવલ ૭.૩૫ થી ૭.૪૫ની વચ્ચે રહે છે. જો આ પીએચ સ્તરમાં ઘટાડો અથવા વધારો થાય છે, તો શરીરને ગંભીર પરિણામો ભોગવવા પડે છે. જો શરીરનું પીએચ લેવલ ૬.૯ થી નીચે જાય તો પણ વ્યક્તિ કોમામાં પણ જઈ શકે છે.







જ્યારે આપણે નિયમિતપણે માટલાનું પાણી પીવે છે ત્યારે તે આપણા શરીરનું પીએચ લેવલ જાળવી રાખે છે. આ રીતે જોવામાં આવે તો માટલાનું પાણી પીવાના ઘણા ફાયદા છે. તેનાથી વિપરિત, આરોગ્યની દૃષ્ટિએ આરઓનું પાણી આપણા શરીર માટે સારું નથી, કારણ કે તેને ફિલ્ટર કરતી વખતે, શરીરના ઘણા જરૂરી પોષક તત્ત્વો નષ્ટ થઈ જાય છે. જ્યારે માટીના વાસણ કુદરતી ફિલ્ટરનું કામ કરે છે. માટીનું વાસણ એટલા માટે પણ મહત્ત્વનું છે કારણ કે આયુર્વેદમાં શરીર માટે જરૂરી ગણાતાં પાંચ તત્ત્વો તેમાં હાજર છે. ■




# હૈદરાબાદે આઈપીએલના ઇતિહાસનો સૌથી મોટો સ્કોર કર્યો, બેંગલુરુના બોલરોની કરી ધોલાઇ



બેંગલુરુઃ સનરાઈઝર્સ હૈદરાબાદે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે શાનદાર બેટિંગ કરી અને ઇન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં સર્વોચ્ચ સ્કોર કર્યો હતો. હૈદરાબાદે પ્રથમ બેટિંગ કરતા ટ્રેવિસ હેડની સદી અને હેનરિક ક્લાસનની અડધી સદીની મદદથી ૨૦ ઓવરમાં ત્રણ વિકેટે ૨૮૭ રન ફટકાર્યા હતા. હૈદરાબાદે આઈપીએલની આ જ સીઝનમાં મુંબઈ ઈન્ડિયન્સ સામે ૨૭૭ રન કર્યા હતા, જે આઈપીએલનો સર્વોચ્ચ સ્કોર હતો, પરંતુ આ મેચના થોડા જ દિવસો બાદ તેણે પોતાનો જ રેકોર્ડ તોડી નાખ્યો હતો. આરસીબી માટે ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસન સૌથી સફળ બોલર રહ્યો, તેણે ૫૨ રનમાં બે વિકેટ ઝડપી હતી.

ટોસ હાર્યા બાદ સનરાઇઝર્સ હૈદરાબાદે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર સામે ૨૮૭ કર્યા હતા. જે આઈપીએલના ઈતિહાસમાં કોઈપણ ટીમ દ્વારા આ સૌથી મોટો સ્કોર બની ગયો છે. અભિષેક શર્મા અને ટ્રેવિસ હેડે ૮મી ઓવરમાં જ ટીમના સ્કોરને ૧૦૦ની પાર લઈ ગયા હતા. હૈદરાબાદ તરફથી ટ્રેવિસ હેડે સૌથી વધુ રન કર્યા હતા. તેણે માત્ર ૩૯ બોલમાં પોતાની સદી પૂરી કરી અને ૪૧ બોલની ઈનિંગમાં ૧૦૨ રન કર્યા હતા.

## રોહિત શર્માની સદી પર ભારે ધોનીની ત્રણ સિક્સ, ચેન્નઇએ મુંબઇને ૨૦ રનથી હરાવ્યું



મુંબઇઃ ઇન્ડિયન પ્રિમિયર લીગની ૨૯મી મેચમા ચેન્નઇ સુપર કિંગ્સે મુંબઇ ઇન્ડિયન્સને ૨૦ રનથી હાર આપી હતી. મુંબઇના વાનખેડે સ્ટેડિયમમાં રમાયેલી મેચમાં પ્રથમ બેટિંગ કરતા ચેન્નઇએ ૨૦ ઓવરમાં ચાર વિકેટ ગુમાવીને ૨૦૬ રન કર્યા હતા. જેના જવાબમાં મુંબઈએ ૨૦ ઓવરમાં છ વિકેટ ગુમાવીને ૧૮૬ રન કર્યા હતા.

આ મેચમાં મુંબઈની શરૂઆત મજબૂત રહી હતી. ઈશાન કિશન અને રોહિત શર્મા વચ્ચે પ્રથમ વિકેટ માટે ૭૦ રનની ભાગીદારી થઈ હતી. ચેન્નઇના બોલર પથિરાનાએ આ મેચમાં ચાર વિકેટ ઝડપી હતી. ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવેલો સૂર્યા શૂન્ય પર આઉટ થઈ ગયો હતો. આ પછી તિલક વર્મા અને હિટમેન વચ્ચે ત્રીજી વિકેટ માટે ૬૦ રનની ભાગીદારી થઈ હતી. તે પાંચ ચોગ્ગાની મદદથી ૩૧ રન કરવામાં સફળ રહ્યો હતો. આ મેચમાં હાર્દિક પંડ્યા નિષ્ફળ રહ્યો અને માત્ર બે રન કરીને આઉટ થયો હતો. તુષાર દેશપાંડેએ તેને પોતાનો શિકાર બનાવ્યો. ચેન્નઈ સામે ટિમ ડેવિડ ૧૩ રન, રોમારીયો શેફર્ડ એક રન અને મોહમ્મદ નબી ચાર રન કરીને અણનમ રહ્યો હતો.

આ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન રોહિત શર્માએ જોરદાર પ્રદર્શન કર્યું અને આઈપીએલ કરિયરની બીજી સદી ફટકારી હતી. તેણે ૬૦ બોલમાં પોતાની સદી પુરી કરી હતી. આ મેચમાં ૩૬ વર્ષીય બેટ્સમેને ૬૩ બોલમાં ૧૧ ચોગ્ગા અને પાંચ છગ્ગાની મદદથી અણનમ ૧૦૫ રન કર્યા હતા. જોકે, તે પોતાની ટીમને સતત ત્રીજી જીત અપાવી શક્યો ન હતો. ચેન્નઈ તરફથી મતિષા પથિરાનાએ ચાર વિકેટ લીધી હતી જ્યારે તુષાર દેશપાંડે અને મુસ્તફિઝુર રહેમાને એક-એક વિકેટ લીધી હતી.

અગાઉ ચેન્નઇ તરફથી કેપ્ટન ઋતુરાજ ગાયકવાડ અને શિવમ દુબેએ અડધી સદી ફટકારી હતી. ચેન્નઈની શરૂઆત સારી રહી ન હતી. ઓપનિંગ કરવા આવેલો અજિંક્ય રહાણે માત્ર પાંચ રન કરીને પેવેલિયન પરત ફર્યો હતો. આ સાથે જ રચિન રવિન્દ્ર પણ ૨૧ રન કરી શક્યો હતો. આ પછી દુબે અને ગાયકવાડ વચ્ચે ત્રીજી વિકેટ માટે ૯૦ રનની ભાગીદારી થઈ હતી જેને હાર્દિક પંડ્યાએ તોડી હતી.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

PUBLIC NOTICE

This is to inform all, that Advertisement published on 06/04/2024 on page 12 for sale/ lease of commercial premise at Shripal Nagar is misrepresented by the sender.

Please note the Religious Trust does not own any commercial premises in Shripal Nagar. The premises is subject matter in the Bombay High Court having Suit (L) No. 1799 of 2021.

For Raja Shreepal Co-op Housing Society Limited

Hon. Secretary/ Chairman

## રોહિત શર્મા બન્યો સિક્સર કિંગ, ટી-૨૦ ક્રિકેટમાં ૫૦૦ સિક્સ ફટકારનાર પ્રથમ ભારતીય બન્યો



મુંબઇઃ ઇન્ડિયન પ્રિમિયર લીગની ૨૯મી લીગ મેચમાં મુંબઈ ઈન્ડિયન્સના ઓપનર રોહિત શર્માએ ચેન્નઇ સામે અણનમ સદી ફટકારી હતી. રોહિત શર્માએ ઇનિંગ દરમિયાન ત્રણ સિક્સર ફટકારી ઇતિહાસ રચ્યો હતો. તે ટી-૨૦ ક્રિકેટમાં ૫૦૦ સિક્સર ફટકારનાર પ્રથમ ભારતીય બેટ્સમેન બની ગયો. રોહિત શર્માએ ૩૦ બોલમાં બે છગ્ગા અને સાત ચોગ્ગાની મદદથી પોતાની અડધી સદી પુરી કરી હતી અને આ સીઝનની હિટમેનની આ પ્રથમ અડધી સદી પણ હતી. આ પછી સૂર્યકુમાર ત્રીજા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો. રોહિત શર્માએ ટી-૨૦ ક્રિકેટમાં ૫૦૦ સિક્સ પુરી કરી હતી અને આવું કરનાર વિશ્વ ક્રિકેટનો પાંચમો બેટ્સમેન બન્યો હતો. ટી-૨૦ ક્રિકેટમાં ૫૦૦ કે તેથી વધુ સિક્સર ફટકારનારા બેટ્સમેનોમાં ક્રિસ ગેલ, કિરોન પોલાર્ડ, આન્દ્રે રસેલ અને કોલિન મુનરોનો સમાવેશ થાય છે.

## રાજસ્થાન રોયલ્સને હરાવીને પોઇન્ટ ટેબલમાં ટોપ પર પહોંચવા માંગશે કોલકાતા

કોલકાતાઃ રાજસ્થાન રોયલ્સ ટીમ મંગળવારે અહીં ઈન્ડિયન પ્રીમિયર લીગમાં બે વખતની ચેમ્પિયન કોલકાતા નાઈટ રાઈડર્સ સામે ટકરાશે ત્યારે તેના બેટ્સમેનોને ઈડન ગાર્ડન્સમાં સુનીલ નરેનની બોલિંગનો જવાબ શોધવાનો પડકાર હશે. સુનીલે તેણે ૨૦૧૨ અને ૨૦૧૪માં ભૂતપૂર્વ કેપ્ટન ગૌતમ ગંભીરના નેતૃત્વમાં કેકેઆરની બે ટાઇટલ જીતવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. સુનીલે ઈડન ગાર્ડન્સમાં તેની બોલિંગથી વિરોધી બેટ્સમેનોને ખૂબ જ પરેશાન કર્યા છે. જો કોલકાતા રાજસ્થાન સામેની આ મેચ જીતશે તો તે પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી જશે. રવિવારે લખનઊ સુપર જાયન્ટ્સ સામે કોલકાતાની આઠ વિકેટથી જીતમાં અણનમ અડધી સદી ફટકારવા બદલ ફિલ સોલ્ટને પ્લેયર ઓફ ધ મેચ તરીકે પસંદ કરવામાં આવ્યો હતો. જો કે, વર્તમાન સીઝનમાં ૧૫૫થી વધુના સ્ટ્રાઈક રેટથી રન કરનાર સંજુ સેમસન, રિયાન પરાગ અને શિમરોન હેટમાયર જેવા રોયલ્સના બેટ્સમેનોએ સુનીલની બોલિંગનો સામનો કરવો પડશે. જોસ બટલર આ મેચ માટે ફિટ છે કે નહીં તે જોવું રહ્યું. તે પંજાબ કિંગ્સ સામે રોયલ્સની છેલ્લી મેચમાં રમી શક્યો નહોતો.

આઈપીએલના ઈતિહાસના સૌથી મોંઘા ખેલાડી મિશેલ સ્ટાર્કે પણ સુપરજાયન્ટ્સ સામેની છેલ્લી મેચમાં ૨૮ રનમાં ત્રણ વિકેટ લઈને પોતાની લય પાછી મેળવી હતી. આ મેચમાં મુખ્ય મુકાબલો કોલકાતાની બોલિંગ અને રોયલ્સની બેટિંગ વચ્ચે થશે. કોલકાતાની એકમાત્ર નબળી કડી તેનો કેપ્ટન શ્રેયસ ઐય્યર છે જે ખરાબ ફોર્મમાં છે અને મોટી ઇનિંગ્સ રમવામાં નિષ્ફળ રહ્યો છે. લખનઊ સામે ૧૬૨ રનના ટાર્ગેટનો પીછો કરતી વખતે શ્રેયસ ૩૮ બોલમાં ૩૮ રન કરીને અણનમ રહ્યો હતો પરંતુ તેને ઝડપી બોલરો અને સ્પિનરો બંને સામે મુશ્કેલી પડી હતી. રિંકુ સિંહને વધુ તક મળી નથી અને તે ચાર ઇનિંગ્સમાં માત્ર ૬૩ રન જ કરી શક્યો છે. વાઇસ કેપ્ટન નીતિશ રાણા ઈજાના કારણે રમી શકશે નહીં. ટ્રેન્ટ બોલ્ટ, અવેશ ખાન, યુઝવેન્દ્ર ચહલ અને કેશવ મહારાજની હાજરી સાથે રોયલ્સનું બોલિંગ આક્રમણ મજબૂત છે. જો કે હવે જોવાનું એ રહેશે કે સ્ટાર સ્પિનર રવિચંદ્રન અશ્વિન આ મેચ માટે ફિટ છે કે નહીં.

## ચેન્નઇ સામે હાર બાદ ગિલક્રિસ્ટે હાર્દિક પંડ્યા પર ઉઠાવ્યા સવાલ






મુંબઇઃ મુંબઈ ઈન્ડિયન્સને ચેન્નઈ સુપર કિંગ્સ સામે હારનો સામનો કરવો પડ્યો હતો. ચેન્નઈ સુપર કિંગ્સે મુંબઈ ઈન્ડિયન્સને ૨૦ રને હરાવ્યું હતું. આ પછી મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા પર ઘણા સવાલો ઊભા થયા હતા. હાર્દિક પંડ્યાની બોલિંગ સિવાય તેની બેટિંગ પર સતત સવાલો ઊઠી રહ્યા છે. જો કે હવે ઑસ્ટ્રેલિયાના પૂર્વ વિકેટકીપર બેટ્સમેન એડમ ગિલક્રિસ્ટે હાર્દિક પંડ્યા પર સવાલ ઉઠાવ્યા છે. વાસ્તવમાં એડમ ગિલક્રિસ્ટનું માનવું છે કે મુંબઈ ઈન્ડિયન્સનો કેપ્ટન હાર્દિક પંડ્યા સંપૂર્ણ રીતે ફિટ નથી. ખાસ કરીને મહેન્દ્ર સિંહ ધોનીએ જે રીતે હાર્દિક પંડ્યાને છેલ્લી ઓવરમાં સતત સિક્સર ફટકારી તે પછી તેની ફિટનેસ પર સવાલો ઊઠી રહ્યા છે.

એડમ ગિલક્રિસ્ટે હાર્દિક પંડ્યાની ફિટનેસ પર ચોક્કસ સવાલ ઉઠાવ્યા હતા પરંતુ તેણે તેની પ્રશંસા પણ કરી હતી. તેણે કહ્યું કે હાર્દિક પંડ્યાની સૌથી સારી વાત એ છે કે તે ચેલેન્જ માટે તૈયાર રહે છે પરંતુ મને નથી લાગતું કે તે સંપૂર્ણ રીતે ફિટ છે.

પશ્ચિમ રેલવે-અમદાવાદ ડિવિઝન

વિવિધ સ્ટીલ ગર્ડર બ્રિજનું પુનર્વસન

ઈ-ટેન્ડર નોટિસ નં. 12 વર્ષ 2023-24 તા. 04.04.2024; ઈ-ટેન્ડર નં. DYCE-BR-ADI-15R-2023-24; કામનુ નામ: અમદાવાદ ડિવિઝનના સિનિયર સેક્શન એન્જિનિયર (બ્રિજ) અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળના VG-SIOB સેક્શનમાં સ્ટ્રક્ચરલ મેમ્બર્સને બદલીને વિવિધ સ્ટીલ ગર્ડર બ્રિજનું પુનર્વસન કરવું જે અત્યંત છિદ્રિત છે અને તેની જાડાઈમાં નોંધપાત્ર વધારો થયો છે. અંદાજિત ખર્ચ: ₹ 1,00,66,825.17/-; બિડ સિક્યોરિટીની રકમ / ઈએમડી: ₹ 2,00,300.00/-; ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ: તા. 07.05.2024 ના 15.00 કલાકે; ઓફિસનું સરનામું: ડેપ્યુટી ચીફ એન્જિનિયર (બ્રિજ) અમદાવાદ, ડિવિઝનલ રેલવે મેનેજર ઓફિસ સંકુલ, ગુજરાત કેન્સર સોસાયટી સામે, અસારવા, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ, ગુજરાત - 380016; ટેન્ડરમાં ભાગ લેવા માટે વેબસાઈટ : www.ireps.gov.in 320

અમને લાઈક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

સિગ્નલીંગની જોગવાઈ

વિષય : ઈ-ટેન્ડર નંબર SnT_W_BRC_EPC_24_01 માટે એનઆઈટી નું પ્રકાશન તા. 12/04/2024. પ્રકાશન માટે એનઆઈટીની નીચેની વિગતો. ટેન્ડર નં.: SnT_W_BRC_EPC_24_01 તા. 12/04/2024. ડિપાર્ટમેન્ટ : સિગ્નલ અને ટેલિકોમ કામ, એક્ઝીક્યુટીવ : ડે. ચીફ સિગ્નલ અને ટેલિકોમ કામ, પશ્ચિમ રેલવે, વડોદરા. કામ અને સ્થળ : પશ્ચિમ રેલવેના વડોદરા ડિવિઝનના વિભાગમાં 5 સ્ટેશનો (પિલોલ, સામલ્યા, ચાંપાનેર રોડ, ડેરોલ અને ખરસલિયા) વડોદરા-ગોધરા (71 રૂટ કિ.મી., 8 સ્ટેશનોમાં ) ઈઆઈ અને અન્ય સિગ્નલીંગ સિસ્ટમની જોગવાઈ સાથે ઈઆઈ અને એમએસડીએસી આધારિત ઓટોમેટિક સિગ્નલીંગની જોગવાઈ. કામની અંદાજિત પડતરઃ ₹ 125.79 કરોડ, ટેન્ડર ફોર્મની કિંમત : શૂન્ય, ખાસ ઓફિસ જ્યાં ઈ-ટેન્ડર ખુલશે : ડે. સીએસટીઈ/કામ (એસએન્ડટી) 2જો માળ, એનેક્સ બિલ્ડીંગ, મંડળ રેલ પ્રબંધકની કચેરી, પ્રતાપનગર, વડોદરા-390004. અર્નેસ્ટ મની ડિપોઝીટઃ ₹ 62,89,900/- પૂર્ણતાનો સમયગાળો : 570 દિવસ, ઓફર્સની માન્યતા : ખુલવાની તારીખથી 180 દિવસ, ઈ-ટેન્ડરનો પ્રકાર : ઓપન ઈ-ટેન્ડર, સિંગલ સ્ટેજ ટુ પેકેટ સિસ્ટમ, પ્રી-બિડ કોન્ફરન્સની તારીખ અને સમય : 25/04/2024 (15 કલાકે IST), ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય : 15/05/2024 (15 કલાકે IST), ટેન્ડર વેબસાઈટ http://www.ireps.gov.in પર જોઈ શકાય છે. 001

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## ચેન્નઇ સામેની હાર બાદ બ્રાયન લારાની મુંબઇને સલાહઃ બોલિંગમાં સુધારો કરવાની જરૂર



મુંબઈ: વેસ્ટ ઈન્ડિઝના ભૂતપૂર્વ મહાન બ્રાયન લારાએ ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ચેન્નઈ સુપર કિંગ્સ સામે મુંબઈ ઈન્ડિયન્સની ૨૦ રને હાર બાદ કહ્યું હતું કે મુંબઈના બોલિંગ આક્રમણમાં જસપ્રીત બુમરાહ સિવાય વધુ દમ નથી અને ટીમે બોલિંગમાં સુધારો કરવાની જરૂર છે. બુમરાહે ચેન્નઇ સામે ચાર ઓવરમાં ૨૭ રન આપ્યા હતા પરંતુ તેને કોઇ સફળતા મળી નહોતી. મહેન્દ્ર સિંહ ધોનીએ પણ મુંબઈના કેપ્ટન હાર્દિક પંડ્યાની ઈનિંગની છેલ્લી ઓવરમાં સતત ત્રણ સિક્સર ફટકારી હતી અને રવિવારે રાત્રે પોતાની ટીમની જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. લારાએ 'સ્ટાર સ્પોર્ટ્સ ક્રિકેટ લાઈવ શો' પર કહ્યું હતુ કે ''મને લાગે છે કે જ્યારે આપણે મુંબઈ ઈન્ડિયન્સને જોઈએ છીએ, ત્યારે ઘણા લોકો તેમને ફેવરિટ તરીકે જુએ છે, કારણ કે તેઓ ખૂબ સારી બેટિંગ કરી રહ્યા હતા.'' તેઓએ ૨૩૦ રન કર્યા, તેણે ૧૯૬ રનના લક્ષ્યનો પીછો કર્યો. પરંતુ તેમની બોલિંગ ખરાબ છે. જસપ્રીત બુમરાહ સિવાય, તે બોલિંગ આક્રમણમાં તેને ટેકો આપવા માટે કોઈ નથી.લારાએ કહ્યું હતું કે સ્પિનરોએ પ્રતિ ઓવર લગભગ સાત રનના દરે રન આપ્યા પછી માત્ર ચાર ઓવર ફેંકી કારણ કે શિવમ દુબે સામે તેમને પોતાના પર વિશ્વાસ નહોતો. તેથી મુંબઈ ઈન્ડિયન્સે તે ક્ષેત્રમાં સુધારો કરવો પડશે, તેણે કેટલાક મેચ વિનિંગ બોલર્સ શોધવા પડશે.

## મેચને નિયંત્રિત કરી શકે છે શિવમ દુબે, ટીમો તેના વિરુદ્ધ સ્પિનર્સ ઉતારતા ડરે છેઃ સિમન્સ



મુંબઈ: ચેન્નઈ સુપર કિંગ્સના બોલિંગ કોચ એરિક સિમન્સે કહ્યું હતું કે ઓલરાઉન્ડર શિવમ દુબેમાં મેચો પર નિયંત્રણ રાખવાની ક્ષમતા છે અને ટીમો તેની સામે સ્પિન બોલરોનો ઉપયોગ કરવાથી ડરે છે. ડાબોડી બેટ્સમેન દુબેએ રવિવારે અહીં મુંબઈ ઈન્ડિયન્સ સામે ૩૮ બોલમાં અણનમ ૬૬ રન ફટકાર્યા હતા અને પોતાની ટીમની ૨૦ રને જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. મુંબઈએ સાત બોલરોનો ઉપયોગ કર્યો હતો પરંતુ આઠમી ઓવર પછી તેમના સ્પિનરોને બોલિંગ કરવાની તક આપી ન હતી. દુબેએ સ્પિનર તરફથી માત્ર એક બોલનો સામનો કર્યો અને તે બોલ શ્રેયસ ગોપાલનો હતો. સિમન્સે મેચ બાદ પત્રકારોને કહ્યું હતું કે જ્યારે તે (દુબે) આવે છે, ત્યારે તેઓ (વિરોધી ટીમો) સ્પિનરોને હટાવે છે (અને) તેઓ ઝડપી બોલરો પાસે બોલિંગ કરાવે છે. તે આમાં વધુ અસરકારક બન્યો છે. પરંતુ તેમણે (મુંબઇ ઇન્ડિયન્સ)સે સ્પિનર્સ પાસે બોલિંગ કરાવી નહોતી કારણ કે દુબે રમી રહ્યો હતો. વધુમાં સિમન્સે કહ્યું કે ઝડપી બોલિંગ સામે અસરકારક રહેવાની તેની ક્ષમતા તેના માટે ખૂબ જ ફાયદાકારક સ્થિતિ બની ગઈ છે.

પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન

સિગ્નલ એન્ડ ટેલિકોમ્યુનિકેશન ડિપાર્ટમેન્ટ ઈ-ટેન્ડર નોટિસ

ટેન્ડર નોટિસ નં. S&T/BRC/21-22/27/SIG-R તા. 12.04.2024, ભારતના રાષ્ટ્રપતિ વતી અને તેમના માટે સિનિયર ડીએસટીઇ વડોદરા કાર્યકારી ટેન્ડર નં.: SandT_BRC 21-22_27_SIG-R. સામે ઈ-ટેન્ડર્સ આવકારે છે. બિડર્સ તેમની ઓરિજીનલ સુધારેલ બિડ બંધ થવાની તારીખ અને સમય સુધીમાં જ મોકલી શકાશે. આ ટેન્ડર્સ સામે મેન્યુઅલ ઓફર માન્ય ગણાશે નહીં. અને આવી પ્રાપ્ત થયેલ કોઇપણ ઓફર ધ્યાનમાં લેવાશે નહી. (1) કામનું નામ તેના સ્થળ સાથેઃ વડોદરા ડિવિઝનઃ ડીઝલ જનરેટર સેટ્સ માટે વાર્ષિક મેન્ટેનન્સ કોન્ટ્રેક્ટ, 3 (ત્રણ) વર્ષ માટે. (2) કામનો અંદાજિત ખર્ચ: ₹ 43,61,873.38/- (3) ઇએમડી: ₹ 87,200.00/- (4) ઈ-ટેન્ડર જમા કરાવવાની અને ઈ-ટેન્ડર ખોલવાની તારીખ અને સમયઃ તા. 13.05.2024 ના 15.00 ક્લાક અને તા. 13.05.2024 ના 15.30 ક્લાકે. (5) વેબસાઈટની વિગત અને નોટિસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઇ શકાશે: http://www.ireps.gov.in સિનિયર ડિવિઝનલ સિગ્નલ એન્ડ ટેલિકોમ્યુનિકેશન એન્જિનિયર, બીજો માળ, એનેક્ષ બિલ્ડીંગ, ડીઆરએમની ઓફિસ, પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા- 390 004. 380

અમને લાઈક કરો: facebook.com/WesternRly

## વેપાર વાણિજ્ય

## શેરબજારમાં સતત બીજા દિવસે જોરદાર કડાકો, રોકાણકારોને બે દિવસમાં રૂપિયા સાત લાખ કરોડનું નુકસાન

મુંબઇઃ ભારતીય શેરબજારના બેન્ચમાર્ક, સેન્સેક્સ અને નિફ્ટીએ સતત બીજા દિવસે એક ટકાથી મોટો કડાકો નોંધાવ્યો છે અને એ સાથે રોકાણકારોને બે દિવસમાં રૂ. સાત લાખ કરોડનું નુકસાન થયું છે. ઇઝરાયલ પર ઈરાને ૩૦૦થી વધુ મિસાઈલો અને ડ્રોન ઝીંક્યા બાદ પશ્ચિમ એશિયામાં વધતા તણાવ વચ્ચે રોકાણકારોએ ઇક્વિટી બજારમાં સાર્વત્રિક વેચવાલીનો મારો ચલાવ્યો હતો.

ઈરાન અને ઈઝરાયેલ વચ્ચેની તંગદીલી વધવાની અને યુદ્ધ વિકરાળ બનવાની સંભાવનાએ રોકાણકારોને ડરાવ્યા હતા કારણ કે, તેને પરિણામે ક્રૂડ ઓઈલ અને કેટલીક ઔદ્યોગિક ધાતુઓ સહિત કોમોડિટીના વૈશ્વિક પુરવઠો વિક્ષેપિત થવાની સંભાવના છે અને જો એવું થશે તો પહેલેથી જ વકરી રહેલા ફુગાવામાં ઓર વધારો થવાની શંક્યતા છે. આનો અર્થ એ પણ થશે કે ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની સંભાવનાઓ, જે જૂન પછી વિલંબમાં હોવાનું સ્પષ્ટ છે, તેમાં વધુ વિલંબ થઈ શકે છે. ભારતીય શેરબજારનો બેન્ચમાર્ક સેન્સેક્સ તેના અગાઉના ૭૪,૨૪૪.૯૦ પોઇન્ટના બંધ સામે ૯૩૦ પોઈન્ટના ઘટાડા સાથે ૭૩,૩૧૫.૧૬ની નીચી સપાટીએ ખુલ્યો હતો અને સત્રને અંતે ૮૪૫ પોઈન્ટ અથવા ૧.૧૪ ટકા ઘટીને ૭૩,૩૯૯.૭૮ પોઇન્ટની સપાટી પર બંધ થયો હતો. એ જ રીતે, નિફ્ટી ૫૦ તેના અગાઉના ૨૨,૫૧૯.૪૦ પોઇન્ટના બંધ સામે ૧૮૦ પોઈન્ટ ઘટીને ૨૨,૩૩૯.૦૫ પોઇન્ટ પર ખુલ્યો હતો અને ૨૬૦ પોઈન્ટ જેટલો ઘટાડો નોંધાવીને ૨૨,૨૫૯.૫૫ પોઇન્ટની દિવસની નીચી સપાટીને અથડાયો હતો. ઈન્ડેક્સ અંતે ૨૪૭ પોઈન્ટ અથવા ૧.૧૦ ટકા ઘટીને ૨૨,૨૭૨.૫૦ પર બંધ રહ્યો હતો.

નિફ્ટીમાં સૌથી વધુ ધોવાણ નોંધાવનારા શેરોમાં શ્રીરામ ફાઇનાન્સ, વિપ્રો, બજાજ ફાઇનાન્સ, આઇસીઆઇસીઆઇ બેન્ક અને બજાજ ફિનસર્વનો સમાવેશ થાય છે, જ્યારે ઓએનજીસી, હિન્દાલ્કો ઇન્ડસ્ટ્રીઝ, મારુતિ સુઝુકી, નેસ્લે ઇન્ડિયા અને ભારતી એરટેલનો ટોપ ગેઇનર્સ શેરોમાં સમાવેશ હતો. ઓઇલ એન્ડ ગેસ તથા મેટલ સિવાયના ક્ષેત્રોમાં, તમામ ક્ષેત્રીય શેરઆંક રેડ જોનમાં બંધ થયા હતા. એનએસઇના મિડકેપ અને સ્મોલકેપ સૂચકાંકો ૧.૫ ટકા ડાઉન હતા. નાના શેરોમાં લાર્જ કેપ શેરની સરખામણીએ વધુ દોવાણ અને પીછેહઠ જોવા મળ્યાં હતાં.

વ્યક્તિગત શેરોમાં સેઇલ, એક્સાઇડ ઇન્ડસ્ટ્રીઝ અને મહાનગર ગેસના વોલ્યુમમાં ૩૦૦ ટકાથી વધું વધારો જોવા મળ્યો હતો. ઓએનજીસી, ઇન્ડસ ટાવર્સ અને ગુજરાત ગેસમાં લોંગ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો, જ્યારે કોફોર્જ, અતુલ અને બંધન બેન્કમાં શોર્ટ બિલ્ડ-અપ જોવા મળ્યો હતો. એક્સાઈડ ઈન્ડસ્ટ્રીઝ, સેઈલ, હનીવેલ ઓટોમેશન, હિન્દાલ્કો ઈન્ડસ્ટ્રીઝ, એજીસ લોજિસ્ટિક્સ, આનંદ રાઠી, આશિયાના હાઉસિંગ, એસ્ટર ડીએમ હેલ્થ, ભારત ઈલેક્ટ્રોનિક્સ, એચઈજી, પુરાવંકારા, થર્મેક્સ, વેદાંતા, વેદાન્તા સહિત ૧૫૦થી વધુ શેરો તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા.

પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન

વિવિધ એન્જિનીયરિંગ કાર્યો

નં. W/118/NIT/E-Tender/2024-25/WA/01 તારીખ: 10/04/2024; ઈ-ટેન્ડર નં. 01/2024-25 થી 08/2024-25; ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે :

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 01/2024-25 | ADEN ભાવનગર સબ ડિવિઝન:- એલસીનું રિસર્ફેસિંગ (50 નંગ) | 86,20,479.88 | 1,72,400.00 |
| 02 | 02/2024-25-R | ભાવનગર ડિવિઝન: સુગમ્ય ભારત અભિયાન (ફેસ - 2) અંતર્ગત 02 લિફ્ટની જોગવાઈ ભાવનગર પરા, સિહોર જં. અને કેશોદ સ્ટેશન પર દરેક પર એક. અંબ્રેલા વર્ક PB – 748a/WR/2022-23 | 1,07,53,541.30 | 2,03,800.00 |
| 03 | 03/2024-25-R1 | ભાવનગર ડિવિઝન:- વિવિધ સ્થાનો/રૂટ પર ટ્રેક રેકોર્ડિંગ સાથે સંબંધિત ભારતીય રેલવે ટ્રેક પર RFID ટેગ્સનો સપ્લાય, કમિશનિંગ અને ઇન્સ્ટોલેશન. | 13,93,750.00 | 27,900.00 |
| 04 | 04-2024-25-R | સિનિયર DEN (Co) ભાવનગર અધિકારક્ષેત્ર: વરસાદી પાણી/કાદવ/કિચડને બહાર કાઢવા માટે ડીઝલ પંપ ભાડે લેવા, LHS ની આસપાસના વિસ્તાર ખાતે (ધોલા જં. – ભાવનગર સેકશન પર LC/ LHS નં. 192, 197, 205X, 210 પર અને શિહોર પાલિતાણા સેક્શન પર LC/LHS નં. 4, 13, 25 ) | 4,21,921.02 | 8,400.00 |
| 05 | 05-2024-25 | ADEN – ભાવનગર સબ-ડિવિઝન –ISD દ્વારા લૂપ લાઈનોને મજબૂત બનાવવી (ડીપ સ્ક્રીનિંગ સાથે) અને LWR-2.05 TKM નું કન્વર્ઝેશન. મંજૂર થયેલ ભાવનગર ડિવિઝનના કામો – ISD દ્વારા લૂપ લાઈનોને મજબૂત બનાવવી (ડીપ સ્ક્રીનિંગ સાથે) LWR-37.887 TKM નું કન્વર્ઝેશન ની સામે | 45,71,689.14 | 91,400.00 |
| 06 | 06-2024-25 | ગ્રુપ કાર્ય (1) ધોલા – ભાવનગર સેક્શન:- કિમી 135/2-3 પર મેન્ડ એલસી નંબર – 195 "C" નોન-ઇન્ટરલોક્ડના બદલે RUB (સિંગલ આરસીસી બોક્સ સાઇઝ 4.50m X 4.50m)નું બાંધકામ. (2) સિહોર – પાલિતાણા સેક્શન : કિમી 4/2-3 પર મેન્ડ એલસી નંબર 5 "C" નોન ઇન્ટરલોક્ડના બદલે RUB નું બાંધકામ. (3) ધોલા-ભાવનગર ટર્મિનસ: Km 167/0-1 પર LC 218 પર 6.0 M X 4.0 M સાઇઝના સિંગલ બોક્સ સાથે RUB નું બાંધકામ. | 13,47,97,024.96 | 8,24,000.00 |
| 07 | 07-2024-25 | ADEN-ભાવનગર પરા-અધિકાર ક્ષેત્ર: P-WAY પ્રવૃત્તિઓ. ના મેન્ટેનન્સનું આઉટસોર્સિંગ. 2 વર્ષ માટે | 7,35,50,982.29 | 5,17,800.00 |
| 08 | 08-2024-25 | DEN - (W) અધિકારક્ષેત્ર:- LHS ની આસપાસના વિસ્તારમાં વરસાદી પાણી/ કાદવ / કિચડને બહાર કાઢવા માટે ડીઝલ પંપ ભાડે લેવા. | 85,41,094.80 | 1,70,800.00 |

ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ: 18/04/2024; બિડિંગ બંધ થવાની તારીખ: 02/05/2024; એનઆઈટી ને રેલવેની વેબ સાઈટ www.ireps.gov.in પર 10/04/2024 ના રોજ અપલોડ કરવામાં આવેલ છે. 001

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

પબ્લિક નોટિસ

મુંબઈ મ્યુનિસિપલ કોરપોરેશનની હદમાં 'એફ' વોર્ડ ખાતે આવેલ એસ. નં. ૮૦૩ અન્વયે તેની મિલકતને આધીન.....

બિલ્ડિંગ નામે છગન મેનશન, સેંટ પોલ રોડ, નાયગાંવ એસ્ટેટના ખાસ કરીને તમામ વર્તમાન ભાડૂતોને, તમામ શખ્સોને આથી ખબર આપવામાં આવે છે કે....

૧) મિલકતનું વર્ણનઃ બિલ્ડિંગ નામે છગન મેનશન પ્લોટ નં. ૧૪૨ ખાતે આવેલ છે, કેડેસ્ટ્રલ એસ. નં. ૮૦૩ સેંટ પોલ રોડ, નાયગાંવ એસ્ટેટ, મુંબઈમાંથી, તેનો એરિયા ભરતમાં ૪૪૯.૮૫ ચો.મી. છે. વોર્ડ 'એફ', નાયગાંવ એસ્ટેટ, મુંબઈની મ્યુનિસિપલ કોરપોરેશન લિમિટ ખાતે આવેલ, પડેલ અને રહેલ છે. તેની ચાર બાઉન્ડરીઝ અનુક્રમે BMC મેપ અને TP સ્કીમ મુજબ છે. (અહીં પાછળથી ટૂંકાણ માટે સદર મિલકત તરીકે ઉલ્લેખલ છે.)

૨) જેમ કે, નામો અનુક્રમે સ્વ. શ્રી છગનલાલ નારાયણદાસ & સ્વ. શ્રી બાબુભાઈ છગનલાલ, સદર મિલકતના હક્કોના રેકોર્ડના લેઝીસ તરીકે એન્ટર થયેલ છે. બંને નામો ૯૯૯ વર્ષ માટે લીઝ કરારના હેતુ માટે ૨૯/૯/૧૯૪૩ ના એન્ટર થયેલ છે અને જેમ કે અમારા અસીલે સદર મરહૂમ લેસીના વારસદારો, પંકજભાઈ બાબુભાઈ ટોપીવાલા & ભાવિન અરુણભાઈ ટોપીવાલા & અધર્સ સાથે લીઝ હોલ્ડ ડીલ કરેલ અને જેમ કે સદર સ્વ. શ્રી છગનલાલ નારાયણદાસ & સ્વ. શ્રી બાબુભાઈ છગનલાલ કે તેના કાયદેસરના વારસદારોએ અમને ખાતરી આપી છે કે તેઓ કોઈપણ તૃતીય પાર્ટી હિતમાં સદર મિલકતમાં સંકળાયેલ નથી, કોઈપણ અન્ય કરારમાં સંકળાયેલ નથી અથવા અન્ય સોદા સાથે સંકળાયેલ નથી કે જે કોઈપણ તૃતીય પાર્ટીના હિત નિર્માણ કરવાનું કારણ બની શકે છે.

કોઈપણ અન્ય શખ્સ કે કોઈપણ અન્ય એન્ટીટી, સંસ્થા જે સદર મિલકત (તેના ભાડૂતો સિવાય)માં કોઈપણ કાયદેસરના હક્ક કે હિત ધરાવતા હોય, તેઓ નીચેના સરનામે આ નોટિસ છપાયાની તા. થી ૧૪ દિવસમાં આવશ્યક અસલ દસ્તાવેજો સાથે હાજર રહે. જો કોઈપણ આવા હિતધારક વ્યક્તિ કે પેઢી જે તેમના વાંધા નોંધાવવામાંથી નિષ્ફળ જશે, અમારા અસીલ, રજીસ્ટર્ડ દસ્તાવેજો સાથે સ્વ. શ્રી છગનલાલ નારાયણદાસના વારસદારો & અધર ૧ સાથે સોદો પાકો કરશે અને ત્યાર પછી કોઈપણ વાંધા, અડચણની વિચારણા કરાશે નહીં.

મુંબઈ, આજ તા. ૧૬મી એપ્રિલ, ૨૦૨૪

અમારા અસીલ – પ્રશાન્ત જગતસિંહ જાધવ
અને વિનોદકુમાર દિનકર સોનવણેના માટે અને વતીથી દ્વારા –
એડવો. શુભનકર અશોક આવ્હાડ
ચેમ્બર નં. ૫૧૨/૩, એડવોકેટ ચેમ્બર, ડીસ્ટ્રીક્ટ કોર્ટ કેમ્પસ, નાસિક દ્વારા સંમતિઃ
૧) પંકજભાઈ બાબુભાઈ ટોપીવાલા ૨) ભાવિન અરુણભાઈ ટોપીવાલા

## મુંબઈગરા આજે પણ સંભાળજો

# હિટ વેવની ચેતવણી

## સવારે ૧૧થી સાંજે ચાર વાગ્યા સુધી બહાર જવાનું ટાળવું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રની રાજધાની અને દેશના આર્થિક પાટનગર મુંબઈમાં ગરમીનું મોજું ફરી વળવાની આગાહી હવામાન ખાતાએ કરી હતી, તે મુજબ સોમવારે ભારે ગરમી અને ઉકળાટ રહ્યા બાદ મંગળવારે પણ તાપમાનનો પારો ઊંચો જવાની શક્યતા છે.

મુંબઈ, થાણે, રાયગઢ જિલ્લામાં સોમવાર અને મંગળવાર એમ બે દિવસ ભારતીય હવામાન ખાતાએ હીટવેવની ચેતવણી આપી હતી. તે મુજબ સોમવારે ભારે ગરમ અને ઉકળાટભર્યું વાતાવરણ રહ્યું હતું. હવામાન ખાતાના અધિકારીના કહેવા મુજબ ત્રણ જિલ્લામાં મહત્તમ તાપમાન ૩૬થી ૩૮ ડિગ્રીની આસપાસ જઈ શકે છે.

મુંબઈ, થાણે, સહિત કિનારપટ્ટીને ભાગમાં તાપમાનમાં વધારો થવાની શક્યતા હવામાન ખાતાએ વ્યક્ત કરી છે. મુંબઈ શહેર અને ઉપનગરમાં તાપમાનમાં વધારો થયેલો સોમવારે જણાયો હતો. હવામાન ખાતાએ સોમવાર બાદ મંગળવાર માટે પણ હીટ વેવની ચેતવણી જાહેર કરી છે. મુંબઈ, રાયગઢ અને થાણે માટે હીટવેવની ચેતવણી વચ્ચે સરેરાશ તાપમાન ૪.૫ ડિગ્રી સેલ્સિયસથી વધવાની શકયતા હવામાન ખાતાએ વ્યકત કરી છે.

મુંબઈમાં સોમવારે મહત્તમની સાથે જ લઘુતમ તાપમાનમાં પણ વધારો થયો

(જુઓ પાનું ૪) ▶▶



**ગરમીમાં ઠંડક...**

હજી પણ ઘણા લોકો ગરમીમાં ફ્રિજનું ઠંડુ પાણી પીવાના બદલે માટીના માટલાનું ઠંડું પાણી પીવાનું પસંદ કરે છે ત્યારે આ માટલા વેચવાવાળો ગરમી સહન કરીને પણ લોકોને ઠંડક પહોંચાડવાનો પ્રયાસ કરી રહ્યો છે. (અમય ખરાડે)

### ૧૦૩ 'આપલા દવાખાના'માં એસી, કૂલરની સુવિધા

મહારાષ્ટ્ર સહિત દેશના ૧૧ રાજ્યોમાં ગરમીનો પારો ઊંચો જવાની ચેતવણી હવામાન વિભાગે આપી છે. આ માટે મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશને તેની તમામ હોસ્પિટલોમાં બે બેડવાળા કોલ્ડ રૂમ બનાવ્યા છે.

મુંબઈ મહાનગરપાલિકાએ મેડિકલ કોલેજો ઉપરાંત ૧૪ હોસ્પિટલોમાં હીટ સ્ટ્રોકના દર્દીઓ માટે બે બેડ કોલ્ડ રૂમ શરૂ કર્યા છે અને પ્રશિક્ષિત સ્ટાફની પણ નિમણૂક કરવામાં આવી છે. ઉપરાંત, મુંબઈ મહાનગરપાલિકાએ ૨૫૦ હોસ્પિટલોમાંથી ૧૦૩ હિંદુસમ્રાટ બાળાસાહેબ ઠાકરે હોસ્પિટલમાં એસી સુવિધા પૂરી પાડવામાં આવી છે. ''દર્દીઓને ઠંડુ વાતાવરણ પૂરું પાડવા માટે, અમારી હોસ્પિટલમાં એર કન્ડીશનીંગ સિસ્ટમ અને કુલર સજ્જકરવામાં આવ્યા છે. તેમ હોસ્પિટલના મેડિકલ ઓફિસરો અને સ્ટાફને હીટ સ્ટ્રોકના નિયંત્રણ અને નિવારણ માટે તાલીમ આપવામાં આવી છે. ■

### રાજ્યમાં દર્દીઓની સંખ્યા ૭૭ પર પહોંચી

રાજ્યમાં છેલ્લા થોડા દિવસથી તાપમાનનો પારો ઊંચે ચડ્યો છે. આને કારણે રાજ્યમાં હીટસ્ટ્રોકની અસર ૭૭ જણને થઇ છે. એમાં પણ ૮થી ૧૨ એપ્રિલ દરમિયાન તો દર્દીઓની સંખ્યામાં ૩૬નો વધારો થયો છે.

રાજમયમાં આગામી થોડા દિવસમાં પારો ઊંચે ચડે એવી શક્યતા હવામાન વિભાગે વર્તાવી છે. રાજ્યમાં અમુક જિલ્લામાં તાપમાન ૪૦ ડિગ્રીથી પણ વધુ થઇ ગયું છે. આને કારણે ડોક્ટરોએ ધોમ તડકામાં બહાર ન નીકળવાની સલાહ આપી છે. જોકે પહેલી માર્ચથી ૧૨મી એપ્રિલ સુધી રાજ્યમાં હીટસ્ટ્રોકને કારણે ૭૭ જણ બીમાર પડ્યા હોવાની નોંધ થઇ છે. ગત વર્ષે આ જ સમયગાળામાં ૩૭૩ જણને હીટસ્ટ્રોકની અસર થઇ હતી. દરમિયાન રાજ્યમાં ૮થી ૧૨ એપ્રિલ દરમિયાન હીટસ્ટ્રોકની અસર ૩૬ જણને થઇ છે અને તે સૌથી વધારે છે. હીટસ્ટ્રોકના દર્દી પૈકી ૮૯ ટકા દર્દી આ ચાર દિવસમાં જોવા મળ્યા હતા.

રાજ્યમાં પડી રહેલી લૂની અસર સૌથી વધારે બુલઢાણામાં જોવા મળી હતી. બુલઢાણામાં સૌથી વધુ ૧૨ જણને આની અસર થઇ હતી. ત્યાર બાદ સિંધુદુર્ગમાં ૯, વર્ધામાં ૮, નાશિકમાં ૬ અને કોલ્હાપુરમાં પાંચ જણ હીટસ્ટ્રોકની ચપેટમાં આવ્યા હતા. ■

## એકનાથ શિંદેનો પ્રભાવ અકબંધ

### મનસેની એન્ટ્રી અને ભાજપના વધુ બેઠકો માટેના દબાણ છતાં મુંબઈમાં બાળ ઠાકરેના સમય જેટલી બેઠકો મેળવવામાં સફળ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં લોકસભાની ચૂંટણીનું વાતાવરણ જેમ જેમ જામી રહ્યું છે તેમ તેમ શિવસેનાના નેતા એકનાથ શિંદેની ક્ષમતા અને શક્તિનો પરિચય મળી રહ્યો છે. રાજ્યના રાજકારણમાં અત્યાર સુધી એમ માનવામાં આવતું હતું કે દેવેન્દ્ર ફડણવીસની મરજી ચાલી રહી છે અને ભાજપ દરેક બાબતમાં બંને સહયોગી પક્ષો પર હાવી થઈ રહ્યો છે. મુંબઈની બેઠકોની વહેંચણીમાં ભાજપના કેટલીક બેઠકો માટેના દુરાગ્રહ અને મહાયુતિમાં મનસેની એન્ટ્રીને કારણે એવું લાગતું હતું કે મુંબઈમાં બેઠકોની વહેંચણીમાં શિવસેનાને ૨૦૧૯ની સરખામણીમાં નુકસાન થશે.

વાસ્તવમાં શિવસેનાનો ગઢ મુંબઈ રહ્યો છે. બાળ ઠાકરેની શિવસેનાના સમયથી મુંબઈમાં ભાજપ અને શિવસેનાની વચ્ચે બેઠકોની વહેંચણી સમપ્રમાણ એટલે કે બંને પક્ષોને ત્રણ ત્રણ બેઠકોની રહી છે. ભાજપ પણ એવું માને છે કે મુંબઈમાં તેમનો ગઢ છે, પરંતુ બાળ ઠાકરેના સમયથી તેમને ક્યારેય મુંબઈમાં ત્રણથી વધુ બેઠકો લડવા માટે મળી નથી.

શિવસેનામાં ભંગાણ પડ્યું અને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની સેનાને બાળ ઠાકરેની શિવસેનાનું નામ અને

(જુઓ પાનું ૪) ▶▶

### સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર

## બાન્દ્રામાં ગોળીબાર કરનારા શૂટર્સ ૨૧ દિવસથી પનવેલમાં રહેતા હતા

### ગુનામાં વપરાયેલી બાઈકના મૂળ માલિક, પનવેલના મકાનમાલિકની પૂછપરછ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બાન્દ્રામાં અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર કરનારા બન્ને શૂટર્સ ૨૧ દિવસથી નવી મુંબઈના પનવેલ વિસ્તારમાં ધામા નાખીને બેઠા હતા. પનવેલમાં જ રહેતા બાઈકના મૂળ માલિક સહિત મકાનમાલિકની પણ ક્રાઈમ બ્રાન્ચે પૂછપરછ કરી હતી.

ગૅલેક્સી એપાર્ટમેન્ટ બહાર ગોળીબાર કરી ફરાર થઈ ગયેલા એક શૂટરને મુંબઈ પોલીસે કાલુ ઉર્ફે વિશાલ તરીકે ઓળખી કાઢ્યો હતો. જેલમાં બંધ ગૅન્ગસ્ટર લૉરેન્સ બિશ્નોઈની ગૅન્ગ માટે કાલુ શૂટર તરીકે કામ કરતો હોવાનું તપાસમાં જણાયું હતું.

દરમિયાન ગોળીબારમાં ઉપયોગમાં લેવાયેલી બાઈક પોલીસને બાન્દ્રાના માઉન્ટ મૅરી ચર્ચ નજીકથી મળી આવી હતી. બાઈકના રજિસ્ટ્રેશન નંબર પરથી તેનો માલિક નવી મુંબઈના પનવેલ ખાતે રહેતો હોવાનું

(જુઓ પાનું ૪) ▶▶

### યોજના યુએસમાં, અમલ મુંબઈમાં

## દિલ્હી પોલીસ પણ પહોંચી શૂટરના ઘરે

મુંબઈઃ ફિલ્મ અભિનેતા સલમાન ખાનના નિવાસસ્થાન બહાર ગોળીબાર કરવાની યોજના યુએસમાં બનાવવામાં આવી હતી, એવું પોલીસ તપાસમાં સામે આવ્યું હતું. બીજી તરફ સીસીટીવી કેમેરામાં ઝડપાયેલા શૂટરને પોલીસે ઓળખી કાઢ્યો છે, જે ગુરુગ્રામનો રહેવાસી છે અને તેની ઓળખ કાલુ ઉર્ફે વિશાલ રાહુલ તરીકે થઇ છે. દસમા ધોરણ સુધી ભણેલા કાલુ ઉર્ફે વિશાલ સામે ગોળીબાર અને વાહનચોરીના ૫૦થી વધુ ગુના દાખલ છે. દરમિયાન દિલ્હી પોલીસના સ્પેશિયલ સેલ દ્વારા કાલુના ગુરુગ્રામના નિવાસે સર્ચ હાથ ધરાઇ હતી.

(જુઓ પાનું ૪) ▶▶

## મહારાષ્ટ્રમાં રાજકીય હલચલ

### નારાજ કૉંગ્રેસના નેતાઓ દેવેન્દ્ર ફડણવીસને મળ્યા

મુંબઈઃ પુણેના ભૂતપૂર્વ ડેપ્યુટી મેયર અને કોંગ્રેસના નેતા આબા બાગુલ દેવેન્દ્ર ફડણવીસને મળવા નાગપુર પહોંચ્યા છે. કોંગ્રેસના ઉમેદવાર તરીકે રવીન્દ્ર ધંગેકરને ઉમેદવારી પર નારાજગીના સમાચાર સામે આવ્યા છે. એવી ચર્ચા છે કે આબા બાગુલ ભાજપના નેતાઓના સંપર્કમાં છે. હવે નાગપુરમાં ભાજપના નેતાઓને મળ્યા બાદ બાગુલ ચૂંટણી પહેલાં ભાજપમાં જોડાશે કે કેમ તેની ચર્ચા શરૂ થઈ ગઈ છે. જો આમ થશે તો ધંગેકર પર તેની કેટલી અસર પડશે તે જોવાનું રસપ્રદ બની (જુઓ પાનું ૪) ▶▶

### મહાયુતિમાં નવ બેઠક માટે હજી અસમંજસ

મુંબઈઃ ચૂંટણીને ગણતરીના દિવસો બાકી છે અને વિપક્ષ તેમ જ સત્તાધારી પક્ષના ઉમેદવારીઓ પોતપોતાનો પ્રચાર પણ શરૂ કરી દીધો છે ત્યારે હજી સુધી અનેક બેઠકો મુદ્દે સમાધાન સધાયું નથી. મહાયુતિમાં પણ મહારાષ્ટ્રની કુલ નવ બેઠકો માટે ખેંચતાણ ચાલી રહી છે, જેને પગલે આ બેઠકો પર હજી ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી નથી.

અજીત પવારની એનસીપી, એકનાથ શિંદેની શિવસેના અને ભાજપ વચ્ચે મુંબઈ સહિત મહારાષ્ટ્રની નવ બેઠકો (જુઓ પાનું ૪) ▶▶

## અનમોલ બિશ્નોઈના મેસેજથી સલમાન ખાનનું અન્ડરવર્લ્ડ કનેક્શન ફરી ચર્ચામાં

### 'ચોરી ચોરી ચુપકે ચુપકે' ફિલ્મની રિલીઝ વખતે સલમાનનું નામ અન્ડરવર્લ્ડ સાથેની સાંઠગાંઠમાં ચગ્યું હતું

મુંબઈઃ વિવિધ કારણોસર વિવાદથી ઘેરાયેલા રહેતા બોલીવૂડના સુપરસ્ટાર સલમાન ખાનનું અન્ડરવર્લ્ડ કનેક્શન ગૅન્ગસ્ટર અનમોલ બિશ્નોઈના ફેસબુક મેસેજને કારણે ફરી ચર્ચામાં આવ્યું છે. અગાઉ 'ચોરી ચોરી ચુપકે ચુપકે' ફિલ્મની રિલીઝ પૂર્વે બોલીવૂડ-અન્ડરવર્લ્ડ કનેક્શનની તપાસમાં સલમાનનું નામ ચગ્યું હતું. હવે અનમોલ બિશ્નોઈના ધમકીભર્યા મેસેજમાં સલમાનના સંબંધ અન્ડરવર્લ્ડ ડૉન દાઉદ ઈબ્રાહિમ અને તેના સાથી છોટા શકીલ સાથે હોવા તરફ ઇશારો કરવામાં આવ્યો છે.

બાન્દ્રા પશ્ચિમમાં આવેલા સલમાન ખાનના નિવાસસ્થાન ગૅલેક્સી એપાર્ટમેન્ટ બહાર રવિવારની વહેલી સવારે બાઈકસવાર બે શૂટરે ગોળીબાર કર્યો હતો.

(જુઓ પાનું ૪) ▶▶

## મુંબઈમાં ધારાવીમાં બે દિવસ ૧૦૦ ટકા પાણીકાપ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ દક્ષિણ મુંબઈમાં ધારાવીમાં પાણીની પાઈપલાઈનને જોડવાનું કામ હાથ ધરવામાં આવવાનું છે. આ કામને કારણે ગુરુવાર, ૧૮ એપ્રિલ અને શુક્રવાર, ૧૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ પાણીકાપ રહેશે. આ કામને કારણે મુંબઈના અમુક વિસ્તારમાં ૧૦૦ ટકા તો અમુક વિસ્તારમાં ૨૫ ટકા પાણીકાપ રહેશે. તેથી નાગરિકોને પાણીને સંભાળીને વાપરવાની અપીલ પાલિકા પ્રશાસને કરી છે.મુંબઈના જી-ઉત્તર વોર્ડમાં ધારાવી નવરંગ કમ્પાઉન્ડમાં ૨,૪૦૦ મિલીમીટર વ્યાસની વૈતરણા મેઈન પાઈપલાઈન અને ૪૫૦ મિલીમીટર વ્યાસની પાઈપલાઈનને જોડવાનું કામ ગુરુવાર ૧૮ એપ્રિલ, ૨૦૨૪ના સવારના ૧૦ વાગ્યાથી શુક્રવાર, ૧૯ એપ્રિલ, ૨૦૨૪ના વહેલી સવારના ચાર વાગ્યા સુધી કુલ ૧૮ કલાક કરવામાં આવવાનું છે. તેથી આ સમય દરમિયાન ૧૦૦ ટકાથી ૨૫ ટકા સુધી પાણીકાપ રહેવાનો છે. પાલિકાના જણાવ્યા મુજબ બાંદ્રા રેલવે ટર્મિનસ અને બાંદ્રા સ્ટેશન વિસ્તારમાં ગુરુવાર અને બુધવાર બંને

(જુઓ પાનું ૪) ▶▶

## રાણીબાગ ગુરુવારે નાગરિકો માટે બંધ રહેશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ભાયખલામાં આવેલ વીરમાતા જિજાબાઈ ભોસલે વનસ્પતી ઉદ્યાન અને પ્રાણિસંગ્રહાલય બુધવાર, ૧૭ એપ્રિલના રોજ ખુલ્લુ રહેશે. તો ગુરુવારના ૧૮ એપ્રિલના રોજ બંધ રહેશે. શ્રીરામ નવમી નિમિત્તે બુધવાર, ૧૭ એપ્રિલ, ૨૦૨૪ના રોજ સાર્વજનિક રજા છે. તેથી મોટી સંખ્યામાં લોકો રાણીબાગની મુલાકાત લઈ શકે તે માટે આ વખતે બુધવારના રાણીબાગને ખુલ્લુ રાખવામાં આવવાનું છે. તો બીજા દિવસે એટલે કે ગુરુવારે ૧૮ એપ્રિલ, ૨૦૨૪ના તે બંધ રહેશે એવી જાહેરાત પાલિકાએ કરી હતી. ભાયખલા (પૂર્વ)માં આવેલા વીરમાતા જિજાબાઈ ભોસલે ઉદ્યાન વનસ્પતિ ઉદ્યાન અને પ્રાણીસંગ્રહાલય સાપ્તાહિક રજા નિમિત્તે દર બુધવારે બંધ હોય છે. જોકે પાલિકાએ મંજૂર કરેલા એક પ્રસ્તાવ મુજબ બુધવારે સાર્વજનિક રજા હોવાથી તે દિવસે રાણીબાગને નાગરિકો માટે ખુલ્લુ રાખવામાં આવશે તો બીજા દવસે બંધ રાખવામાં આવશે. ■

## ભીંડી બજારનો ક્લસ્ટર ડેવલપમેન્ટનો માર્ગ મોકળોઃ રહેવાસીઓની અરજી કોર્ટે ફગાવી

મુંબઈઃ મુંબઈમાં પહેલા ક્લસ્ટર ડેવલપમેન્ટ પ્રોજેક્ટ એવા ભીંડી બજારના પુનર્વિકાસ પ્રોજેક્ટનો માર્ગ મોકળો થયો છે. આ પ્રોજેક્ટનો વિરોધ કરનારા સેફી જ્યુબિલી સ્ટ્રીટ પર સલામત હાઉસના પાંચ રહેવાસીઓની અરજી હાઈ કોર્ટે ફગાવી દીધી હતી. અમુક ગણ્યાગાંઠ્યા રહેવાસીઓ સંપૂર્ણ પુનર્વિકાસને રોકીને રાખી ન શકે, એવું નિરીક્ષણ કોર્ટે આ સમયે નોંધાવ્યું હતું.

ચાર વર્ષ પહેલાં અમુક રહેવાસીઓએ રીટ અરજી કરી હતી. પોતે જ્યુબિલી સ્ટ્રીટ ભીંડી બજાર પરની જમીનના સહ-માલિક છે, એવો દાવો કરીને તેઓએ સેફી બ્રુહાની એપ્લિમેન્ટ ટ્રસ્ટ મારફત કરવામાં આવનારા પુનર્વિકાસનો વિરોધ કર્યો હતો. તેમ જ મ્હાડાના સી-૧ વિભાગના કાર્યકારી એન્જિનિયરની મહારાષ્ટ્ર હાઉસિંગ એન્ડ એરિયા ડેવલપમેન્ટ એક્ટ, ૧૯૭૬ની કલમ ૯૫(એ) અન્વયે બહાર પાડવામાં આવેલી નોટિસ અને આદેશને પડકારવામાં આવ્યો હતો. આ અરજી તરફથી વકીલ પ્રકાશ લાડ, પાલિકા તરફથી વકીલ સાગર પાટીલ અને ટ્રસ્ટ તરફથી વકીલ ગૌરવ જોશીએ વાંધો ઉઠાવ્યો હતો. આ પ્રકરણે ન્યાયાધીશ નિઝામુદ્દીન જમાદારે ઓક્ટોબરમાં આદેશ અનામત રાખ્યો હતો. કોર્ટે તમામ અરજી ફગાવ્યા બાદ પ્રોજેક્ટ આડે આવતી તમામ આડખીલી દૂર થઇ ગઇ છે.

અરજીકર્તાને આ પહેલાં કાર્યવાહીથી આપવામાં આવેલા વચગાળાના સંરક્ષણને કાયમ રાખવા માટે હાઈ કોર્ટે સ્પષ્ટ રીતે ઠુકરાવી દીધું હતું. તેમ જ સુપ્રીમ કોર્ટમાં પડકારવા માટેના નિર્ણયને વચગાળાનો સ્ટે આપવાની વિનંતીને પણ માન્ય નહોતી કરવામાં આવી. જો અરજીકર્તાને પ્રોજેક્ટ રોકવા માટે પરવાનગી આપવામાં આવે તો પ્રોજેક્ટ પૂરો કરવામાં મોટું જોખમ ઊભું થશે, એવું જણાવીને કોર્ટે રહેવાસીઓને જગ્યા ખાલી કરવા અંગેની નોટિસ અને આદેશમાં હસ્તક્ષેપ કરવાનું નકારી દીધું હતું. ■

## મુંબઈ એરપોર્ટના બે રનવે નવમી મેના રોજ છ કલાક માટે બંધ

મુંબઈઃ મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ એરપોર્ટના બે રનવે નવમી મેએ ચોમાસા પહેલાની જાળવણીના કામકાજ માટે છ કલાક માટે બંધ રાખવામાં આવવાનું છે. મુંબઈ એરપોર્ટ પર નવમી મેએ સવારે અગિયાર વાગ્યાથી સાંજે પાંચ વાગ્યા સુધી આમ છ કલાક માટે એરપોર્ટના બે રનવે બંધ રહેશે.

એરપોર્ટ પ્રશાસન દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ રનવે ૦૯/૨૭ અને રનવે ૧૪/૩૨ને નવમી મેએ જાળવણીના કામ માટે બંધ રાખવામાં આવવાનો છે, જેને લીધે એરપોર્ટ પરના બે રનવે બંધ રાખવામાં આવવાના છે. આ બાબતે ડિસેમ્બર મહિનામાં જ વિમાન કંપનીઓને જણાવવામાં આવ્યું હતું જોકે આ કામકાજને લીધે ફલાઇટ સેવા અને પ્રવાસીઓને કોઈપણ તકલીફ આવશે નહીં એવો દાવો પ્રશાસન દ્વારા કરવામાં આવ્યો છે. આ એરપોર્ટનો વિસ્તાર ૧,૦૩૩ એકરની જમીન પર પસરેલો છે. આ જાળવણીના કામમાં માઈક્રો ટેક્સચર અને મેક્રો ટેક્સચર વેઅર એન્ડ ટિયર માટે રનવેની સપાટીની તપાસ કરવામાં આવશે. આ કામને લીધે એરપોર્ટનું એરસાઈડ સ્ટ્રીપને મજબૂત બનશે, એમ એક અધિકારીએ કહ્યું હતું. ■

### રામનવમીની યાત્રા આ વખતે શાંતિપૂર્વક નીકળશે?

## કાયદો-વ્યવસ્થા જાળવવાની ખાતરી કરવાનો હાઇ કોર્ટનો આદેશ

મુંબઈઃ દર વર્ષે રામનવમી દરમિયાન શહેરમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ઊભી થતી હોય છે અને રામનવમીની યાત્રા પર પથ્થરમારા અને હુમલા જેવી ઘટનાઓ સામે આવતી હોય છે. જોકે, આ વખતે રામનવમી દરમિયાન શહેરમાં કાયદા અને વ્યવસ્થાની કોઇપણ પ્રકારની પરિસ્થિતિ ઊભી ન થાય તેની ખાતરી કરવાનો આદેશ બોમ્બે હાઇ કોર્ટે મુંબઈ પોલીસને આપ્યો હતો.

ખાસ કરીને મુંબઈના સંવેદનશીલ વિસ્તારોમાં રામનવમીની શોભાયાત્રા, રેલી કે કાર્યક્રમોને પગલે કોઇ અનિચ્છનિય ઘટના ન બને તેની ખાતરી કરવાનું બોમ્બે હાઇ કોર્ટે મુંબઈ પોલીસને કહ્યું હતું. આ ઉપરાંત જસ્ટિસ રેવતી મોહિતે ડેરે અને મંજુશા દેશપાંડેની બેન્ચે મીરા રોડમાં વિધાનસભ્ય દ્વારા આપવામાં આવેલા ભડકાઉ ભાષણની તપાસ કરી જો કોઇ કાર્યવાહી કરવાની જરૂર હોય તો કાર્યવાહી કરવાની સૂચના પણ આપી

(જુઓ પાનું ૪) ▶▶

### હાઈ કોર્ટે લીધો મહત્ત્વનો નિર્ણય

## બળાત્કારપીડિત સગીરાને ગર્ભપાત કરાવવા માટે નકારી દીધું

મુંબઈઃ સગીર વય ધરાવતી બળાત્કારની પીડિતાને ગર્ભપાત કરાવવા માટે હાઈ કોર્ટે નકારી દીધું છે. ૨૮ અઠવાડિયાંનો ગર્ભપાત કરતા સમયે જીવંત બાળક જન્મ થવાની શક્યતા હોવાનો અહેવાલ ડોક્ટરોએ આપ્યો છે. ગર્ભપાતને મંજૂરી આપી શકાય એમ નથી, એવું કોર્ટે જણાવ્યું હતું.

ગર્ભપાતને મંજૂરી આપવી, એવી માગણી કરનારી અરજી પીડિતની માતાએ કરી હતી. ન્યાયાધીશ પ્રકાશ નાઈક અને ન્યાયાધીશ એન. આર. બોરકરની ખંડપીઠે આ માન્ય ન કરી. પીડિતાને પ્રસૂતિ પહેલાં અને બાદમાં જરૂરી તબીબી સારવાર આપવી, એવો આદેશ કોર્ટે રાજ્ય સરકારને આપ્યો હતો.

બનાવની વિગત મુજબ ૨૧મી માર્ચે પીડિતાની તબીબી ટેસ્ટિંગ કરવામાં આવી હતી. પીડિતાને ૨૮ અઠવાડિયાંનો ગર્ભ હોવાનું તપાસમાં સ્પષ્ટ થયું હતું. પીડિતાની વય ૧૫ વર્ષની છે. બળાત્કાર થયો ત્યારે સગીરા માનસિક તણાવમાં હતી. ગર્ભપાત કરવાનો તેને અધિકાર છે. માટે કોર્ટે મંજૂરી આપવી, એવી માગણી અરજીમાં કરવામાં આવી હતી. જોકે મનોધૈર્ય યોજના અંતર્ગત નુકસાન ભરપાઈ આપવામાં આવે, એવી માગણી અરજીમાં કરવામાં આવી હતી. આ માગણીને કોર્ટે માન્ય કરી હતી. ■

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
Tel. 022-48932230/ 8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨, દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**